
પડઘા
લેખક
દેસાઈ

આ લેખકનાં અન્ય પ્રકાશનો

રાષ્ટ્રપતિ સુભાષ બોઝ

મહાસભાના કર્ણધાર-
-મૌલાના આઝાદ

સમાજવાદ: સહકાર દ્વારા-
-સર્વોદય (છપાય છે)

આવતી કાલના ઘડવૈયા

લેખક

જગન્નાથ દેસાઇ

પ્રકાશક
શ્રી. ગીરધરલાલ ઠાકુર
નેશનલ પબ્લીશર્સ
મહેતા એજન્સી
ઠાકુરદ્વાર કોર્નર
મુંબઇ.

કિં. રૂા. ૧-૮-૦

Ye, young men, builders of to-morrow, march you ahead; trample us under your feet if we stand in your way, and lead the future generation to peace, liberty and love.

Romain Rolland

આ લેખકનાં અન્ય પ્રકાશનો

મૌલાના આઝાદ
રાષ્ટ્રપતિ સુભાષ બોઝ
સમાજવાદ અથવા સહકાર
દ્વારા સર્વોદય (છપાય છે)

મુદ્રક
મનુભાઈ અમૃતલાલ શેઠ
સ્વાધીન મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર

જે જેનું તે તેને

જેણે કંઈએ ન આપ્યું છતાં
ઘણું યે આપ્યું એવા—

સદ્‌ગત સાધુચરિત્ પિતાશ્રી
શ્રી જેશંકર જેચંદ દેસાઈને
આ અલ્પકૃતિ

સાદર ભાવે સમર્પણ.

અનુક્રમણિકા

આજ અને આવતીકાલ

મુંબઈની સુપ્રસિદ્ધ દૈનિક 'જયભારત'માં પ્રગટ થયેલી આ ચાલુ વાર્તાને હવે પ્રસ્તાવના તો શી ઘટે? પણ તેનું નામ જરા પ્રસ્તાવના માગી લે છે.

આજ અને આવતીકાલના અંતર તોડવાનો પ્રયત્ન વીરલાઓએ સૈકાથી કર્યો છે. પણ દિલ્હી દરવાજાને આગ લગાડવા જતા સૈનિકની માફક મશાલ હાથમાં જ રહી ગઈ ને અધવચ કંઈક મરી પરવાર્યા. એ મરજીવાઓની હારમાળાએ રસ્તાઓ ઉપરના જ્યોતિર્ધરનું (lamp posts) કામ કર્યું, અને કંઈક કોડીલા નવજુવાનોને એ માર્ગે જવાની પ્રેરણા આપી, મરવાની તમન્ના આપી; તોયે દિલ્હી હજી દૂર રહ્યું છે. અંધકારના ઘેરા વાદળનો છેલ્લો પટ હજી તૂટયો નથી, ધવલ હિમગીરીના ઉજ્વલ શિખર કાંચનગંગાના છેલ્લા દર્શન કરવાની ભૂખ એવીને એવી જ અતૃપ્ત રહી છે. પણ અતૂટ આશારૂપી બ્હેનડ અને તનતોડ પુરૂષાર્થ રૂપી બાંધવની જોડલીના સાથથી એ કિલ્લો સર કરવાના આપણા મનોરથો હજુ ઊભા જ છે.

આજે અંધકારની ઘોર નિશા વર્તે છે. આપણી છૂટી છવાઈ મશાલોથી અંધકાર ઉલેચાતા નથી, પણ આજની રાત પછી આવતી કાલનો સૂર્યોદય ઉગવાનો છે એની ખાત્રી ન હોત તો સર્વ પુરૂષાર્થ અશક્ય બનત. આજે લોકો દુઃખ, રોગ, ભય, ત્રાસ, ગુલામી અને ભૂખમરાથી પીડાય છે. પણ આશ્રયસ્થાન અને વિસામો હવે દૂર નથી એમ લલચાવી મહાપુરૂષો મરતી પ્રજાને પરાણે ચલાવી રહ્યા છે. **એ આવતી કાલ કેવીક હશે?**

જ્યાં વ્યક્તિના વ્યક્તિત્વનો પુરો સ્વીકાર થયો હશે. પછી તે પુરૂષ સ્ત્રી કે બાળક હો. મજૂર, ભંગી કે રાજા હો.

જ્યાં વ્યક્તિ માત્ર એક સંચો કે યંત્ર નહિ ગણાય.

જ્યાં નાત, વર્ણ કે રંગના ભેદો ગૂંગળાવતા નહિ હોય.

જ્યાં કેળવણીને લાયક નાના બાળકો અસહ્ય ગંદકી, ગુલામી ને મજૂરીમાં સબડતા નહિ હોય.

જ્યાં મજૂરો અને ખેડુતો કાળજાંતૂટ મજૂરી કરી તૂટી જતા નહિ હોય.

જ્યાં સર્વત્ર બેકારીનો હાઉ ઝઝુમતો નહિ હોય.

જ્યાં ખોરાક, કપડાં, મકાન અને કેળવણી હવા અને પાણી જેટલાં સહુને સહજ પ્રાપ્ય હશે.

જ્યાં બાળકો માટે ઠેર ઠેર ક્રીડાંગણો, બાળમંદિરો અને પોષણ ગૃહો હશે.

જ્યાં સ્ત્રીઓ એ પુરૂષની મિલ્કત કે દાસી નહિ પણ પ્રેરણામૂર્તિ દેવી અગર સમાન હક્કધારી સાથી, સહચારી કે મિત્ર ગણાશે.

જ્યાં શ્રીમંતો અને રાજાઓ પોતાના પૈસા અને સત્તાના ઝેરીલા વાતાવરણમાં પોતાના જીવન સર્વસ્વને દફનાવતા નહિ હોય.

જ્યાં માનવવ્યવહાર હરિફાઇનો ધોરણે નહિ પણ સહકારના ધોરણે ચાલતો હશે.

જ્યાં જેલો અને લશ્કરોને ઠેકાણે સુધારણાગૃહો, ઉદ્યાનવિહારો અને ધાન્ય અને ફળોથી લચી રહેલાં ખેતરો હશે.

આવી એ આવતી કાલને સિદ્ધ કરવા સર્વ પુરૂષાર્થ ઓછો ગણાય.

બીજાને દુઃખી કરી પોતે સુખી થવાની ઇમારત કંઇક પ્રજાઓએ અને વ્યક્તિઓએ આજ સુધી બાંધી જોઈ છે. અનુભવે એ ઇમારતોના પાયા પોકળ જણાયા છે. એમાંથી કેવળ દુઃખની પ્રાપ્તિ જણાઈ છે.

હવે જગતે પોતાનું સુકાન ફેરવ્યું છે. સુખ પ્રાપ્ત કરવાનો એક જ રસ્તો છે. બીજાને સુખી કરીને જ માણસને સુખની પ્રાપ્તિ થઈ શકે છે. અન્યથા નહિ. પોતાની પ્રવૃત્તિના પાયા લોકોની હીનવૃત્તિ ઉપર બાંધતા માણસોને મનુષ્યની સદ્‌વૃત્તિના ઊંડાણની ખબર નથી. પત્થરનું પેટાળ જ્યારે ફૂટે છે ત્યારે પાણીનો ઝરો તેમાંથી અનંત વહાજ કરે છે. નાળિયેરના ઉપલા છીલકાં ·અને કવચથી થાકીને પડતું મૂકનાર માણસને અંદરના મિષ્ટ જળ તેમજ કોપરાની પ્રાપ્તિ કયાંથી થઈ શકે?

આના પાત્રો કંઈક એકમાર્ગી છે એ સાચું. તેમને પ્રેમ કરવાની કે જીવનના બીજા લ્હાવા માણવાની ફુરસદ નથી, મરેલાની પાછળ રોવાની યે ફુરસદ નથી. વેગબંધ વહેતો એમનો કર્મપ્રવાહ નથી. પણ આ બધું હું વાચકને સોંપું છું.

મશહુર નાટયકાર બર્નાડશોએ એક ઠેકાણે લખ્યું છે કે Those who don't know teach others જેને લડવાની તમન્ના હોય તેણે બીજાને શીખવવા ન બેસવું જોઈએ. તેણે કરી બતાવવું જોઈએ. એટલે કશાયે ખાસ આનંદ વગર આ પુસ્તક હું રજૂ કરું છું. કાળના પ્રવાહમાં તે ટકવું હોય તો ટકે કે લુપ્ત થવું હોય તો લુપ્ત થાઓ—જેવી તેની લાયકાત.

આ નવલકથાને દૈનિક 'જયભારત'ના હજારો વાંચકો સમક્ષ રજૂ કરવાની તક આપવા માટે મારા મિત્ર શ્રી ખંડુભાઇ દેસાઇ (તંત્રી 'જયભારત') નો પણ આ સ્થળે આભાર માનવો ઘટે છે.

પ્રુફ સુધારણા માટે ભાઈ મંગળે ઉઠાવેલ પરિશ્રમની નોંધ અત્રે આવશ્યક છે.

વિલેપાર્લે
૧ : ૨ : ૪૧

જગન્નાથ દેસાઈ

પ્રકરણ પહેલું

પ્રસ્થાન

છીના શેઠની પોળમાં એ ગરીબ વિધવા જસોદાને સહુ કોઈ ઓળખતું. પાંત્રીસેક વર્ષની ઉમ્મર છતાં શેરીના નાના છોકરાંઓ તો તેને જસુમા તરીકે જ બોલાવતાં. સશક્ત શરીર અને હસતું મોઢું તેનાં દિલની દિલાવરી બતાવતાં. ગજવે ગરીબ છતાં જરુર પડયે આડોશી પાડોશીને મંદવાડમાં જસોદા જ કામ આવતી. સામાન્ય રીતે અતિ દુઃખીના દિલ સંકોચાઈ જાય છે. પણ ભરજુવાન વયે વિધવા થયેલી જસોદા એનો અપવાદ હતી. ગરીબી અને વૈધવ્યની વલોવી નાખતી વેદનાએ એના હૃદય રસને સુકવી નાખવાને બદલે બીજા પ્રત્યે અનુકંપાનો ઝરો વહેતો મૂકયો હતો.

રાધનપુર ગામ હજી નાનું હતું. દળવાની મિલો હજી બહુ પ્રચારમાં આવી નહોતી. મિલમાં લોટ દળાવવાની ટેવ બહુ પડી નહોતી. હોટલમાં ખાવું કે મિલમાં લોટ દળાવવું એ હલકા 'વરણ'નું કામ ગણાતું. એટલે જસોદા અને તેના એકના એક પુત્ર રમણના નિર્વાહ જોગું કામ જસોદાને મળી રહેતું. જસોદાના હાથ અને ઘંટી સાજાં રહે ત્યાંસુધી પોતે બેપરવા હતી. સવારના સાતનો વખત હતો. જસોદા પોતાના હાથ અને મોઢા ઉપરથી લોટ ઝટકારતી આંગણામાં ઊભી હતી. શ્રમ અને પરસેવાને લીધે વસંતના પ્રાતઃવાયુની લહેરો તેને વધુ સુખદ લાગતી.

'બા, તેં દળી લીધું ? આજ તો બહુ જલદી ?' કહેતો રમણ ઘરમાં દાખલ થયો. કિશોરાવસ્થામાંથી કુમાર થતાં રમણને હજી મૂછનો દોરો ફુટયો નહોતો. ગૌરવર્ણ અને ઘાટીલા મોંનો વારસો તેની માતા તરફથી તેને મળ્યો હતો. પ્રૌઢ માતાના શીતળ છત્ર નીચે તેને તંગીના વાયરા બહુ નડ્યા નહોતા. આંખો તેજસ્વી હતી.

'હા, બેટા, સાકરચંદ શેઠને ત્યાંથી આજ ફકત દાળજ દળવા આવી હતી, તેને ત્યાં આજ કોઈ મહેમાન છે.'

'મને પણ ત્યાંજ આજે જમવાનું નિમંત્રણ છે. મેં ઘણી ના પાડી પણ મગન માન્યો નહિ.'

સાકરચંદ શેઠનો પુત્ર મગન રમણનો સહાધ્યાયી હતો. રમણ અભ્યાસમાં ખૂબ તેજસ્વી હતો અને મગનને તેની દોસ્તી ઠીક ઉપયોગી થઈ પડતી.

'ભલે, તારી ઇચ્છા હોય તો જજે. મગનનો તારી પર ઠીક ભાવ છે.'

'પણ બા, તું આમ પારકા દળણાં કયાં સુધી દળ્યા કરીશ, મારાથી આ જોયું જતું નથી.'

'જો બેટા, કાંઈક કામ તો સંસારમાં કરવું જ જોઈએ : મને દળવું ફાવી ગયું છે એટલે હું દળું છું. તું મોટો થઈને ભલેને મોટી સેવા કરજે.'

'પણ બા, તેં ઘણા દી દળ્યું. દસ વરસ થયાં ઘંટી તારા હાથમાંથી છૂટતી નથી. હવે તો તું આરામ લે અને મને કામે જવા દે.'

'હજી તારે વાર છે, દીકરા, કાચા ફળ એમ વેડાતાં હશે? તારા બાપ કેટલા સંસ્કારી હતા, એની તને કયાંથી ખબર હોય ? એ

અવાર નવાર કહેતા કે દરેકે પોતાની મહેનતનું વળતર સમાજને આપવું જ જોઈએ.'

'તો બા, આ સાકરચંદ શેઠ સમાજને શું વળતર આપે છે ? એ વળતરનો નિયમ નાનાંને અને ગરીબને જ લાગુ પડે છે કે બધાંને ?'

ચકોર માતા સમજી ગઈ કે પુત્રને વધુ વાર પોતાના મનોરાજ્યમાં સમાવી રાખવો મુશ્કેલ છે. સામાજિક અન્યાય અને અસમાનતાનું પુત્રને ઝાંખુ દર્શન થવા લાગ્યું છે. પુત્રના કુમાળા મગજ ઉપર સમાજવાદના ધસમસતા વિચાર બળોની આછી છાપ પડવા લાગી છે.

'રમણ, તું તારો અભ્યાસ પૂરો કરી લે, પછી એ વિચારો કરવાનો, કામ કરવાનો તને ઘણો વખત મળશે.'

વહાલસોઇ માતાએ રમણના વાંસે હાથ ફેરવ્યો. એ હાથમાં કેટલો પ્રેમ હતો એની મીમાંસા કોઈ પૃથક્કરણશાસ્ત્રી આજ સુધી કરી શક્યો નથી. વૈદકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્રના અનેક ચમત્કારો આજ સુધી સંભળાયા છે, પણ માતાની પ્રેમ ભરી દૃષ્ટિમાં એના ખરબચડા કે કરચલીવાળા હાથો દ્વારા કેટલી પ્રેમની વૃષ્ટિ થાય છે. એની શું અસર થાય છે, એનું માપ માનસશાસ્ત્રીઓને પણ મળ્યું નથી. એ માપનારાને કોઈ ગજ મળ્યો નથી. એમાં જ એનું મહત્વ છે, રસ્તાની ભિખારણ હોય કે રાજ રાણી હોય છતાં માતૃત્વનો પ્રેમ-ભંડાર તો એટલો ને એટલોજ પૂર્ણ હોય છે.

'પણ બા હવે મારા અભ્યાસ ખાતર તને મહેનત કરી તૂટી જતી જોવા હું તૈયાર નથી. મારી ઉમ્મરના બીજા કેટલાયે છોકરાઓ ધંધા કરે છે. કોઈ ફેરી, તો કોઈ દુકાને.'

'ઠીક, એ થોડા પછી ઘડજે, હમણાં તું દૂધ તો પી લે.'

'ના, મને ચોખ્ખો જવાબ દે, પછી બીજી વાત. જો અહીંથી કસળચંદ મામાની ભલામણ ચિઠ્ઠી લખાવી મારે દેવનગર જવાનો વિચાર છે. દેવનગર મોટું શહેર છે, એટલે ત્યાં કાંઈને કાંઈ કામ મને જરૂર મળી રહેશે.' રમણની આંખોમાં ઉત્સાહ અને આશાનું તેજ પ્રકટ્યું.

'ભલે, ભલે મારા લાલ, પણ તું હજી આ ઉમ્મરે શું કામ કરી શકીશ એ મને સૂઝતું નથી. વળી હજી તારી પરીક્ષા પણ બાકી છે. એ પતે ત્યારે વાત છે ને ?'

'મહિના દિવસ પછી પરીક્ષા છે. પણ હવે મારે આગળ ભણવું નથી. કામ કરતાં કરતાં જેટલું ભણાય તેટલું ભણીશ.'

સંસારની શરતમાં પોતાના પુરુષાર્થનો ઘોડો કૂદાવવા થનગની રહેલા રમણના દિલમાં કંઈક ભાવોનો ભંડાર ભર્યો હતો. જીવન સરિતાને ઊંબરે ઊભેલા નવયુવકને ઓછીજ ખબર હોય છે કે એકની જીતની પાછળ હજારોના પરાજયનો ઈતિહાસ દટાયેલો હોય છે ? સંસારના રણક્ષેત્રમાં કીર્તિ ધન અને બીજી અનેક વસ્તુઓ માટે જીવ સટોસટની શરતો દોડાય છે, ઝૂઝનારા પડતા આખડતા આગળ જાય તે પહેલાં વચમાં કંઈક પાળિયાઓ થાય છે. કંઈકને તો જગત યાદ પણ નથી કરતું. જીતેલાને પણ જગત વાહવાહનો નાદ બે ઘડી પહોંચાડી પોતાના વિસ્મરણ–સાગરમાં લુપ્ત કરી નાંખે છે.

માતાએ જોયું કે હવે થનગનતા ઘોડાને ખેતરો કૂદવા મોકલવો જ જોઈએ. માતાની સ્રૈણ વૃત્તિને પુત્ર પોતાની હૂંફથી અળગો થાય એ ભાગ્યે જ ગમે છે. આંખોમાં ઝળઝળિયાં આવતાં મહા મુશ્કેલીએ તેણે રોક્યાં.

'હજી મહિનાની વાર છે ને ! ઠીક પણ તું કરીશ શું ?'

'પહેલું તો તારું આ વૈતરું અટકાવવા જેટલું કમાઈશ, પછી જે સૂઝશે તે. તેં વખતો વખત શિખામણ આપી છે એ અફળ નહિ જવા દઉં.'

જસોદાનો પતિ શિક્ષક હતો. વાંચનશીલ અને અભ્યાસી હતો. પત્નીને પણ પોતાની સાથે ગગનવિહારમાં ખેંચવાને સંસ્કાર આપવા તેણે પ્રયત્ન કર્યો હતો. પણ જસોદાના કમભાગ્યે મુકુંદરાય ઝાઝું જીવ્યો નહિ. ટૂંક વખતની જીવલેણ બિમારીને વશ થઈ જસોદા અને પાંચ વર્ષના રમણને અસહાય અને નિરાધાર મૂકીને ચાલ્યો ગયો. સ્વમાની જસોદાએ કોઈનો ઓશિયાળા રહેવું પસંદ ન કર્યું. શરુઆતમાં થોડી ઘણી મિલકત વેંચી ઘરમાં નિભાવ કરવાનું ચાલુ કર્યું, પણ ગરીબ શિક્ષકના ઘરમાં એવી શી મતા ભરી હોય કે એ લાંબું ચાલે? જસોદાએ થોડું ઘણું બીજાનું કામ લેવાનું શરૂ કર્યું, પણ પુત્રની કેળવણીમાં કે ઉછેરમાં ઊણપ આવવા દીધી નહિ. આમ એ રાંક ઘરનું ગાડું સુખે દુઃખે ચાલ્યું જતું. સંધ્યાકાળે આખા જગતને પોતામાં સમેટી લેતાં મા દીકરો જ્યારે બેસતાં, ત્યારે સાયંકાળના આછા અજવાળામાં જસોદાને પતિની કંઈક સ્મૃતિઓ જાગૃત થતી અને પતિના ઉન્નત સંસ્કારોની છાપ પુત્ર ઉપર પાડવા મથતી. આમ રમણના જીવનમાં અનેક શુભ ભાવનાઓના બીજનું સિંચન થયેલું.

'ભલે દીકરા,' જસોદાની આંખો કંઈ પાછલી સ્મૃતિની યાદમાં ઊંડી ગઈ. જરા ઘોઘરા પણ ગંભીર અવાજે તે બોલી, 'મારી શીખામણ જેવું કાંઈ નથી. તારા પિતાનું નામ ઊજળું બનાવજે. એટલું બસ છે. લોકસેવાના કાંઈક મનોરથો તારા પિતાએ ઘડેલા, પણ એ ઝાઝું જીવ્યા નહિ. એ હવે પાર ઉતારવાનું કામ તારું' જસોદાની આંખો વિશાળ બની. તેના મુખ ઉપર અનેરા ભાવો ઝળકી રહ્યા.

'બેટા, તેં હજી દુનિયા જોઈ નથી, તને એમ જ લાગે છે કે તારી એક જસોદા માતાજ વૈતરું કરે છે, પણ એમ નથી. જરા અનુભવે તું જોઈશ કે આજે ઘેર ઘેર જસોદાઓ વૈતરૂં કરે છે. કંઈક

રમણો દૂધ વગર, કેળવણી વગર તરફડે છે. શ્રમજીવી સમાજ કાયા તૂટ મજૂરી કરતા છતાં પેટ પૂરતું અનાજ નથી મેળવી શકતો. આ ઘોરતમ પરિસ્થિતિમાં તારી માતાનું દુઃખ એ બહુ નજીવું છે.'

જસોદાના શબ્દોમાં એટલો વેગ હતો, એટલી તીવ્રતા હતી કે એ જાણે જસોદા નહિ પણ જગદ્‌માતા બોલતી હોય નહિ ! તેના રોમેરોમમાંથી માતૃત્વ ફૂટ્યું. દેહનું માતૃત્વ નહિ પણ જગતજનની જગદંબાનું પ્રેમ સ્વરૂપ. રમણ ત્યાં પુત્ર મટી ગયો. ભક્તિભાવે શબ્દે શબ્દ ઝીલી રહ્યો.

'બેટા જજે. પણ ઘેર ઘેર તારી જસોદા માતાઓ છે એ ન ભૂલતો. દેહ પૂરતી માતાને તો પશુ પણ પીછાણે છે. પણ માનવ-જીવનની મહત્તા એથી મુખ્યતર છે. આખી જનતાના હિતમાં તું જે કાંઈ પ્રયત્ન કરશે એ મારું હિત કર્યા બરાબર જ છે. રાંક દુઃખીનો ભેરુ થજે. બીજાના દુઃખની નિવૃત્તિમાં જ આત્યંતિક સુખ રહેલું છે એ કદી ન ભૂલજે.'

'સંસારની શેરીઓમાં સત્ય વીરલાને લાધે છે. કંઈક પ્રયત્નની અધવચ્ચ તૂટીને આથમી ગયા. પણ બેટા, પ્રયત્ન કદી અફળ જતો નથી. તારો પુરુષાર્થ તને પાર ઉતારશે.'

રમણ માતા સામે એકીટસે જોઈ રહ્યો. રોજની સાદી અને રાંક માનું તેણે આજ ભવાની સ્વરૂપ જોયું. રમણે શિવાજી થવાનો દ્રઢ નિશ્ચય કર્યો. માતાના મુખ ઉપર દિવ્યતાની ઝલક છવાઈ રહી હતી. ઊગતા સૂર્યના આછાં કિરણોએ તેની કાંતિમાં ઓર વધારો કર્યો. ઘડીભર મૌન સ્થપાયું, ત્યાં તો પાસેના મંદિરમાંથી પૂજારીના શંખનો નાદ સંભળાયો. જાણે વિજય પ્રસ્થાનની તૈયારી હોય.

પ્રકરણ બીજું

પારસમણિ

રાધનપુર સ્ટેશન છોડીને ટ્રેન ધસમસાટ આગળ જતી હતી. નાના માનવીઓને જાણે જીવવાનો હક્ક ન હોય તેમ નાના સ્ટેશનોની ઉપેક્ષા કરતી આગળ વધતી જતી હતી. ત્રીજા વર્ગના એક ડબ્બામાં રમણ આડે પડખે પડયો-હતો. હમણાં જ ઘર વિષે તેમ જ સુના ઘરમાં એકલી રહેલી માતાના ખ્યાલોમાં તેનું મન લીન હતું. હૃદયની વેદના અંદર છુપાવી માતાએ હસતે મોઢે વિદાય આપી હતી એ રમણથી અજાણ્યું નહોતું રહ્યું. પણ એની મનોસૃષ્ટિમાં ઓચીંતો ભંગ થયો.

'ચાએ ટાળ્યું શીરામણ, ઘડિયાળે ટાળ્યું ઘરાણું, બીડીએ ટાળ્યો હોકો, ત્યાં મારે કોનો કરવો ધોખો–' એક માગણ બોલતો હતો. શબ્દોના પ્રાસ મેળવી લોક જીવનની ટેવો ઉપર બોલતો હતો. અને વળી પાછું 'ભાઈઓ એકગણું દાન ને સહસ્ત્રગણું પૂન્ય' એમ કહી શ્રોતાઓને મોક્ષ માર્ગની દોરી બતાવતો હતો. 'સાચું કે' છે, ભાઈ સાચું કહે છે.' બે ચાર પટેલીઆએ પોતાની અનુમતિ બતાવી. 'હવેનો જમાનો ફરી ગયો, અસલી જમાનો કાંઈ થાવો છે?'

'એમાં વળી આ ગાંધીવાળાએ દાટ વાળ્યો' એક સનાતની લાગતા ગૃહસ્થે પોતાની વરાળ ઠાલવી.

રમણના ઊછળતા લોહીને જવાબ આપવાનું મન થયું ત્યાં તો ડબ્બામાં એક વાળ ઓળેલ જુવાન દાખલ થયો. હાથમાં હેન્ડબેગ હતી. કોઈ દવાની પ્રસિદ્ધિ અને કરામત ઉપર તેમણે વકતૃત્વ ચાલુ કર્યું. 'મહેરબાન સાહેબો અને ગૃહસ્થો'થી માંડીને 'દર્દ ન મટે તો પૈસા પાછા, ખોટું સાબિત કરી આપનારને એકસોએક રૂપિયા ઇનામ'ની જાહેરાત તેણે અનેક વખત કરી.

ખૂણામાં બેઠેલ એક સન્યાસી તરફ રમણની નજર ગઈ. સાડત્રીસેક વરસના લાગતા આ શાંત સન્યાસીના મોઢા ઉપર કોઈ અનેરું તેજ વિલસતું હતું. વિશાળ ભાલ, મોટી આંખો અને તીક્ષ્ણનાક એની બુદ્ધિમતાનો પ્રભાવ સૂચવતાં. ભગવી લૂંગી, પહેરણ ઉપર પંજાબી સાફો એના સુકા શરીરને ઠીક ઓપાવતાં હતાં. દવાવાળા જુવાનનું ભાષણ સાંભળી તેના મુખ ઉપર કંટાળાની કંઈક કરચલીઓ આવી ગઈ. તેમને કંઈક વિચારો આવી ગયા.

'મોટર હાંકનારને લાઇસિન્સની જરૂર પડે છે, તો ભાષણ કરનારને, લખનારને લાઇસન્સ વગર શા માટે લોકોને હેરાન કરવાની છૂટ રહેવી જોઈએ? લોકોની ઇંદ્રિયોને, આંખ કાનને, આ લોકો વણ બોલાવ્યા શા માટે પોતાની કળાનો લાભ આપતા હશે?'

લોક હિતાર્થે જરૂર પૂરતું જ બોલવું, જરૂર પૂરતું જ લખવું અને સાંભળવું એવા વ્રતધારી આ સંયમશીલ સન્યાસીને વૈખરીનો વલવલાટ અસહ્ય લાગ્યો. વાણી અને કલમ બન્ને શક્તિ છે. સંયમની પાળમાં રોકવાથી એ શક્તિનું અમોઘશસ્ત્ર બનાવી શકાય છે. પોતાની આ જીવન-દૃષ્ટિ સામાન્ય સમાજને શી રીતે આપી શકાય એ વિચારમાં સન્યાસી પડયા.

દવાવાળાના ભાષણથી કંટાળેલા રમણને આ સન્યાસીની વિચારશીલ મુખમુદ્રા તરફ કયારનું આકર્ષણ થતું હતું. ત્યાં વચમાં એક

સ્ટેશને ગાડી ઊભી રહી અને સન્યાસી પાસે બેઠેલા બે ત્રણ પટેલીઆ ભોળેભાવે સન્યાસીને પ્રણામ કરી તે સ્ટેશને ઊતરી ગયા. એટલે રમણ સંન્યાસી પાસે આવી બેઠો. સન્યાસીના ખાદીના કપડાં જોઈ તેને વધુ માન અને કુતૂહલ ઉપજ્યાં. વાતની શરુઆત કરી.

'મહારાજ, દેવનગર હવે કેટલા સ્ટેશન પછી આવશે ?'

'દેવનગર તો ઠેઠ રાતે ગાડી પહોંચશે. તમારે દેવનગર ઊતરવું છે કે શું ?' 'સન્યાસીએ સામો પ્રશ્ન પૂછ્યો.

'હા, મારે દેવનગર જવું છે.'

'પે'લીવાર જ જતા લાગો છો. કોને ત્યાં ઊતરશો?' સન્યાસીને આ અજાણ્યા પણ નિખાલસ લાગતા નવયુવક પ્રત્યે ભાવ ઉપજ્યો.

'રાત્રે તો કોઈ ધર્મશાળામાં ઊતરીશ. સવારે મારી પાસે ભલામણ ચિઠ્ઠી છે તે લઈને માધવદાસ વીરજીની પેઢીમાં જઈશ.'

'રાત્રે ધર્મશાળામાં ક્યાં જશો ? મારા આશ્રમમાંજ ઊતરજો ને!' સન્યાસીથી વગર પરિચયે આમંત્રણ અપાઈ ગયું.

'આપનો આશ્રમ ?'

'હા, લોકો એને અભય આશ્રમ તરીકે ઓળખે છે, નદી કાંઠે જ આવેલો છે.'

આશ્રમ અને ગુરુકુળ શબ્દોની છાપ રમણના સંસ્કાર–શ્રમ મન ઉપર તુરત ઊઠતી. તેમાં વળી સન્યાસીનું તેજસ્વી વ્યક્તિત્વ તેને ખેંચવા લાગ્યું.

'હા, એ તો મને બહુ જ ગમે' ભોળે ભાવે રમણે કહ્યું. વિદ્યાર્થી અવસ્થામાંથી તરતના નીકળેલા તેના મનને આશ્રમ અને ગુરુકુલનું આકર્ષણ ઓછું નહોતું.

પછી તો રમણે પોતાની માતાની, પોતાના આદર્શોની, ઇચ્છાની બધી વાતો હૈયામાંથી ઠાલવવા માંડી, અને વૈરાગી જણાતા આ સંન્યાસીએ એટલી બધી સહાનુભૂતિપૂર્વક સાંભળી કે ટૂંક પરિચયમાં તો બન્ને કુટુંબી જેવા બની રહ્યા. વાતોમાં સાંજ પડવા આવી, ગાડી ઘણા સ્ટેશનો વટાવી ગઈ. અઢાર વર્ષના રમણ અને સાડત્રીસ વર્ષના સન્યાસી બેને મેળ ઠીક જામ્યો.

'પણ રમણ, તને ખબર છે કે એ કેટલું ભગીરથ કામ છે.'

'એને સિદ્ધ કરવા હું બધું ફના કરવા તૈયાર છું.'

'માત્ર ફના કરવાથી કશું નહિ વળે, વર્ષોનું તપ જોઈએ, તીવ્ર પુરુષાર્થ જોઈએ.'

'એ બધું કરીશ, ગુરુદેવ.'

'મૂંગા મૂંગા રેંસાવાની તૈયારી જોઈશે, માત્ર લાકડે ચડી ખપી જવાની સિપાઈની બહાદુરી નથી જોઈતી.'

'મહિના દિવસ પહેલાંની એક સાંજે માતાએ કહેલ શબ્દો રમણને યાદ આવ્યા. પોતાના જીવનકાર્યને ચીંધતી માતાનું જગદંબા સ્વરૂપ તેની નજર સમક્ષ તરી આવ્યું. તેને લાગ્યું કે માતાએ જે પ્રેરણા આપી છે તેને જ કસવાનાં આ સ્વામી પ્રયાસ કરી રહ્યા છે.

તેના પુરુષાર્થનો પુરુષત્વનો હુંકાર પ્રગટી ઉઠયો. કોઈ મરજીવાને છાજે તેવી બેપરવાઈથી તેણે કહ્યું.

'સ્વામીજી, મારી માતાએ જે કહ્યું તેજ આપ બીજા રૂપમાં કહી રહ્યા છો. કહેવા કરતાં કસી જોજો.'

કંઈક જુવાનોને જીવન આદેશ આપનાર આ વિચક્ષણ સન્યાસીએ જોયું કે સંસારની ભોગ-લાલચોથી અનભિજ્ઞ એવા આ

રમણને ભોગોના બળનું ભાન નથી. પણ હીરા પારખુએ જોયું કે કુંદન તો સાચું છે. હીરા ઉપર પહેલ પાડવાનો તેણે મનથી નિશ્ચય કર્યો. ચકમક અને લોઢું ભેળાં થાય ત્યારે ચીનગારી પ્રગટયા વીના રહી છે?

સંન્યાસી પોતાના સ્વપ્નાની સિદ્ધિમાં અને રમણ પોતાના ભાવી જીવનની કલ્પનામાં, એમ બન્ને વિચાર–સાગરમાં લીન થઈ ગયા. ત્યાં રસ્તાની વાટ ખૂટાડવા એક ભિખારીએ પોતાના તંબુરા સાથે ભજન શરુ કર્યું.

ઝેર પીધા જાણી જાણીને, મેવાડારાણા
ઝેર પીધાં જાણી, જાણીને;

સુખડાંની શોધમાં જગત તો ભડકે,
દુઃખડાં વધાવે એવા વીરલા,

મેવાડારાણા, ઝેર પીધાં જાણી જાણીને.
વહેતા તે પૂરમાં હોડી સૌ હાંકે,

સામે ધસે તે છાતી–શૂરા
મેવાડારાણા –ઝેર૦

સમજ્યે બીનસમજ્યે ભજનના કેફમાં ડબ્બાના ઉતારૂઓ માથું ડોલાવવા લાગ્યા. ડબ્બામાં તદ્દન મૌન છવાઈ રહ્યું હતું. આ પાર્થિવ સંધ્યાના ઘેરા મૃદુ વાતાવરણમાં આ ભજને રમણના હૃદયકમળની બધી પાંખડીઓને હલાવી.

'જય ભારત, સમાચાર, ફેન્સી રમકડાં' વિગેરે અવાજોએ તેની ભાવ–તંદ્રામાંથી તેને જાગૃત કર્યો. ગાડી દેવનગરના સ્ટેશને ઊભી રહી. માણસોની ભીડનો કોલાહલ વધ્યો. ત્યાં તો ખાદીમાં સજ્જ થયેલા બે યુવાનીઆ ત્યાં ધસી આવ્યા.

'તમે લેવા ન આવ્યા હત તો હું ભૂલો ન પડત.' સ્વામીએ તેમને જોઈને ટકોર કરી.

'ભૂલા પડી જાવ તો તમને ગોતવા ક્યાં ?' એમ કહી હસતાં હસતાં વગર પૂછ્યે સ્વામીજીની થેલી અને થોડાં પુસ્તકો લઈ આગળ ચાલવા માંડ્યું. જ્ઞાનાનંદે રમણનો હાથ ઝાલી રસ્તો સૂચવ્યો.

પ્રકરણ ત્રીજું

અભય આશ્રમ

રેણુ નદીના જળ ખળભળ વહી જતા હતાં. કાંઠે જ ટેકરી ઉપર જ્ઞાનાનંદ સ્વામીનો અભય આશ્રમ આવેલ હતો. આંગણાંમાં નાનો બગીચો હતો. લીંબડાના બે મોટાં વૃક્ષો આગળ અને પાછળ આંબાના બે ઝાડ તથા કૂવો હતો. ત્રણ ખંડ એકી સાથે પુર્વાભિમુખ હતા. બંને બાજુ બબ્બે ઓરડા હતા. એક તરફ નાનું દવાખાનું હતું. બીજી બાજુ ગૌશાળા હતી.

કેમ, રમણ, ઊંઘ કેવીક આવી? નદીએથી નાહીને આવેલ રમણને જ્ઞાનાનંદ સ્વામીએ પૂછ્યું.

'આવી શાંતિ અને સ્વચ્છતામાં એ પૂછવાનું હોય?'

'અરે ચમન, આ રમણ માટે દૂધ તો લાવ' મહારાજે પાસે ઊભેલા પરિચારકને કહ્યું.

ગૌશાળામાંથી તાજા દોહેલા દૂધનો કટોરો આવ્યો. રમણે તેને ઇન્સાફ આપ્યો.

'સ્વામીજી, રજા હોય તો હું ગામમાં જઈ આવું. માધવદાસ વીરજીની પેઢીમાં તપાસ કરતો આવું.'

દેવનગર ઠીક જામતું શહેર હતું. એનો વેપાર ધીકતો ફાલતો હતો. આજુબાજુના કંઇક ગામડાં ભાંગીને દેવનગરની મેડીઓ બંધાતી હતી. જ્ઞાનાનંદ સ્વામીએ પહેલ વહેલો જ્યારે દેવનગરમાં પગ મૂક્યો ત્યારની અને આજની સ્થિતિમાં ઘણો ફરક પડી ગયો હતો. તે વખતના ધૂળિયા રસ્તાઓને ઠેકાણે આજ ડામરના રસ્તા હતા. ઝાંખા બળતા મ્યુનીસીપાલીટીના ફાનસને બદલે વીજળી દીવાઓ ઝાકમઝોળ બળી રહ્યા હતા. ત્રણ મિલો ચાલતી ત્યાં આજે પંદર મિલોથી દેવનગર શહેર ધમધમી રહ્યું હતું.

શહેરની મોટરબસ અને ગાડીની ધમાલથી પોતાને સાચવતો રમણ મોતીચોકમાં આવેલ એક આલેશાન મકાન પાસે આવીને ઊભો. માધવદાસ વીરજીની કું., એક્સ્પોર્ટર્સ એન્ડ ઇમ્પોર્ટર્સ, વાંચી ઉપર ચઢ્યો.

'કેમ, કોનું કામ છે ?' એક આધેડ વયના ગૃહસ્થે પૂછ્યું.

'મારે શેઠને મળવું છે.' રમણે વિનયથી કહ્યું.

'શેઠ અત્યંત કામમાં છે; તમને મળવા તેમને વખત નથી' પોતાથી ચડિયાતા આગળ શ્વાનવૃત્તિ અને નબળા તરફ ઘૂરકીને બોલવાની વૃતિથી આ ગૃહસ્થ મુક્ત નહોતા. રમણે કશો જવાબ ન આપતાં ઓફિસના ઓરડાનું બારણું ખોલ્યું. અંદર સુસજ્જિત ટેબલ પાસે ચશ્મા ચડાવી એક મોટી ઉમરના માણસ કંઈ લખતા હતા.

'કેમ ભાઈ શું કામ છે?' અવાજમાં મીઠાશ હતી.

'હું રાધનપુરથી આવ્યો છું, કસળચંદ શેઠની ભલામણચિઠ્ઠી લાવ્યો છું.'

'લાવો જાઈએ' તેણે વાંચ્યું :

'શેઠશ્રીની સેવામાં,

આપણે જુદા પડયે ઘણાં વર્ષો થયાં છતાં તમે મને ભૂલ્યા નહિ હો, તેમ હું તમને પણ ભૂલ્યો નથી. મારા ભાણેજ રમણને તમારી પાસે મોકલ્યો છે, સાલસ અને મહેનતુ છોકરો છે. તમારી ધીકતી પેઢીમાં તમે તેને કયાંક ગોઠવી દેશો એ આશાએ તમારી પાસે મોકલું છું.

આ તરફનું કામકાજ લખશો. ઘણાં વરસો થયાં તમે વતન છોડયું છે. એક વાર તો આવો.

તા૦ ૫–૮–૩૯ રાધનપુર

લી૦ તમારો બાળમિત્ર,

કસળચંદના સ્નેહસ્મરણ.

માધવદાસ શેઠ અને કસળચંદ બન્ને લંગોટિયા ભાઈબંધ. રાધનપુરની શેરીઓ ખૂબ ખૂંદેલી. માધવદાસ શેઠની નજર સામે ભૂતકાળના સ્મરણો તરવા લાગ્યા, અત્યંત ગરીબી અને કરજથી છોડવું પડેલું રાધનપુર અને દેવનગરમાં ફેરીથી શરુઆત કરી દુકાન ખોલી હતી. અને પરદેશી માલ આયાત કરી દલાલી ખાવાનો કીમિઓ શોધી માલેતુજાર થયા હતા. અને હવે દેવનગરમાં જ મકાન લઈ કાયમી વસવાટ કર્યો હતો. રાધનપુર કદી ત્યારપછી ગયા ન હતા, પણ રાધનપુર વિષે તેમને હૈયામાં ખૂબ મમત્વ ભર્યું હતું. વતનથી દૂર રહેલાને વતનનું કૂતરું પણ કેટલું સંગપ્રિય લાગે છે!

'ઠીક, તમે શું કામ કરી શકશો?'

'તમે જે આપશો તે.'

'ભલે, કાલથી તમે આવજો. શરુઆતમાં તમને વીસ રૂપિયા પગાર આપશું. વખતસર અને પ્રમાણિકપણે કામ કરશો તો તેનો બદલો તમને મળી રહેશે.'

'પગાર તમારી ઇચ્છા પડે તે આપજો, કામમાં કસર નહિ આવવા દઉં.' રમણે ઉત્સાહથી કહ્યું.

'હમણાં રહેવા કરવાનું આપણે ત્યાં જ રાખજો.'

'ના, રહેવા કરવાનું તો હું જ્ઞાનાનંદ સ્વીમીના આશ્રમમાં જ રાખીશ.'

'અભય આશ્રમમાં ? તમને ખબર છે કે અભય આશ્રમ સરકારની આંખમાં કેટલો ખૂંચે છે ?'

'નાજી, પણ ખરેખર તેમ હોય તો તો અભય આશ્રમની લાયકાત સિદ્ધ થઈ ગણાય ?'

'આશ્રમ ઉપર અહીંના પોલીસ ખાતાની ચાંપતી નજર છે. તમે પણ તમારી શરૂઆતની જિંદગીમાં પોલીસની ડાયરીમાં નામ નોંધાવવાનું સાહસ શું કામ કરો છો ?' હૈયાના પોચા માધવદાસ શેઠની જીવનદૃષ્ટિમાં પૈસા કમાવાના પુરુષાર્થ સિવાય બીજા પુરુષાર્થને સ્થાન નહોતું. રમણના ઊછળતા લોહીને વ્યવહારુ ડહાપણના શાંત જળમાં તરવું શે ફાવે ! એને તો મહાસાગરના ઘુઘવાટ ભર્યા તાંડવમાં મહાલવું હતું. જેલ જઈ આવેલા સૈનિકોની મસ્તીની તેને ઘણીવાર અદેખાઈ આવતી. તેને પણ આ વાત સાંભળી હૈયામાં મીઠી ગલીપચી થવા લાગી.

'મને એની બહુ પરવા નથી. જ્ઞાનાનંદ સ્વામીના સહવાસ માટે હું બધું સહન કરીશ.'

'તમે મારા મિત્રની ચિઠ્ઠી લાવ્યા છો. નહિતર હું તમને રાખત નહિ.'

'આપને ન ફાવે ત્યારે ના કહેજો' ફાટી નીકળેલી બેકારીના! આ જમાનામાં આમ બોલવું એ રમણના બીન અનુભવને આભારી હતું એમ શેઠે માન્યું. પણ નોકરીની તલાસમાં શેઠના ઊંબર ઘસતા ઘણા યુવકો કરતાં રમણમાં શેઠે જુદું જ પાણી જોયું

પ્રવૃત્તિનો જન્મ માણસની સાહસ ખેડવાની વૃત્તિમાંથી થાય છે. પુરુષાર્થના વેગથી પ્રવૃત્તિ પાંગરે છે પણ એ ફુલેલી પ્રવૃત્તિના ભારથી કે ઉપરના અનુભવથી માણસ હળવે હળવે સ્થિતિચૂસ્ત થતો જાય છે. કંઈક કરતાં કંઈક થઈ જશે, આભના તારા તૂટી પડશે એવા ભયથી નવજુવાનોને રોકતા મીઠા, સ્નેહાળ છતાં સાહસભીરુ મુરબ્બીઓનો કોને અનુભવ નથી? એજ મુરબ્બીઓ પોતાની નવજુવાનીને યાદ કરતાં હોય તો? જેણે નવજુવાની માણી નથી એવા મુરબ્બીઓ જુવાનોના ચોકીદાર કે જેલરનું વણનોતર્યું અને અળખામણું પદ ભોગવે છે. જેણે જુવાની માણી છે, એ જુવાનોને સાંખી શકે છે, સમજી શકે છે પણ પ્રેરણા આપનાર વીરલા હોય છે. આવ્હાન આપનાર નેતા બને છે. પ્રેરણા આપનાર આચાર્ય બને છે.

'ભલે, હમણાં નહિ માનો એ અનુભવે જોશો.'

'સારું, ત્યારે જોયું જશે.'

'કાલથી અગિયાર વાગે આવજો અને મેં કહ્યું તેનો વિચાર કરી જોશો. અમારે તો તમારા કામ સાથે સંબંધ છે. એટલે મારા કરતાં તમારા હિતને જોઈને જ હું કહું છું.'

ઓફિસની બહાર મોટા ખંડમાં ત્રણચાર જુવાનો ચા નાસ્તાને ઈન્સાફ આપતા હતા. શેઠની કેબીનમાંથી નીકળતા રમણને જોઈ તેમને અટકળ કરતાં વાર લાગી નહિ કે રમણ પણ તેમનામાંનો

એક થવાનો છે. હસમુખા અને બેફીકરા જુવાનોએ તેને પોતાની વચ્ચે ખેંચ્યો.

'મને માફ કરો. હું ચા પીતો નથી.'

'કંઈ નહિ, દૂધ મગાવશું.'

'હમણાં જ અભય આશ્રમમાંથી દૂધ પીને જ આવ્યો છું.'

'જ્ઞાનાનંદ સ્વામીનો આશ્રમ?' એકે માનથી પૂછયું.

જ્ઞાનાનંદ સ્વામીના નામ માત્રથી ચારે યુવકોના મોઢા ઉપર ગાંભીર્ય અને માનની લાગણી છવાઈ રહી. માત્ર નામનો આ ચમત્કાર રમણ આશ્ચર્યથી જોઈ રહ્યો.

'જ્ઞાનાનંદ સ્વામી મુળ બંગાળના નહિ?' એકે પૂછયું.

'બંગાળી છતાં ગુજરાતી જેવા જ લાગે છે' બીજાએ કહ્યું.

'દસ વર્ષ થયાં દેવનગરમાં આશ્રમ નાખીને બેઠા છે, એટલે એમ જ હોયને!'

'શરૂઆતમાં તો કહે છે કે એ કોઈ જબ્બર ક્રાંતિવાદી હતા. બળવાખોર પ્રવૃત્તિના નાયક હતા. પોલીસ એમની શોધ પાછળ ચીત્તાગોંગના જંગલો રખડી આવી.'

'ત્યારે આમ શાંત યોગીની જેમ કયારથી બેઠા છે!' રમણનું કુતૂહલ વધ્યું.

'અહીં આશ્રમ નાખ્યા પછી બે વર્ષે પોલીસને ભાળ લાગી, ને કોઈ રાજદ્રોહી કેસમાં કાળાપાણીની સજામાંથી સ્હેજે બચી ગયા. વર્ષેકની જેલ ભોગવી પાછા દેવનગરમાં બેઠા.'

'એમ ?' રમણથી બોલાઈ જવાયું.

'પછી તો ગાંધીજીના અહિંસક સત્યાગ્રહમાં બે વખત જેલ જઈ આવ્યા. ત્યારથી એમનું માનસ બદલાઈ ગયું છે. દેશની મુક્તિ અહિંસા દ્વારા જ થઈ શકશે એમ દઢપણે માનતા થઈ ગયા છે. લોક જાગૃતિ સિવાય મુક્તિનો બીજો સીધો માર્ગ નથી એમ કહે છે.'

'શાંત લાગતા જ્ઞાનાનંદ જ્યારે મુક્તિની વાત ઉપર ચડે છે, ત્યારે એમના શબ્દો એ ગોળીઓ બની જાય છે, હૈયામાં જાણેધીકતો જ્વાળામુખી હોય નહિ !' અત્યારસુધી મૂંગા રહેલા સૌથી નાના લાગતા યુવકે કહ્યું, રમણને લાગ્યું કે તેના ટૂંક પરિચયમાં પણ સ્વામીજીની જે છાપ પડી હતી તે સ્થાને હતી.

દેવનગરમાં સ્વામીજીનુ સ્થાન અદ્વિતિય હતું. મૂંગા અને એકલ-વિહારી એવા એ સન્યાસી જ્યારે શહેરમાં નિકળતા ત્યારે શહેરના પ્રજાજનો તેમના પ્રત્યે હાર્દિક માનથી જોઈ રહેતા. આજુબાજુના ગામડાના ખેડુતો અવારનવાર તેમના આશ્રમમાં હટાણું કરવા આવતા. ખેડુતો અને સરકાર વચ્ચે ઘણા અથડામણના પ્રસંગ આવતા એ કારણે દેવનગરના અમલદારો સાથે તેમને ઘણી વખત ચકમક ઝરેલી પણ સ્વામીજીની પાછળ લોકબળ જોઈ તેમને છંછેડતા નહિ. ગામના પ્રાણવાન જુવાનો સ્વામીજીની પાછળ ભમતા. પોતાના આશ્રમના અખાડામાં સ્વામીજી તેઓને વ્યાયામ શીખવતા, પોતાના નાનકડા દવાખાના મારફત રાંક ગરીબોની શુશ્રુષા કરતા, અને સાયંકાળે જ્યારે રેણું નદીના રેતાળ પટમાં જુવાનોના ટોળા આગળ તેમનું પ્રવચન થતું ત્યારે દેશનો મૂર્તિમંત આત્મા જાણે પડકારતો હોય નહિ, એમ સ્વામીજી વ્યક્તિ મટી આદેશ બનતા. આજુબાજુ વેરાયેલ કચરામાંથી સ્ત્રી–પુત્ર ધન ઘરબારની ક્ષુલ્લક આકાંક્ષાઓમાંથી તેમને ઉપાડી દેશનું દર્શન કરાવતા.

પોતાની આજુબાજુ નાત જાત રીત રીવાજ કે દેશના ભેદભર્યા કુંડાળા બાંધી માનવ પોતાની મહત્વાકાંક્ષા પોતે જ ટૂંકી કરે છે. વિરાટ માનવસમાજનો પોતે એક ઘટક મટી તાત્કાલિક સ્વાર્થ અગર ટૂંકી બુદ્ધિને વશ થઈ કોઈ પક્ષ અગર વ્યક્તિનો અનુયાયી બને છે અને સાર્વભૌમ એકતા ગુમાવે છે. સ્વામીજીને સાંભળતા જુવાનો પોતાની આજુબાજુના સ્થળકાળને ભૂલી જઈ અનંતના ઉડ્ડયનોમાં રાચતા. જીવન એ હીરામાણેકથી મઢેલ નાળીએરસમું છે. ઉપરના છીલકા–કવચ ભેદી અંદરના અમૃતરસનું પાન વીરલ વ્યક્તિઓ જ કરે છે. સામાન્ય સમાજ તો ઇન્દ્રિય–ભોગ અગર બહુ તો બુદ્ધિવૈભવના બાહ્ય કવચમાં જ રોકાઈ રહે છે. પણ સ્વામીજી અધીરા નહોતા. નેતા મટી આચાર્ય થયા હતા, આચાર્ય એટલે જ્વલંત ચીનગારી, જુવાનો સાથેનો નિત્ય ચીનગારીનો ઘસાટ અફળ જશે નહિ એની સ્વામીજીને ખાત્રી હતી. સ્વામીજી લીલું ઘાસ બરાબર સુકાઈ જાય તેની જ રાહમાં હતા.

પ્રકરણ ચોથું

પૂરના પ્રવાહમાં

રેણુ નદીના જળમાં વર્ષાના બે પૂર આવી ગયાં. ગઈ વર્ષાએ રેણુ નદી પોતાનો પટ ફેરવી આશ્રમની નજીક આવી હતી. એ જોઈ રમણે ટીકા કરી હતી કે જ્ઞાનાનંદ સ્વામીના પ્રતાપે રેણુમા આપણને શુદ્ધ કરવા આપણી પડખે આવ્યા છે. એ વખતે એ ટીકા સાંભળનાર ખેડૂત લોકોએ તો એ વાતને ચમત્કાર ગણી તદ્દ્ત સાચી માની લીધી હતી. લોકસમાજને એવી ચમત્કારી વાતો માની લેવાની બહુ ટેવ પડી ગઈ હોય છે. નબળા, દલીત સમાજમાં તો એ ટેવ ખૂબ ઊંડી ગઈ હોય છે. જેના પુરુષાર્થનો–વીર્યનો તાંતણો ઘસાઈ ગયો હોય એ પ્રજા નસીબ અને દેવના ચમત્કારના જ થીગડા મારેને ! પણ આશ્રમને ઘસાઈને વહી જતી રેણુમાં રમણે ડુબકા મારવાની મોજ ખૂબ લીધી હતી. રાધનપુરના તળાવમાં આ પારથી સામે પાર અનેક વાર તરી રમણ પાકો તારો બન્યો હતો.

અષાઢની એક સાંજે આશ્રમની ટેકરી ઉપર રમણ ટહેલતો હતો. પાછળ થોડે દૂર જ્ઞાનાનંદ સ્વામીની સાથે વાર્તા કરતી બે કુમારિકાઓ કાંઠે કાંઠે ચાલતી આવતી હતી. નદીમાં પુરના પાણી જોસથી વહી રહ્યાં હતાં.

'અરે, મધુરી ગઈ, દોડો દોડો' ફાટી ગયેલે અવાજે જ્યોતિએ બૂમ પાડી.

રમણે એકદમ પાછળ જોયું, આંખના પલકારામાં પાણીમાં ડુબકાં ખાતી મધુરીને જોઈ. સ્વામીજી કહે તે પહેલાં તો પોતે એકદમ ઠેકડો માર્યો, પાણીમાં તાણ પુષ્કળ હતું. મધુરી ડુબકાં ખાતી તણાતી જતી હતી. સ્વામીજી પાછળ પડવા ઊભા હતા પણ રમણે હાથના ઈશારાથી ના સૂચવી. સ્વામીજીએ બીજા બે યુવકોને રેણુને કાંઠે કાંઠે સાથે દોડવાનું કહ્યું. દોડીને પોતે લાકડું ફેંક્યું, પણ મધુરીને પહોંચ્યું નહિ. તેની સખી જ્યોતિના તો હોશકોશ ઉડી ગયા. આગળ મધુરી ને પાછળ રમણ એમ એક તણાતી અને બીજો તરતા જતા હતા. કાંઠે દોડતા યુવકો ઝાડની ડાળી જે કાંઈ આવે તે પાણીમાં નાખ્યે જતા હતા. સદ્‌ભાગ્યે એક ડાળી થાકેલી મધુરીને હાથ આવી, થોડો ટેકો મળ્યો, ત્યાં તો રમણ આવી પહોંચ્યો.

'જરાય ગભરાશો નહિ. મારે ખભે હાથ મૂકી દો' મધુરીને નિરાંત વળી. આંખો લાલ થયેલી, પાણી પણ ઠીક પીવાયું હતું. હવે વહેતા પ્રવાહમાંથી આડા કાંઠે શી રીતે નીકળવું એ પ્રશ્ન હતો. થોડે દૂર છ ગરનાળાવાળો પુલ હતો. તણાતા તણાતા ગરનાળાની અંદર જાય તો જાનનું પૂરું જોખમ હતું. ધાટ રમણે ગરનાળાની આડી દીવાલને પકડી લેવાનો પ્રયત્ન કર્યો. બન્ને જોસબંધ દીવાલ સાથે અફળાયા. થાકેલી, મુંઝાયેલી મધુરી હવે અર્ધ બેભાન થઈ રમણના ખભા ઉપર ઢળી પડી. રમણને દીવાલનો આધાર મળ્યો હતો પણ બીજી મદદ વગર બહાર નિકળાય તેમ નહોતું, પુલ ઉપર ચાલ્યા જતા માણસોએ તેમને બચાવવા પ્રયત્ન કર્યો. બુમરાણ થઈ રહ્યું. ઘણીવાર આફતને વખતે માણસો બુમરાણ મચાવી આફતને વધારે છે. એક હિકમતી માણસે પોતાની પાઘડી કાઢીને બીજા એક પટેલની

પાઘડી સાથે સાંધી. પુલ ઉપરથી રમણના હાથમાં આવે તે રીતે નાખી. રમણે પાઘડીનો છેડો પકડી ઉપર ચડવાનો પ્રયત્ન કર્યો.

પાઘડી બેનો ભાર ઝીલી શકે તેમ હતું નહિ. મુંઝાએલા લોકો લાગણીથી એક બીજા સામું જોઈ રહ્યા, ત્યાં જ્ઞાનાનંદ સ્વામી પોતે જ સાયકલ પર રાંઢવું લઈ આવી પહોંચ્યા. રાંઢવાની મદદથી બંનેને પાણીની બહાર કાઢયા, આજુ બાજુના ટોળાને બાજુ કરી એક ગાડીમાં બંનેને બેસાડી સીધા આશ્રમમાં આવ્યા.

'મને કાંઈ નથી, આમને માટે ડૉકટરની તજવીજ કરો,' રમણે કહ્યું. મધુરીના ઘેર ખબર પડી ગઈ હતી. મધુરીના પિતા રામપ્રસાદ દેવનગરના ફર્સ્ટ કલાસ ન્યાયાધીશ હતા. સરકારી અમલદાર હોવાથી સ્વામીજી સાથે સીધો પરિચય રાખતા મુંઝાતા, પણ પિતા કે પતિ સરકારી અમલદાર હોય છતાં તેમના જ પુત્રી કે પત્ની સીધી રીતે સત્યાગ્રહમાં ભાગ લેવાના દાખલા હવે તો બહુ સામાન્ય બની ગયા હતા. મધુરી ફર્વે કૉલેજમાં તેની સખી જ્યોતિ સાથે પહેલા વર્ષમાં ભણતી હતી. જ્યોતિના પિતા દેવનગરની પ્રોપ્રાએટરી હાઇસ્કૂલના હેડમાસ્તર હતા. જ્યોતિના પિતા દેવકૃષ્ણને સ્વામીજી સાથે ગાઢ પરિચય. અવારનવાર આખા કુટુંબને લઇને આશ્રમમાં ફરવા આવતા.

સંસારની ઉપાધીઓ અને ગડમથલમાં તણાઈ જતા સમાજની આગળ આદર્શની જ્વાળા જવલંત રીતે જીવતી રાખવાનું કામ સામાન્ય રીતે શિક્ષક સમાજ જ કરે છે. ભૂખે રહીને પણ યુવાન અધ્યાપકો અને નવજુવાન શિક્ષકોએ ક્રાંતિની ચીનગારીને બુઝાવા દીધી નથી. એમ સર્વ દેશોનો ઇતિહાસ સાક્ષી પુરે છે. અધ્યાપાક દેવકૃષ્ણ વિદ્યાર્થીઓમાં તેમની સાદાઈ, દેશ દાઝ અને સબળ વક્તૃત્વના કારણે ખૂબ પ્રિય થઈ પડયા હતા. જ્યોતિને એવા સંસ્કારી પિતાની હૃદય સમૃદ્ધિનો વારસો પૂરેપુરો મળ્યો હતો. જ્યોતિ સ્વામીજીના પ્રવચનમાં

મધુરીને પણ અવારનવાર તેડી આવતી. આમ આશ્રમનું આકર્ષણ ધીમે ધીમે વધતું જતું હતું.

આશ્રમ પાસે એક ગાડી ઊભી રહી. તેમાંથી રામપ્રસાદ અને ત્યાંના સરકારી દાક્તર ઊતર્યા.

'કંઈ ચિંતા કરવા જેવું નથી' દાક્તરે પ્રાથમિક તપાસ કરી કહ્યું.

'પણ આંખો ક્યારે ઊઘડશે.' ચિંતાતુર પિતાએ પ્રશ્ન કર્યો.

'પાણી પેટમાંથી કઢાવી નાખી, જરા ગરમ પાણીનો શેક કરશું એટલે હમણાં તમારી મધુરી 'ઓલરાઈટ,' દાક્તરે છટાથી કહ્યું.

'મારી મધુરીને પોતાના જાનને જોખમે બચાવનાર જુવાન ક્યાં છે ?'

'આ રહ્યા રમણકાંત' થાકેલો રમણ તકિયાને અઢેલી શરીર લંબાવી પડ્યો હતો એ તરફ આંગળી ચીંધી જ્યોતિ બોલી.

'અરે, ડોક્ટર સાહેબ, આ ભાઈને જરા તપાસો તો' રામપ્રસાદે માયાથી કહ્યું.

'મને શું છે ? પુલની દીવાલ સાથે અફળાયો એટલે જ જરા આઘાત જેવું છે. બાકી તરવાનો તો મને અભ્યાસ છે.'

દાક્તરે રમણની છાતી તપાસી. ખભે જરા દીવાલ અફળાવાથી ઉઝરડો અને ઘસારો થયો હતો અને આછા લીલા ડાઘ જણાતા હતા.

'આમને બે ચાર દિવસ તદ્દન આરામ આપજો, બીલકુલ શ્રમ ન લે' દાકતરે સૂચના આપી.

'મારો રમણ તો પહેલવાન છે, હજી આથી જબરા કંઈક પૂરમાં મારે એને ફંગોળવો છે.' સ્વામીજીએ પોતાની હમેશની અર્થગંભીર વાણીમાં કહ્યું.

'સ્વામીજી રમણને મારે ત્યાં બે ચાર દિવસ આરામ લેવા મોકલો' રામપ્રસાદે આગ્રહથી કહ્યું.

'નાજી' રમણે હળવેથી કહ્યું. મને સ્વામીજીની છાયા નીચે જ ઠીક ફાવે છે. આપ કૃપા કરીને તસ્દી ન લેશો.'

'એમાં તસ્દી શાની ? મારી એકની એક પુત્રીને હું તમારે લીધે જ આજે સાજી સારી જોઉં છું.'

'મેં મારી ફરજથી વિશેષ નથી કર્યું.'

રમણના આ ઉપકારનો બદલો શી રીતે વાળવો એની રામપ્રસાદ ચિંતામાં પડયા. સ્વામીજીની હાજરી અને રમણની મુખમુદ્રા જોતાં પૈસા આપવાની તેમની હિંમત ચાલી નહિ. પહેલી નજરે જ જોતાં લાગતું હતું કે સ્વામીજી અને રમણ કોઈ મૂલ્યાંકનથી મપાય તેવા નહોતા. સંસારમાં કેટલાક માનવી એવા હોય છે કે જેનું મૂલ્ય કોઈ પદાર્થ કરી શકતું નથી. મૂલ્યનાએ મૂલ્યરૂપ એ માનવીઓ સંસારના તોલા ત્રાજવાને જૂઠાં પાડે છે. મૂલ્યની કિંમત પોતે આંકનારા બને છે. મૂલ્યો પોતાની કિંમત અંકાય એની રાહ જોતા એના ચરણજની ઉપાસનામાં આળોટયા કરે છે. રામપ્રસાદ પાસે હૃદયના ભાવ બતાવવા સિવાય બીજો રસ્તો નહોતો.

'ભલે સ્વામીજી, રમણકાન્તની ઇચ્છા નથી એટલે હમણાં હું તેમને નથી લઈ જતો, પણ મારી આટલી વિનતિ તો જરુર સ્વીકારશો કે એ અવારનવાર મારે ત્યાં આવતા રહે, અને આપ પણ અમારું ઘર પાવન કરો.'

'રમણ આપને ત્યાં જરુર આવશે. હું પણ મધુરીની તબિયત જોવા આવીશ જ તો ! પણ મારા આવવાની કિંમત પડશે' જ્ઞાનાનંદ સ્વામીએ રમુજથી કહ્યું.

અસહકારના વંટોળિયામાંથી પસાર થયેલા જ્ઞાનાનંદ સ્વામીએ જોઈ લીધું હતું કે તાત્કાલિક તો એકે વ્યક્તિ સરકારી કે બીન સરકારીનો પરિચય ગુમાવવો તેમને પાલવે તેમ નહોતું. લોભી વણિકની જેમ પોતાના નફા તોટાનો હિસાબ એ તુરત ગણી લેતા. પોતાના લોકસેવાના કાર્યમાં રામપ્રસાદનો પણ ઉપયોગ થઈ શકશે એમ એણે જોઈ લીધું

'જરુર આવજો, કિંમત આપતા પણ તમે આવો એ ક્યાંથી?' જરા મુંઝાયેલા છતાં વિવેક સાચવી રામપ્રસાદે કહ્યું.

મધુરીએ પોતાની આંખો ઉઘાડી. પોપચાં ખીલ્યાં. જતાં જતાં રમણ તરફ એક નજર નાખી. આભારની, લાગણીની કે યુવક યુવતીના સ્નેહ ભર્યા આકર્ષણની એ કળવું મુશ્કેલ હતું.

પ્રકરણ પાંચમું

ચકમક

'કેટલાયે પ્રજાકીય ખરડા ધારાસભામાં પસાર કરાવી શકાય, જો શક્તિશાળી માણસો તેમાં જાય તો.' વામને કહ્યું:

વામન નવો ધારાશાસ્ત્રી હતો, એની વકતૃત્વ શક્તિ અને કાયદાના જ્ઞાનથી તેણે જનતામાં પોતાનું સ્થાન જમાવેલું. એ શક્તિ પ્રજાપક્ષે ધારાસભામાં અજમાવવાના તેને કોડ હતા.

'તમારી નવરી જીભને વરાળ ખાલી કરવાની તક મળે એ સિવાય બીજું શું હતું ધારાસભામાં ?' એક ઠીંગણો અને પહોળા મોઢાનો ચપળ ગણાતો યુવક બોલ્યો. 'છબીલ, તું વામનભાઇ સાથે નકામી માથાકુટ કરે છે. એમને ધારાસભામાં જવું છે તે ગયા વિના રહેશે નહિ.' વાંકડિયા ઝુલ્ફાવાળો તરુણ બોલ્યો.

સ્વામીજીની મંડળી જામી હતી. રેતીના ઢગને અઢેલી જ્ઞાનાંનંદ આડા પડ્યા હતા. શરદપુનમની ચાંદની ખીલી રહી હતી. જુવાનોની વાતો સાંભળતા, વચમાં ટીકા કે ટહુકો કરતા જ્ઞાનાનંદ પોતાનું પ્રૌઢત્વ ભુલી જતા હતા. 'પણ વામનભાઈ જેવાની શક્તિ ધારાસભામાં ખરચાય તેના કરતાં જનતા ને આમવર્ગમાં વપરાય તો ફળ વધુ ન આવે ?' રમણે પૂછ્યું.

'પ્રજાસેવા તો અનેક રીતે થઈ શકે. જ્યાં જ્યાં સરકારનો સામનો થઈ શકે ત્યાં શું કામ ન કરવો?' વામને દલીલ કરી.

'ધારાસભામાં કોણ જઈ શકે છે! પૈસાદાર મૂડીવાદીઓ જ જઈ શકે છે ને?' સામ્યવાદનો થોડો ચેપ છબીલને લાગવા માંડ્યો હતો.

'દશ વર્ષ ધારાસભાને અજમાવી જોઈ છતાં કાંઈ વળ્યું નહિ. હવે તો આપણે આપણું નિશાન અને સાધનો બન્ને ફેરવવાં જોઈએ.' તરુણે કહ્યું.

તરુણ કૉલેજમાં ભણતો ત્યારથી મેકસ્વીની અને મેઝીનીના વાંચનથી એના હૈયાનો હુતાશન સળગી ઉઠેલો. અભ્યાસ છોડી બંગાળ અને પંજાબના નવજુવાનોના દળમાં જઈ આવેલો, અને બળવાના સ્વપ્ના સેવતો. પણ અહિંસાત્મક અસહકારની જે આંધી ચડેલી તેમાં તેનાં વિચારોનો પત્તો નહોતો લાગતો. હવે તેને તક મળી હતી.

'આપણી પરાધીનતાનું મૂળ આપણા અજ્ઞાનમાં રહેલું છે' રમણે કહ્યું 'એક સરકાર બદલાઈને બીજી આવે પણ જેમાં ગરીબોના હક્કનો સ્વીકાર ન હોય એવા સ્વરાજ્ય સાથે અમારે જરાયે લેવાદેવા નહિ હોય' છબીલ રેતી ઉછાળતો બોલ્યો.

પાસે બેઠેલી જ્યોતિથી રહેવાયું નહિ.

'પહેલા સ્વરાજ્ય લ્યો, પછી ગરીબોના હક્કની વાત વગેરે થઈ રહેશે.'

'તો સ્ત્રીઓના હક્કની વાત પણ સ્વરાજ્ય આવ્યા પછીજ રાખો તો? સમાન હક્ક, વારસા હક્ક વગેરે બાબતો માટે તમારો સ્ત્રીસંઘ શા માટે અત્યારથી કુદાકૂદ કરી રહ્યો છે?'

છબીલે સામે ટોણો માર્યો. પાસે બેઠેલી જ્યોતિ અને મધુરીના મોઢા ઉપર લાલાશ આવી ગઈ, સ્વામીજી હસવા લાગ્યા.

'આજ સુધી દબાયલી કચડાયેલી સ્ત્રી આથી પોતાનો નૈસર્ગિક હક્ક જ માગે છે. આગલા અન્યાયોનો બદલો નથી માગતી એટલો આભાર માનોને !' 'મધુરીએ ઉગ્રતાથી કહ્યું.

'સ્ત્રીઓ પોતાના હક્કો માગે. મજૂરો પોતાના હક્કો માગે, અંત્યજો પોતાના હક્કો માગે, પછી રાષ્ટ્રના હક્કો કોણ માગશે?' તરુણે પૂછ્યું

'પણ જેમાં એ સર્વ વર્ગોના હિતનું એકીકરણ નહિ હોય એવી તમારી સ્વાધીનતાને અમારે શું કરવી?' રમણથી બોલાઈ જવાયું.

'રાજકીય ગુલામી કરતાં પણ પૈસાની ગુલામી મને વધુ ભયંકર લાગે છે. ગરીબો આજે જ્યાં ત્યાંથી હડધુત થાય છે. કાળી ચામડી અને ગોરી ચામડી, અવર્ણ અને સવર્ણના ભેદો ભૂલાતા જાય છે, પણ પૈસાદાર અને ગરીબના ભેદો જેટલા તીવ્ર અત્યારે છે તેવા કદી નહોતા.' છબીલે આવેશથી કહ્યું. છબીલ સામાન્ય સુથારનો છોકરો હતો, અને રાષ્ટ્રીય વિનય મંદિરમાં વિનીત થયા પછી દેવનગરમાં સુથારી કામ કરતો હતો. દેવનગરના મજૂર અને કારીગરોનો તેની દુકાને અડ્ડો જામતો. શ્રમજીવીની બેહાલી અને કરુણકથાઓ હમેશ તેના કાને આવતી. તેણે જોઈ લીધું હતું કે આ લોકોના સંઘબળ વગર તેમની સ્થિતિ સુધરવી મુશ્કેલ છે. સ્વામીજીની સલાહથી તેણે એક શ્રમજીવીમંડળ સ્થાપેલું. પોતાનો ફુરસદનો બધો વખત છબીલ એ વર્ગની સેવામાં કાઢતો. તેણે રાત્રીશાળા અને પુસ્તકાલય પણ એ વર્ગ માટે ખોલ્યાં હતાં.

'વર્ગ અને પક્ષોના હિતની દૃષ્ટિએ દેશના હિતને જોવું ભૂલી જાવ. માનવ જનતાના હિતની દૃષ્ટિએ દેશનું હિત, વર્ગનું હિત જોવું એ સાચી પદ્ધતિ છે.' રમણે ગંભીરતાથી કહ્યું, દેવનગરમાં આવ્યા પછી રમણનું વાંચન ખૂબ વધી ગયું હતું. સ્વામીજીની સૂચનાથી અને

નિત્ય સહવાસથી એની દૃષ્ટિ ખૂબ વિશાળ બની હતી. રાષ્ટ્રિયતાના ભેદો અને સ્વદેશીનું ઝનૂન પણ એને સંકુચિત લાગતું.

'આશ્રમના શીતળ વડલા નીચે બેસી આવી માનવ–બંધુત્વની વાત કરવી તમને ઠીક ફાવે છે. શ્રમથી તૂટી જતા, અકથ્ય વેદનાનું હળાહળ પી જતાં મજૂરો વચ્ચે આવો ત્યારે તમને ખબર પડશે કે ગરીબી અને ચૂસણનિતિ શું વસ્તુ છે!' છબીલે સળગીને પ્રહાર કર્યો.

'એમ તો રમણકાંત પણ કહે છે કે માનવ સુખોપભોગ માટેની વસ્તુઓ સાર્વજનીક મિલકત બનવી જોઈએ. અમુક પૈસાદાર વર્ગ આજે સુખના સાધનોનો, કળાનો, કારીગીરીનો અને ઉત્તમોત્તમ બુદ્ધિ વૈભવનો સ્વામી થઈ બેઠો છે, અને ગરીબ વર્ગને ભોગવવા દેતો નથી એ સામે તો એમનો પણ સજ્જડ વિરોધ છે.' મધુરીએ રમણનો બચાવ કર્યો.

'આપણી પ્રવૃત્તિ સુખ ભોગવતા વર્ગ સામે દ્વેષથી ન પ્રેરાવી જોઈએ, એટલું જ મારું કહેવું છે.' રમણે શાંતિથી કહ્યું.

'તમને અમારા દુઃખનો અનુભવ નથી. માત્ર સ્વદેશી કે હરિજન કાર્ય કર્યે એ દુઃખનું ભાન નહિ થાય. અમે તો એટલું જ જોઈએ છીએ કે જગતમાં બે વર્ગો છે. એક પૈસાદાર અને બીજો ગરીબ, એક ચૂસનાર અને બીજો ચૂસાનાર. પૈસાદારના સુખઅર્થે ગરીબની હસ્તિ આવશ્યક છે, પણ ગરીબના સુખઅર્થે પૈસાદાર વર્ગનો નાશ જરૂરી છે. અને એ અમે માગીએ છીએ.' છબીલે જવાળા ઠાલવી.

'સંહારને બદલે સર્જનની વાત કરો. આપણા વિગ્રહો કૌટું-બીક મર્યાદાની અંદર હોય તોજ શ્રેય છે. ભાઈ ભાઈની લડાઈમાં એક ભાઈ બીજા ભાઈનો નાશ નથી ઇચ્છતો. પોતાનો હક્ક ભલે માગે' જ્યોતિએ શાંતિના શીતળ જળનું સીંચન કર્યું.

'ભાઈ શેના ? અમે એને દુશ્મનની હરોળમાં જ લેખીએ છીએ' છબીલની યુદ્ધ પ્રિય વૃત્તિઓને આવ્હાન મળ્યું હોય એટલા શૌર્યથી તે બોલ્યો.

'બેટા છબીલ, ઝનૂનથી શૂરાનું જોર વધતું નથી પણ ઘટે છે.' સ્વામીજી શાંતિથી બોલ્યા.

'અને અમે કહીએ છીએ એ વર્ગોનું રાજ્ય સ્થપાય, તો તરુણ જે માગે છે, વામનભાઈ જે માગે છે એ બધું એમાં સમાઈ જાય છે. માત્ર રમણને કદાચ સંતોષ ન મળે.'

'મારા સંતોષની વાત નથી, આપણા જીવનઆદર્શોની વાત છે.'

'ત્યારે કરશું શું ?' અંદર અંદરના મતભેદોથી જાણે રાષ્ટ્રદેહ ચુંથાઇ જતો ન હોય એવી ચિંતાથી મધુરીએ પૂછ્યું.

'આ એજ વાત અગત્યની છે,' સ્વામીજી બોલ્યા. બધા એક ધ્યાન થઈ રહ્યા. ઘડી ભર સ્વામીજીએ આંખો મીંચી, જાણે રાષ્ટ્રનું ભાવી-દર્શન કરતા હોય નહિ !

'તમારા સહુના દર્શનમાં મને કયાંય વિરોધ નથી લાગ્યો, પણ અંધહસ્તી ન્યાયની માફક તમે રાષ્ટ્રના એક એક અંગને જ જોઈ ઉપાય સૂચવ્યો છે. તરુણ, તારો રસ્તો આજે જૂનો કહેવાય. એ રસ્તે જનારાના બલીદાન અને તમન્નાની મને પૂરેપુરી કિંમત છે, પણ માનવ સમાજ આજે સંસ્કૃતિમાં ખૂબ આગળ વધ્યો છે ત્યારે આપણે આપણા થોડા તાત્કાલિક આદર્શ આપશું ? જેમ જેમ માનવ-સમાજ ચડે તેમ તેમ તેના સાધનો વધુ સુક્ષ્મ અને તીવ્ર બને. લાકડી કરતાં શબ્દમાં વધુ જોર છે, શબ્દ કરતાં આંખોમાં વધુ જોર છે, આંખો કરતાં હૈયામાં વધુ શક્તિ છે. આપણે એ અજ-માવ્યું નથી કેમકે આપણને એની પ્રતિતી નથી થઈ, પણ હું જાણું

છું કે એ વિચારની પાછળ તારી રાષ્ટ્રહિતની અધીરાઈ છે. છતાંયે તું એ પશુસૃષ્ટિના કાયદા કરતાં માનવસમાજનો કાયદો જો.'

સ્વામીજી ઘડીભર થોભ્યા. કેવળ મૌન છવાઈ રહ્યું. વજનદાર વસ્તુનું દબાણ આપણને લાગે છે. પણ વિચારપૂર્વક બોલાયેલા શબ્દોનું દબાણ વાતાવરણ ઉપર ખૂબ વધુ હોય છે. વિચારોનું એથી પણ વધુ હોય છે. અમુક વાતાવરણમાં માણસને ગૂંગળામણ લાગે છે ત્યારે એ દબાણની જ અસર માણસ અનુભવે છે. 'વામનની વાતમાં આજે બહુ સાર નથી જણાતો. હું તો એટલું જ સમજ્યો છું કે વામનને પોતાની શક્તિ બીજે વાપરતાં નથી આવડતી તે ધારાસભામાં વાપરવા ઇચ્છે છે. પણ આપણે તેને રોકી નહિ શકીએ.'

'પણ મારી મધુરી અને જ્યોતિ જો બરાબર મંડે તો ખરું કામ થાય. સ્ત્રી સમાજની ઉન્નતિ થાય તો આપણો પોણો રસ્તો સાફ થાય, સ્ત્રીઓમાં સંઘબળ અને કેળવણી આવે તો બીજું આવી રહેશે.'

'છબીલને લાવા રસ વહેવડાવવો છે. રમણને પ્રેમરસ પાવો છે. છબીલની વેદના ખૂબ ઊંડી છે. એના નિવારણ અર્થે જે સૂઝે તે છબીલ ભલે કરે પણ છબીલના હાથમાં સેનાનાયકની દોરી શોભે તો રમણના હાથમાં સુત્રધારનું સુકાન શોભે. રાષ્ટ્રદેહના બધા ઉપયોગી અવયવો છો પણ પોતપોતાની મર્યાદામાં એક બીજાના સહકારથી રહેશો તો રાષ્ટ્રનું નવું સર્જન થશે. નહિતર સામસામા ઘર્ષણમાં પોતે પડશો અને ગરીબડા રાષ્ટ્રને પણ પાડશો.'

કોઈ દૃષ્ટા બોલતો હોય એવા ગાંભીર્યથી જ્ઞાનાનંદ સ્વામીએ વાક્ય ઉચ્ચાર્યાં. ભાવી નિહાળતા હોય એમ સ્વામીજી ક્ષિતિજની પેલે પાર જોઈ રહ્યા.

પ્રકરણ છઠ્ઠું.

સંગઠન

'આગ, આગ'નું ખુમરાણ ચારે કોર થઈ રહ્યું. ત્રણ માળાના એક મકાનમાંથી ધુમાડાના ગોટેગોટા નિકળતા હતા. માણસોની ચીસો અને ગભરાટથી કાને પડયું સંભળાતું નહોતું, જેનું ઘર બળતું હતું તેના પાડોશીઓ આપણું પણ બળશે તો, એ ચિંતામાં મદદ કરવાનું ભૂલ્યા હતા. ઘરધણી હાંફળોફાંફળો આમ તેમ ફરતો હતો. આ ચીજ પહેલી બચાવું કે પેલી એની મૂંઝવણમાં પડયો હતો.

'પાણીની ડોલ છાંટો.' એમ બૂમો આવી.

'બંબાવાળા હજુ કેમ નથી આવ્યા?' એક પરગજુ ગૃહસ્થે પૃચ્છા કરી.

'પોલીસ ચોકીમાં ખબર તો આપ્યા છે. આવે ત્યારે ખરા.'

આગ ઝપાટાબંધ વધતી જતી હતી. પશ્ચિમ તરફનો પવન આગ વધારવામાં મદદ કરતો હતો. આગની નિશાની રૂપ ડંકા આખા ગામમાં સંભળાવા લાગ્યા. પોતાની ખુરશી સાફ કરતા છબીલે પણ આગના ડંકા સાંભળ્યા. તરત જ ખુરશી બાજુ મૂકી દુકાનની બહાર નીકળ્યો. સામે જ જ્ઞાનાનંદ સ્વામી અને રમણ સાઇકિલ ઉપર આવતાં જણાયા.

'છબીલ, આજ તમારા વ્યાયામમંડળની કસોટી છે.'

'તૈયાર છે. હમણાં જ બધાને એકઠા કરી લાવું છું.' છબીલે જવાબ આપ્યો.

સ્વામીજી અને રમણ રવાના થયા. છબીલનું વ્યાયામ મંડળ એક વ્યવસ્થિત દળ જેવું હતું. માત્ર દંડ બેઠક કરવાનું જ તેનું કામ નહોતું, પણ પ્રસંગે ગામની સેવામાં પોતાનું શરીરબળ વ્યવસ્થિત વાપરી જાણતું. દેવનગરમાં મચ્છરોનો ત્રાસ વધી ગયો હતો. એક સાંજની ચર્ચામાં જ્ઞાનાનંદ સ્વામીએ માત્ર સૂચના કરેલી કે જો જુવાનો આ ગામમાં વધી પડેલા ઉકરડાને સાફ કરી નાખે તો ગામનો અર્ધો રોગ જાય. જાગતા છબીલને તો માત્ર ચાનકની જ જરૂર હતી. તેની અને રમણની સરદારી નીચે રોજ બબ્બે કલાક જુવાનોના જુથ મંડયા ને મહિના દિવસમાં તો ગામ સાફ થયું. મ્યુનીસીપાલીટીએ એ કામ તરફ ભારે સહાનુભૂતિ બતાવી છબીલ ને રમણને ચંદ્રકો આપ્યા. સ્થાનિક વર્તમાનપત્રોએ એ કામની ભારે નોંધ લીધેલી.

ઇસારામાં છબીલે આજુબાજુની દુકાનોમાંથી પોતાના જુવાનો એકઠા કર્યા. તેના વ્યાયામમંડળમાં શ્રમજીવી કારીગરોની સંખ્યા ઠીક હતી.

'અરે મોહન, તું બીજાને લઈને આવજે. અમે આટલા તો કામે લાગી જઈએ છીએ' છબીલ પોતાના પંદરેક જેટલા સાથીઓને લઈને ઉપડયો.

બીજા મજલાનો રવેશ સળગીને તૂટી પડયો હતો. ત્યાં જવાનો દાદર પણ સળગતો હતો. મહામુશીબતે ઘરધણી અને તેની ધણીયાણી પોતાના દાગીનાની પેટી અને બીજો સામાન લાવી શકયા.

'અરે પણ ચમન અને લલીતા કયાં ? હાય હાય, ઈ તો બીજે માળ રહી ગયાં' બોલતા બાઈનો શ્વાસ ફાટી ગયો.

'અરે દાગીના સાંભર્યા ને છોકરાં ન સાંભર્યાં' પડોશીએ પડતા ઉપર પાટુ મારી.

'અરે મારાં છોકરાંઓને કોઈ બચાવો, બાપુ તમે કહેશો તે આપીશ આ ઘરેણાં' જોઈએ તો લઈ જાવ, પણ મારાં છોકરાંને લાવી દ્યો'- સ્ત્રી કરગરી પડી.

'છે કોઈ બહાદુર ? માગે તે આપું.' ઘરધણી બોલ્યો.

બંબાવાળાએ પાણીનો મારો ચાલુ રાખ્યો. પડખેના ઘરોને આગ ન લાગે તે માટે આગને વધતી આટકાવવામાં છબીલની ટુકડી રોકાઈ હતી. સ્વામીજી બધાને પ્રોત્સાહન આપતા ફરતા હતા. રમણનું ધ્યાન સ્ત્રીની કાકલુદી તરફ ખેંચાયું. ફરફરતા ધોતિયાનો કછોટો લગાવ્યો. ત્યાં છબીલે તે જોયું, તરત રમણનું કાંડું પકડયું.

'રમણભાઈ, એ કામ મારું, તમે આ ટુકડી ઉપર ધ્યાન આપો તો ઠીક. એમ કહી જવાબની રાહ જોયા વિના ડોલ રમણના હાથમાં મૂકી દોડયો. આમ તેમ નજર ફેરવી. દાદરો તો ભડભડ સળગતો હતો. રવેશ તૂટી ગયેલો. સીડી કયાંય મંડાય તેવું હતું નહિ. ક્ષણભર વિચાર કર્યો. બીજા રવેશની બારી સામે જ ઇલેકટ્રીકસીટીનો થાંભલો હતો. બારીના બારણાં હજી ધુંધવાતા હતા. સડસડાટ થાંભલા ઉપર ચડયો. બારીમાંથી ગૂંગળાવી નાખે તેવો ધુમાડો નિકળતો હતો. છબીલ શું કરે છે તે તરફ લોકો જોઈ રહ્યા.

થાંભલા ઉપરથી સીધો બારીમાં કૂદકો માર્યો. ઓરડામાં કબાટ સાથે અફળાયો. ગોઠણ સમાલવાની તો તક નહોતી. એ ઓરડામાંથી બીજા ઓરડામાં બારણું પડતું હતું તે તરફ ધસ્યો, ધુમાડાના ગૂંગળાટમાં કાંઈ દેખાઈ તેમ તો હતું જ નહિ. પણ પગ સાથે કંઈ અફળાયું. નીચા વળીને જુએ છે તો મુંઝાયેલા છોકરાં એકબીજાને

વળગીને પડેલાં. છોકરાં તરત જ છબીલને બાઝી પડયા. છબીલ તેમને લઇને બારીએ આવ્યો. હવે નીચે કઈ રીતે નીકળવું ?

સ્વામીજીએ છબીલને ચડતો જોયો હતો. તરત જ બાજુના ઘર-માંથીજ દોરડું લાવી પોતે થાંભલા ઉપર ચડયા. એક છેડો થાંભલા પર રાખી બીજો છેડો સામેની બારીમાં નાંખ્યો, છબીલે તે છેડો ઓરડાની ખીંટી સાથે બાંધ્યો, આગ વધતી જતી હતી. બંબાવાળાના પ્રયત્ન છતાં આગ કાબુમાં આવતી નહોતી. છબીલના સાથીઓ પણ આગ બુઝાવવા તનતોડ પ્રયત્ન કરી રહ્યા હતા. મામલો કાબુમાં રાખવા અને બધી ચાંપતી દેખરેખ રાખવા પોલીસ અમલદાર પણ હાજર હતા. પણ પોલીસો આગ ઠારવા કરતાં પોલીસ અમલદારોનો મોભો અને પ્રભાવ કેમ જળવાઈ રહે એની વ્યવસ્થામાં વધુ પડયા હતા.

છબીલે દોરડું બાંધી છોકરાંઓને બારીમાંથી નીચે ઉતાર્યાં. વખતે પડે એ ભયથી નીચેના લોકોએ ઝીલી લેવા ચાદર રાખી. છોકરાંની માએ હર્ષની કીકીયારી નાખી. ગભરાટ અને મૂંઝવણથી અર્ધ બેભાન થયેલાં છોકરાં તેને બાઝી પડયાં. હર્ષના ગભરાટમાં બાકી રહેલા છબીલનું શું થયું એ વિચારવાની ફુરસદ તેમને રહી નહિ.

‘છબીલ, દોરડું ઓરડામાં બાંધી, તેને આધારે થાંભલા સુધી ચાલ્યો આવ’ સ્વામીજીએ બૂમ મારી.

‘ છબીલ થાકયો હતો, ધુમાડો મૂંઝવી નાખે તેવો હતો. બારીનો આગલો ભાગ તૂટું તૂટું થઈ રહ્યો હતો.’

‘ છબીલ, જલદી કર ’ રમણે ઉતાવળ કરી, પણ છબીલથી સંભ-ળાય તેમ હતું જ નહિ. ઓરડામાં દોરડું પણ કયાંય બાંધી શકાય તેમ નહોતું. ઢીલ કરે તો તૂટી જતા મકાનમાં છબીલ પણ દટાય જાય એવો સંભવ હતો. છબીલ કૂદકો મારે તો ઝીલી લેવા નીચે

ચાદર ગાદલું વિગેરે પાથર્યાં પણ છબીલની આંખે હવે અંધારા આવતા હતા. તેણે એકદમ કૂદકો માર્યો થાંભલા ઉપર. થાંભલા ઉપરથી પગ લપસ્યો અને સ્વામીજી તેને ઝાલે ન ઝાલે ત્યાં તો છબીલ અથડાતો ભોંય ઉપર પડયો. સ્વામીજી–રમણ દોડયા. છબીલ બેભાન હતો. ગોઠણમાંથી લોહી વહી જતું હતું. તુરત લોહી અટકાવી બે સ્વયંસેવકો ઝોળી કરી છબીલને ગીર્દીમાંથી બહાર લઈ ગયા.

'તમે, અને છબીલ ન હોત તો અમે અમારાં છોકરાં જીવતા ન જોત' ઘરની ધણીયાણીએ આભારપૂર્વક કહ્યું.

'સ્વામીજી, છબીલભાઈની, માવજત કરવાનો તો અમારો જ હક્ક છે' ઘર ધણીએ કહ્યું.

'તમારી વાત સાચી છે, પણ હમણાં તમે ચિંતા નહિ કરો. આશ્રમમાં એની પુરી માવજત થશે.'

'છબીલભાઈની મહેનતનો બદલો અમે કયે ભવે વાળીશું.'

'આ ભવે જ, એ બદલો વાળવાની તમને ઘણી તક મળશે' સ્વામીજીએ મર્મમાં કહ્યું. 'લોકહિતની એની પ્રવૃત્તિમાં તમે જેટલો સાથ આપશો એટલો બદલો એને મળી રહેશે.'

ઘરધણી માનથી સાંભળી રહ્યા, તેની સ્ત્રી વણસમજે સ્વામીજીના વાકયો કુતૂહલથી સાંભળી રહી.

પ્રકરણ સાતમું

જ્ઞાન–મશાલ

માધવદાસ વીરજી કું.ની ઓફિસ આગળ ભોં ભોં કરતી એક મોટર ઊભી રહી. સંપૂર્ણ સાહેબશાહી પોષાકમાં સજ્જ થયેલા એક પારસી ગૃહસ્થ તેમાંથી નીચે ઊતર્યા.

' શેઠ માધવદાસ ઓફિસમાં છે કે ? '' મોટરના ભૂંગળાનો અવાજ સાંભળી બહાર નીકળેલા પટાવાળાને તેણે પૂછ્યું.

' હાજી. આપ પધારો. ' નોકરે અદબથી કહ્યું. અંગ્રેજી પોષાક ને રીતભાત તરફ અકારણ સન્માન દર્શાવવાની સામાન્ય સમાજને ટેવ પડી ગઈ છે, તેમ જ નિષ્કારણ અંગ્રેજી ભાષાનો પ્રયોગ કરી ઓા પાડવાની ભણેલા વર્ગને ટેવ પડી છે. ગુલામ પ્રજાનો આદર્શ એના માલિકો હોય છે. માત્ર રાજકીય સ્વામીત્વ ઝાઝો વખત ટકતું નથી. એને સજ્જડ બનાવવા દબાયેલી પ્રજાની સંસ્કૃતિને જીતવી પડે છે.

' પધારો, પધારો, દોરાબશા, આજ તો તમે આ તરફ !'

બારણુમાંથી બહાર નીકળતા શેઠે હાથ મીલાવ્યો.

'ઘણાં દિવસ થયાં મળ્યો નહોતો તે આજ મળી આવું ' દોરાબશાહે હસતાં હસતાં કહ્યું. 'ઘણી મહેરબાની થઈ.'

દોરાબશા પંથકી જમાદારીમાંથી આગળ વધતાં વધતાં આસી-સ્ટંટ પો૦ સુપ્રી. ના હોદ્દા ઉપર આવ્યા હતા. તેમની મહત્વાકાંક્ષા તો ઘણી હતી પણ હવે આગળ રસ્તો રોકાઈ રહ્યો હતો. તેનો રસ્તો કરવા માટે તો તેણે ચામડી ફેર તે જન્મફેર કરવો જોઈએ. કાળીમાંથી ગોરી ચામડી બનાવવાનો નુસખો હજી હાથ આવ્યો ન હતો એટલે લાચાર થઈને પડયા હતા. માધવદાસ શેઠ સાથે જમાદાર હતા ત્યારનો પરિચય તે અરસપરસ સાચવ્યે જતા હતા. પણ ચતુર વાણિયાએ ક્ષણમાં જોઈ લીધું કે પંથકી કંઈ કામ વગર આવ્યો નહોતો. ઘડીભર મૌન સ્થપાયું.

'કેમ શેઠજી, ધંધો ધીકતો લાગે છે, નહિ ?'

'ધીકતો તો ઠીક, પણ પ્રભુની કૃપાથી રોટલો રળી ખાઈએ છીએ' શેઠ વિચારમાં પડયા, કોઈ દિવસ નહિ ને આજે પંથકી ધંધાની પૂછપરછ કરે છે તે શું કારણ હશે ?

'તમારે ત્યાં હમણાં નવા જુવાનિયા ઠીક દેખાય છે, એટલે હું તો સ્હેજે પૂછું છું.' પંથકીએ શેઠના સંદેહને મોળો પાડયો.

'નવામાં તો બે જણ છે. એક રમણકાંત ને બીજો તારાચંદ. બીજા તો બધા જૂના માણસો છે.'

'એ રમણકાંત મૂળ કયાંનો છે ? તમારે ત્યાં કેટલા વખતથી કામ કરે છે ? '

'એ મૂળ તો મારા ગામનો–રાધનપુરનો છે. બહુ ઉત્સાહી ને મહેનતુ જુવાનિયો છે.'

'પણ એનો ઉત્સાહ ભારે પડી જાય તેવો છે.'

'કેમ, કેમ ? ' શેઠે ઉતાવળા ઉતાવળા પૂછયું.

'આપણો તો જૂનો નાતો છે એટલે હું તમને સ્હેજે કહું છું. અમારી પોલીસ ડાયરીના રિપોર્ટ તેને માટે સારા નથી આવતાં.'

'તમારી ભૂલ થતી હશે, દોરાબજી. એના જેવો પ્રમાણિક, હસમુખો અને ચંચળ જુવાન બીજો અમારી ઓફિસમાં નથી.' શેઠે ખાત્રી બતાવી.

'પ્રામાણિક, ચંચળ એ બધું ઠીક છે. જ્ઞાનાનંદ સ્વામીનો પાસ એને ચડવા લાગ્યો છે, ખાનગી જુવાનોની સભાઓ કરવી, મોડી રાત સુધી મંત્રણાઓ કરવી એ બધાં સીધા માણસનાં લક્ષણ છે?'

'એ બધી વાતની તો મને ખબર નથી.'

'તમને ક્યાંથી હોય? પણ શેઠ, તમારો તો રાજ્ય સાથે મૂળથી મીઠો સંબંધ. આ વરસેજ તમને જે. પી.નો ખિતાબ મળવા બાબત લખાણ ગયું છે એ બધી વાતનો ખ્યાલ રાખવા જેવું છે.'

સત્યાગ્રહ આંદોલન વખતે પ્રજાપક્ષ અને સરકારપક્ષ વચ્ચે તટસ્થ રહેવા ઇચ્છતા ઘણા માણસોને તેમની ઇચ્છા નહિ છતાં ખિતાબો આપી સરકારે પોતાના પક્ષમાં પરાણે નાખી દીધેલા, પણ સત્યાગ્રહ આંદોલન શાંત પડયું ત્યારે માધવદાસ શેઠ જેવા ઘણા ધનાઢયોના મનમાં ખિતાબ ને માનચાંદની મીઠી ખજવાળ ઊઠી હતી.

'અરે એવું તો હોય! રમણને હું હમણાં જ કહી દઈશ,'

'નવા ને કાચા જુવાનિયા ઉપર બહુ દેખરેખની જરુર રહે છે. નહિતર સંગનો રંગ લાગતાં વાર નથી લાગતી.'

પોલીસ અમલદારે શિક્ષકનો પાઠ ભજવવા માંડયો.

'અરે, દોરાબજી માટે ચા લાવતો.'; શેઠે ઘંટડી બજાવી.

' ના જી, માફ કરો. મારે જવાની ઉતાવળ છે. ' દોરાબશા ઊભો થયો.

શેઠ બારણા સુધી વળાવવા આવ્યા.

'અરે, ઝોકાં ખાય છે કે શું ! ' શોફરના હાથમાં 'બહુરૂપી' રહી ગયેલું ને મીઠી નીંદમાં પડી ગયો હતો. હાંફળો ફાંફળો શોફર એકદમ જાગ્યો, હોર્ન વગાડી મોટર ચાલુ કરી.

'સાહેબજી'

'આવજો'

દોરાબજીની ટૂંકી મુલાકાતે શેઠને વિચારમાં નાખી દીધા. ગરી-બને પૈસાદાર થવાનો મોહ હોય છે. પૈસાદારને સામાજિક પ્રતિષ્ઠાની ભૂખ હોય છે. માધવદાસ શેઠ સખત ગરીબાઈમાંથી તો પસાર થઈ ગયેલા. વાર તહેવારે માન મેળાવડા કરીને, ફંડ ફાળાઓમાં પણ ઠીક ઠીક રકમો ભરીને પ્રતિષ્ઠાના મહાસાગરમાં તરવાનું શરુ કર્યું હતું. જે. પી. થવાય તો પોતે કયાં પહોંચે એની કલ્પનામાં તેમનું મન ફરતું હતું. ત્યાં રમણની વાત ચઢી. તેમનું મુખ સખત થયું. સામાન્ય રીતે ભલા દેખાતા મુખ ઉપર એવી સખ્તાઇ ભાગ્યે જ આવતી.

'રમણને જરા મારી પાસે મોકલ તો.' શેઠે પાસે ઊભેલા નોકરને કહ્યું.

સામેથી રમણ ઓફિસમાં દાખલ થયો. બંગાળી પહેરણ, છૂટી પાટલીવાળું ધોતિયું અને સેંથી પાડેલ ઝુલ્ફાદાર વાંકડીયા તેના મુખને ખૂબ આકર્ષક બનાવી રહ્યા હતા.

'આવો, બેસો.' શેઠની સામેની ખુરશી ઉપર રમણ બેઠો.

'હમણાં તમે કયાં રહો છો ? '

'કેમ ! જ્ઞાનાનંદ સ્વામીના અભય આશ્રમમાં' રમણે જવાબ વાળ્યો.

'કાલથી સૂવા બેસવાનું આપણા જ મકાનમાં રાખો. હમણાં આપણી પેઢીનું કામકાજ ઘણું રહે છે, તે વખતે તમારા જેવો વિશ્વાસુ માણસ નજદીક હોય એ જ વધુ સારું,' શેઠે મધ વાપર્યું.

'આપની મહેરબાની છે, પણ મને તો અભય આશ્રમમાં જ વધુ ફાવશે.'

'પણ આટલો વખત તો રહ્યા. હવે તો તમારે ઘરબારી થવાનો પણ વિચાર કરવો જોઇએને ?' શેઠે લાલચના ઝાડવાં દેખાડયાં.

'મને તો જ્ઞાનાનંદ સ્વામીનો સાથ છોડી બીજે કયાંય રહેવું ન ફાવે.'

'પણ નોકરી કરવી હોય તો ફાવતા શીખવું જોઈએ.' શેઠે દૃઢતાથી કહ્યું.

'હું ત્યાં રહું તો આપને શું વાંધો હોય ?' રમણે શેઠનું તળિયું તપાસવાનો પ્રયાસ કર્યો.

'વાંધા બીન વાંધાનો સવાલ નથી. તમે કાલથી તમારું રહેઠાણ બદલી નાખો એટલું જ હું કહું છું.'

'કાંઈ ખાસ કારણ બતાવો તો જરુર બદલું,' રમણે શાંતિથી કહ્યું.

'કારણ ? જ્ઞાનાનંદને તો લંગોટી છે. તમારે પણ લંગોટી પહેરવી હોય તો પહેરજો. પણ મારા જેવાને જેને એવી ઇચ્છા ન હોય તેને ઘસડવાનું રહેવા દેજો.'

રમણ શેઠનો ઉકળાટ સાંભળી આભો બની ગયો. પણ તેના સીધા મનને શેઠના આ ઉકળાટનો ભેદ સમજાયો નહિ.

'લંગોટીની શી વાત ? શું તમે કહો છો ?' રમણે મુંઝાઈને કહ્યું.

'જુઓ, તમારે જ્ઞાનાનંદની હિલચાલોમાં ભાગ લેવો હોય ને મારી ઓફિસમાં કામ કરવું હોય એ બન્ને સાથે નહિ પોસાય. કાંતો એ. કાં આ. પસંદગી તમારી' શેઠે સ્પષ્ટતાથી જણાવ્યું.

'આપની જેવી ઇચ્છા. બાકી સ્વામીનો સાથ તો મારાથી નહી છોડાય.' રમણે શાંતિથી કહ્યું.

'બહુ સારૂં. પણ તમારા ભલા માટે મને લાગી આવે છે એટલે જ હું કહું છું કે તમે ભૂલ કરો છો. તમને હું મારી આડત માટે દેશ પરદેશ મોકલીશ. તમારું ભવિષ્ય ઊજળું છે. એ મૂકી ક્ષણિક લાગણીના પ્રવાહમાં તણાઈને કેવળ તમારું જ હિત બગાડો છો' શેઠે સાચા દિલથી કહ્યું.

'આપનો ઉપકાર, મુરબ્બી, પણ હું તમારી સલાહ સ્વીકારી શકું તેમ નથી.'

'ત્યારે દીલગીરીથી આપણે છૂટા થવું પડશે, પણ અત્યાર સુધી તમે જે ઉમંગ અને ઉત્સાહથી કામ કર્યું છે, તેના પુરસ્કાર તરીકે આ નજીવી રકમ આપું છું.'

શેઠે પોતાના અંતરના ડંખતા ઝીણા અવાજને સંતોષવા ૧૦૦૦) નો ચેક ફાડયો. રમણની આનાકાની ન ગણકારતાં પરાણે તેના ખિસ્સામાં મૂકયો.

રમણ સ્વતંત્ર થયો. આ ભર્યા સંસારમાં રમણ એકલવાયો પડયો. શેઠની નોકરી બહાર વ્યવહારુ જગતમાં તેણે ડોકિયું કર્યું નહોતું. કરવાની જરુર નહોતી. જ્ઞાનાનંદ સ્વામીના સાથમાં લોકસેવામાં અવાર-નવાર સમાજમાં ભેળાતો, તે દરમિયાન તેણે જગતનું દર્શન કરેલું, બેસીતમ ગરીબાઈમાં સબડતા લોકો જોયેલા અને એ ગરીબાઈનું દુઃખ ભૂલવા વધારે પડતા ભોગવિલાસમાં ડૂબી રહેતા માતા પિતા

જોતો, જે સંતતિનો ભાર ઉપાડી શકતા નહોતા અને દુઃખ, દારિદ્રયનો વારસો વંશવારસોને પણ આપી જતા, ભારોભાર અજ્ઞાન અને અંધકારમાં ડૂબેલી સ્ત્રીઓ જોતો. બાપના કૂવામાં બૂડી મરનાર રૂઢિચુસ્ત અને વહેમના ભોગ લોકો જોતો. માતૃભૂમિની બાહ્ય ગુલામી કરતાં આ અંતરની ગુલામી તેને વધુ ભયંકર લાગી. તેના અંતરમાં દિનરાત ઝંખના ઉપડતી કે શી રીતે આ વસ્તુનું નિરાકરણ થાય. લોકોમાં સાચા પુરુષાર્થની જ્યોતિ શી રીતે પ્રગટે?

બીજે દિવસે પ્રાંતઃકાળે પ્રાર્થના મંદિરમાંથી સ્વામી અને રમણ બન્ને બહાર નીકળ્યા, પ્રાર્થનામાં કરેલા પ્રવચનનું ગાંભીર્ય હજી સ્વામીજીના મુખ ઉપર છવાયેલું હતું. માન અને પૂજ્ય ભાવથી સ્તબ્ધ થયેલા રમણે કંઈ પૂછવું અનુચિત ધાર્યું, સ્વામીજીએ શાંતિનો ભંગ કર્યો. 'કેમ રમણ! હવે શું કરવા ધાર્યું છે?'

'એ બાબતમાં જ આપની સલાહની મને આવશ્યકતા છે. લોકોના આ દુઃખનો અંત શી રીતે આવે? ગુલામીની ધૂંસરી કયારે ઊતરે.'

'બેટા, ગુલામી હરકોઈ પ્રયત્ને જવી જોઈએ એ સાચું, પણ તમે જુવાનિયા બધા દુઃખ દર્દોનું મૂળ ગુલામીમાં જુઓ છો તેમ હું નથી જોતો.'

'ત્યારે?'

'આપણા અજ્ઞાનમાં ગુલામી એ કારણ નથી, પણ પરિણામ છે.'

'સ્વતંત્રતા વગર કોઈ પણ જાતની પ્રગતિ અસંભવિત છે એમ આપ નથી માનતા?'

'કાલે સ્વરાજ્ય હાંસલ કરીએ તો ઘણા ઝડપી સુધારા કરી શકીએ એ સાચું છે, પણ બધી રીતે નહિ. ગુલામી કે સ્વતંત્રતા

એ બાહ્ય કવચ છે. અંદરથી પાકે એટલે ઉપરના કવચમાં ફેરફાર થવો જ જોઈએ. અને એ લોકજાગ્રતિ વગર કદાચ કાલે સ્વરાજ્ય મળે તો પણ સુખરાજ્ય માટે તો વળી આપણે પ્રયત્ન વર્ષો સુધી કરવો પડવાનો જ.'

સ્વામીજી સિપાઈ મટી આચાર્ય થયા હતા. એટલે તાત્કાલિક પ્રાપ્તિ કરતાં સ્થિર અને સ્થાયી પ્રાપ્તિ તરફ તેમની દૃષ્ટિ વધુ જતી. ક્ષણિક કરતાં સનાતનની પ્રાપ્તિમાં જ તેમનું ચિંતન તેમને દોરી જતું.

'ત્યારે સ્વામીજી, લોકોનું અજ્ઞાન દૂર કરવા માટે એક પત્ર કાઢું તો ? હું જોઉં છું કે લોકો કેટલીએ વસ્તુઓમાં સાચી સમજણના અભાવે ખૂબ સહન કરે છે.'

'કેવળ ભાટાઈ કે નિંદા કરનારા પત્રો તો ઘણા યે ચાલે છે તેમાં વધારો કરી દેશને ભારરુપ થઈશ નહિ.'

'નાજી, હું તો લોકો પાસે જ્ઞાન–મશાલ ધરવા માગું છું. જેના અજવાળે લોકોનો જીવનપથ વધુ ઉજ્જ્વળ થાય.'

'એ તો સાચું બ્રાહ્મણ કાર્ય થયું. એમાં મારી ના કેમ હોય ? લોકમત ઘડવાનું એ તો એક સબળ હથિયાર છે. મારી આશિષ છે કે તમે તેનો સદઉપયોગ કરો. પણ તું મધુરીની પણ મદદ લેજે.' ઘણી ખુશીથી. મધુરીની મદદથી તો મારું કામ બેવડા વેગે ચાલવાનું' રમણે ઉત્સાહપૂર્વક કહ્યું.

મધુરી શ્રીમંત પિતાની પુત્રી હતી પણ તેનું હૈયું મીણથી પણ પોચું હતું. સામાજિક અસમાનતાના ભારથી પીડાતા ગરીબોને જોઈને તેનું હૈયું દ્રવી જતું. સ્વામીજીની સાથે તે અવારનવાર ગરીબોના-લત્તામાં જતી. આ સામાજિક સ્થિતિને બદલે નવો સમાજ કે જેમાં કોઈ દુઃખી જ ન હોય તેની સ્વામીજી સાથે તેને ખૂબ ચર્ચા થતી. તેની

કૉલેજની ડીબેટીંગ સાયટીમાં પણ સમાજવાદની ચર્ચા ઉગ્ર રૂપ થતી તેમાં મધુરીનો અગ્રભાગ હોય જ.

'પત્રનું નામ શું રાખીશ? તણખા, ભડાકા, જ્વાળા, કે ક્રાંતિ?'

સ્વામીજીએ રમુજ કરી, ભારે તેજ શબ્દોનો જ્યાં ત્યાં વણજોઇતો ઉપયોગ થાય એટલે શબ્દોમાં પણ નપુંસકતા આવી જાય છે. એ તાકાત જન્માવવાને બદલે માત્ર રમુજ ઉત્પન્ન કરે છે.

'ના, ના, પત્રનું નામ મને તો 'દીનભેરુ' ગમ્યું છે. તમને કેમ લાગે છે?'

'બરાબર છે, નામ પ્રમાણે અર્થ સાચવશો તો શોભશે.'

'દીનભેરુ'ની મશાલની તેલ પુરણી અને બીજી વ્યવસ્થામાં રમણ બીજા દિવસથી રોકાયો.

પ્રકરણ આઠમું

રખડપટી

તરુણને ક્યમે શાંતિ વળે જ નહિ. મેઝીની, ગેરીબાલ્ડી, પ્રતાપ અને શિવાજીની શમશેરો એને સ્વપ્નામાં યે ચોંકાવતી. અસહકારના ચઢતા જુવાળમાં પુર જોશથી ઝંપલાવ્યું હતું. સ્વરાજ હાથ વેંતમાં આવ્યું એમ ઘડીભર થયું. પણ તેના ઊતરતા જુવાળે કંઇક જુવાનોની શ્રદ્ધાને ડોલાવી નાખી.

માનવહૃદયનો હૃદયપલટો થઈ શકે, પણ આખા લોખંડી ચક્કરનો હૃદયપલટો શી રીતે થાય એ તેને ન સમજાયું. એક જન્મમાં કે બે જન્મમાં થાય એ તેને પાલવતું નહોતું. તેની અધીરાઇનો અગ્નિ પ્રજ્વલી ઊઠયો. હૈયાની આગ કેમ બુઝાય ?

એક વિચાર સૂઝયો. ગામડાંમાં રખડવાનો. તરુણનો સ્વભાવ હતો સિપાઈનો, સૂઝયું કે તરત જ અમલમાં મૂકવાનો. ચાર મિત્રો સાથે લીધા. ગામડાંઓ ફરવા જોવા ટુકડી ઉપડી. દેવનગરથી આઠેક ગાઉ દૂર. નાગલપુર આવેલું. ચારસોએક માણસની વસતી. એકાદ બે બ્રાહ્મણ વાણિયાના ઘર. બાકીના મોટે ભાગે ખેડૂતો. ગામની વચ્ચે આવેલા રામજીમંદરમાં તરુણની મંડળી ઊતરી.

'છાસ પાણી મારે ત્યાં રાખજો' ગામના મોતીચંદ શેઠે કહ્યું.

'ભલે તમારી ઇચ્છા' સૈનિકોને બહુ તાણ કે આગ્રહની ટેવ હોતી નથી.

તરુણ લાંબો પડયો હતો ત્યાં સામેથી રકઝકનો અવાજ સંભળાયો.

' આવા કાચાં ચીભડાં વેચછ હરામખોર' સત્તાશાહી અવાજ સંભળાયો.

'ભાઈશાબ, કાચાં અથાણામાં કામ લાગે' વાઘરીએ નમનતાઈથી કહ્યું.

'બેસ બેસ ડાહ્યા. આવાં બગડેલ ચીભડાં વેચી ગામને માંદુ પાડવું છે કે શું ?' હવાલદારે કહ્યું.

'બગડેલ કયાં છે ભાઈશાબ' વાઘરીએ હળવેથી જવાબ દીધો.

'રોજ વેચી જાછ, કોઈ દી' તને કીધું છે.' હવાલદારે પોતાની અમર્યાદ સત્તાનું ભાન કરાવ્યું.

'ઈ તો તમારી મે'રબાની છે ભાઈશાબ.'

'મેરબાનીના રોટલા નથી થાતા' હવાલદારે પોતાના દાણનો હક્ક રજૂ કર્યો.

અણસમજુ વાઘરી સામું જોઈ રહ્યો. હજી બોણી પણ થઈ નહોતી. ત્યાં છોટા રાજા સાહેબ પોતાનો કર લેવા પહોંચી ગયા હતા. હવાલદારે હવે પેચવાળી જીભ હલાવવામાં માલ જોયો નહિ, ચીભડાની બાજુમાં બે તરબૂચ મોટાં પડેલાં. તરબૂચ લઈને હવાલદાર ચાલવા માંડયો.

'આ ચીભડું જોતું હોય તો લઈ જાવ' એમ કહીને વાઘરી ચીભડું દેવા પાછળ ચાલ્યો.

'જા જા હવે ચીભડાવાળી' હવાલદારે દમ છાંટયો, ભાઈશાબ, હજી મારે કંઈ વેચાણ નથી. અને તરબૂચ બેજ છે.' વાઘરીએ કાકલૂદી કરી.

'જા, નહિતર ખાઈ બેસીશ, એક તરબૂચમાં પાછળ આવતા શરમાતો નથી ?'

'પણ ઈ તરબૂચ તો ધરાકને આપવા છે.'

'આ ગોલ...નાને પૂરી દીધા વગર નહિ હાલે.' બોલી હવાલદાર પાછો ફર્યો. વાઘરીનું કાંડુ પકડયું.

'હાલ, થા મોઢા આગળ. તારું તરબૂચ આપું.' વાઘરીને આગળ ઢસડ્યો. બાપડો વાઘરી કાલાવાલા કરતો રહ્યો, અને હવાલદારે ઓરડીમાં તેને પૂરી દીધો.

કાયર અને ગુંડો બન્ને એક બીજાના અરસપરસ પૂરક છે. એકની હસ્તિ બીજાને આભારી છે. એક મરે તો બીજાને મર્યે જ છૂટકો. નબળાને દબાવી સબળાની ખુશામત કરવી એ મનોદશાવાળા વર્ગનો હવાલદાર પ્રતિનિધિ હતો. હવાલદારની આ ગુંડાગીરી તરુણથી જોઈ શકાણી નહિ. તેનું મગજ સિપાઈનું હતું. ચોરા ઉપરથી નીચે ઊતર્યો.

'કેમ, હવાલદાર ! તમે આ શું માંડયું છે ?'

'તમે કોણ છો પૂછનાર ?'

'હમણાં ખબર પડશે, કોણ છું પૂછનાર તે. પેલા રાંક વાઘરીનું તરબૂચ પડાવી લીધું ને પાછો ઉપરથી તેને પૂરી દીધો.'

સત્યાગ્રહના પુરજોસમાં અદનામાં અદનો સૈનિક પોતાને રાજ્યના સત્તાધીશનો સમોવડીયો ગણતો. તરુણમાં હજી એ ખુમારી હતી. હવાલદારને છાતી હતી નહિ. તેને તો માત્ર એટલી જ ખબર હતી કે ગાંધીવાળાઓએ મોટા મોટા રાજ્યોને પણ તોબાહ પોકરાવી હતી.

'હું કાલે જ દેવનગર જાઉં છું. તમારો બધો દોર સીધો થઈ જશે.'

તરુણે દમ ભીડાવ્યો. જરા દમથી કામ સરી જતું હોય તો ડગલે પગલે સત્યાગ્રહ કરવાનું તરુણનું માનસ હતું જ નહિ.

'અરે એ તો અમથો તેને બીવડાવવા પૂર્યો છે. હમણાં છોડી દઉં છું. બાકી વાઘરીની જાત એમ સીધી ચાલે ?' હવાલદારે નમતું મૂકયું.

'કાંઈ કારણ ? બાપડા ગરીબ માણસને નાહકના સતાવો છો ? હમણાં ને હમણાં તેને છોડી મુકો.' સત્તાવાહી અવાજે તરુણે કહ્યું.

બે પગ વચ્ચે પૂછડી લઈ જતા કૂતરાની મનોદશામાં અને હવાલદારની મનોદશામાં કશો ફરક નહોતો. બોલ્યા ચાલ્યા વગર તેણે સીધો વાઘરીને છૂટો કર્યો. ગરીબ વાઘરી કોઈ મહા અપરાધમાંથી નજીવી સજા ભોગવી છૂટતો હોય એવા આશ્વાસન સાથે છૂટયો, અને ચીભડા સંભાળ્યા.

તરુણ ચોરે લાંબો થઈને પડયો. આ રાંક મૂંગી અને અબોલ પ્રજાને પોતાની માણસાઈનું ભાન કયારે થાય તેના વિચારોમાં ગુંથાયો. સત્તાધીશો જનતાના માલિક નહિ પણ સેવક છે એવી સીધી સમજ તેમને કયારે આવે? પ્રજામાં પ્રાણ પ્રતિષ્ઠા વગર એ કાર્ય મુશ્કેલ લાગ્યું. વર્ષોના સતત પ્રયત્ન પછી કંઈક થાય પણ જુવાન લોહીને વરસો સુધી થોભવું શે પાલવે! ત્વરિત રસ્તો ? સીધો રસ્તો ? આ જન્મમાં સફળ ન થાય તો આવતો જન્મ કોણે જોયો છે? એક જ માર્ગ અને તેનું મોઢું દઢ રીતે ભીડાયું. આંખોમાં નિશ્ચય જણાયો. તેના જુવાન લોહીને આ રેંટિયો, આ ખાદી, કયારે સ્વરાજ લાવે તેનો હિસાબ ગણતાં હાજા ગગડી ગયા. એ તંદ્રામાં પડયો.

રાત્રે ચોરામાં નાનકડી સભા થઈ. લોકોને મન તો આ ખૂબ નવીન વાત હતી. જુવાનોએ સ્વદેશી, ખાદી અને સ્વરાજ્ય વિષે

ખૂબ વાતો કરી. ગામડાંનાં લોકો માનસિક ખોરાકના ખૂબ ભૂખ્યા હોય છે. જ્યારે શહેરોમાં સભા, ભાષણો અને પુસ્તકોનો અપચો થયો હોય છે છતાં ભરતામાં ભરતી થાય છે, અને ભૂખ્યાને કટકો નથી મળતો એ સામાજિક બંધારણની કે રાજકીય બંધારણની વિચિત્રતા છે.

બીજે દિવસે સવારે ટુકડી ઉપડી. નાગલપુરથી ચાર ગાઉ દૂર એ મહાલનું ગામ રાણીવાવ આવેલું. ગામમાં વસ્તી સંખ્યા પણ ત્રણેક હજારની. પ્રમાણમાં વેપાર પણ ઠીક ચાલે. આજુબાજુનાં ગામડેથી માણસો હટાણું કરવા પણ ત્યાં રોકાય, ગામમાં મેજીસ્ટ્રેટ, ફોજદાર, નાનકડી જેલ વગેરે વ્યવસ્થાનો સાણસો તૈયાર હતો. જેથી જનતા રૂપી નાગ ન ચસે કે ન ફુલે. કાયદાઓના વધારાથી સંસ્કૃતિ વધે છે કે સંસ્કૃતિ પીછેહઠ બતાવે છે એ પ્રશ્ન છે.

રાણાવાવ જઈને સીધા ચોરાની ભીંતે પત્રિકા ચોડી કે આજ સાંજે ચોકમાં સભા છે. ગામના લોકો ભારે કુતૂહલથી જોઈ રહ્યા. પણ આ નવા મહેમાનોનો આવો નિરંકુશ વર્તાવ પોલીસોથી ન દેખી શકાયો. 'કોની રજાથી તમે કાગળિયાં ચોડો છો' એક છોકરડા સરખા સિપાઈએ ચોપાનિયાં ભીંતેથી ઉખેડ્યાં.

'અરે એ કાગળિયાંને કેમ ઉખાડે છે?' તરુણ સાથે આવેલ એક ગૌરવર્ણના જુવાનનો મિજાજ ગયો. તરુણે શાંતિની નિશાની કરી નહિતર બન્ને આખડી પડત,

'આ ગામમાં તમારું ધાંધલ કાંઈ નહિ ચાલે' એક મુખી જેવા માગતા સિપાઈએ કહ્યું.

'અમે ધાંધલ કરવા નથી આવ્યા. સ્વદેશી વિષે અમારે તો કહેવું છે' તરુણે ધીમાશથી કહ્યું.

'ઈ કાંઈ અમે ન સમજીએ, ન્યાયાધીશ સાહેબની પરવાનગી લઈને કરવું હોય તે કરો.' નાયકે કહ્યું.

'પરવાનગીની જરૂર નથી, છતાં ચાલો મેજીસ્ટ્રેટ પાસે'

'ચાલો.'

ત્રણ પોલીસો ને પાંચ સૈનિકોનું ધાડિયું મેજીસ્ટ્રેટને ઘેર ગયું. અભેચંદ મેજીસ્ટ્રેટ પૂજામાંથી હમણાં જ બહાર નીકળેલા. તેમના જૈનત્વનો સૂચક ચાંદલો કપાળમાં શોભી રહેલો. ધાર્મિક પ્રવૃત્તિમાંથી બહાર નીકળતાં વેંત જ આ લપ કયાં આવી પડી, એમ થયું. ભવાં સંકોચાયાં. નાટક તરફ પ્રશ્નસૂચક દૃષ્ટિથી જોઈ રહ્યા.

'સાહેબ, આ ગાંધીવાળા આવ્યા છે, ને ચોપાનિયાં ચોડે છે ને સભાઓ ભરશું એમ કહે છે.' નાયકે અદબથી કહ્યું.

'કેમ ભાઈ, અહીં એવું ધાંધલ શા માટે ?' ન્યાયાધીશને છાજે તેવા પ્રૌઢત્વથી અભેચંદે કહ્યું.

'અમે તો માત્ર સ્વદેશી ને ખાદી વિષે લોકોને કહેવા માગીએ છીએ' તરુણે કહ્યું.

'તમારાથી અહીં સભા થઈ શકશે નહિ.'

'પણ તેમાં વાંધો શું છે.'

'મનાઈ હુકમ છે.'

રકઝકને અંતે મેજીસ્ટ્રેટે ફકત સ્વદેશી વિષે ગીતો ગાવાની પરવાનગી આપી.

'પણ ગીતો મને બતાવો પહેલાં' ગીતો જોયાં.

સૈનિકો ચોરા તરફ વળ્યા. ઓચીંતું ફોજદારને કંઈ સૂઝી આવ્યું.

'સાહેબ, આ ગાંધીવાળાને ગીત ગાવા દેવા તેવો અમને લેખીત હુકમ આપો.'

'કેમ ?'

'તમે તો મોટા અમલદાર રહ્યા, કંઈક ઉપરથી વાંધો નીકળે તો તમને તો કાંઈ થાય નહિ, અમે નાહકના રખડી મરીએ.'

'હું લેખીત નહિ આપી શકું' ફોજદારના ભયનો ચેપ મેજીસ્ટ્રેટને પણ લાગ્યો. તેમના શાંતિપ્રિય સ્વભાવે માંડ સમાધાન આણ્યું હતું, ત્યાં ફોજદારે નવી બલા કાઢી.

'તો અમે ગીત કે ભાષણ થવા દેશું નહિ.'

'તો તમારી ઇચ્છા.'

ફોજદાર ને સિપાઈઓ ચોરે ઉપડયા.

'તમે સાંજ પડયે ગામમાંથી નીકળી જાવ.'

'કેમ, ભાઈ?'

'તમને ગીત કે ભાષણ કાંઈ કરવા દેવામાં નહિ આવે.'

'મેજીસ્ટ્રેટે રજા આપી છે.'

'લાવો લેખીત હોય તો.'

'તમે મેળવી લ્યો, અમે તો સભા ભરશું' તરુણે નિશ્ચયથી કહ્યું.

'ઠીક, ત્યારે લેજો સ્વાદ.'

ફોજદાર વાંકું મોઢું કરી મરડાટમાં ચાલ્યો ગયો. તરુણ અને સૈનિકો ખડખડાટ હસી પડયા. ફોજદારની ચીડ વધી. સાંજ પડી. ફટોફટ દુકાનો બંધ થવા માંડી. થોડીવારમાં તો બજાર સુમસાન થઈ ગયું. થોડાઘણા પોલીસો હાથમાં લાકડી લઈને આંટા મારતા હતા.

લોક સહુને દબડાવીને ધમકાવીને ડેલીઓમાં પૂરી દીધા હતા. ગામ ઉપર ધાડપાડુ કે બહારવટિયાનો હલ્લો આવ્યો હોય એવી તકેદારી ને તજ વીજ પોલીસોએ રાખી. અંધારું વધતું જતું હતું. આજ તો ચોરાની બત્તી પણ કોઇએ સળગાવેલી નહિ. તરૂણ અને તેના સાથીઓ ચિંતામાં પડયા કે સભા તો રાખી પણ કોઇ આવશે કે નહિં.

વખત વધતો જતો હતો, કોઈ આવે તેમ જણાયું નહિ. ગમે તેમ થાય પણ ગામને ગીત તો સંભળાવવા.

' નહિ નમશે નહિ નમશે' એકે શરૂ કર્યું. બીજાએ ઝીલી લીધું ત્યાં તો સાત આઠ માણસો હાથમાં ડાંગ લઈને દોડયા આવ્યા. બોલાવનારના વાંસામાં એકે લાઠી પ્રહાર કર્યો.

'ઇન્કીલાબ ઝીંદાબાદ' સામે જોરથી જવાબ આવ્યો. સિપાઈઓ ઝનૂન ઉપર ચડયા. રાત અંધારી ઘોર હતી, લાઠીપ્રહારની શી અસર થાય છે એ અંધારામાં જોઈ શકાતું નહોતું. માત્ર ફટકાનો અવાજ ને સામા 'ઇન્કીલાબ ઝીંદાબાદ'ના પોકારે ગામમાં કુતૂહલ જાગ્યું. પણ મગદૂર નહોતી કોઈની કે બહાર નીકળે. મર્દની ખાસિયત એ હોય છે કે પડતા ઘા આડો પડે. કાયર 'હાશ આપણે બચી ગયા' સમજી આશ્વાસન લે. આમ અડધોક કલાક ચાલ્યું. બે એક લાઠી ભાંગી ગઈ. સિપાઈઓના હાથ થાકયા, ને હૈયાનું માર્દવ જાગ્યું. સાથોસાથ રખેને કોઈનો જાન ગયો હોય એવી બીક પણ જાગી. પોતાના મૃત્યુની માત્ર બીક લાગે છે, પણ પોતાના અન્યાયથી થયેલ પારકાના મૃત્યુની વેદનાતો જીવનભર જડાયેલી રહે છે.

'રસ્તે પડવું છે કે હજી ધરાણા નથી' મુખ પર કૃત્રિમ કઠોરતા લાવી ફોજદારે પૂછયું. ભીંત પર માર્યા પછી એ મારની અસર પોતાના હાથ ઉપર જ જણાય છે. તેમ જ્યાં જ્યાં અપ્રતિકાર હોય

છે, સામી હિંસા નથી હોતી, ત્યાં પોતાના ક્રોધ અને દ્વેષનું ભારણ અને વેદના મારનાર પ્રત્યે જ પાછી વળે છે.

'અમે અહીંથી હઠવાના નથી. તમે થાય તે કરી લો' મહામુશીબતે ભાષામાં સંયમ લાવી તરુણે કહ્યું.

'આ એમ નહિ માને, એલા, ઢસડો એને ખીરસરાની સડક પર.'

ઢસડતા અને ધક્કા મારતા સૈનિકોને લઈ ગયા ખીરસરાને રસ્તે. ગામથી દોઢ ગાઉ દૂર સડક ઉપર નાખ્યા. સૈનિકોનો સામાન પણ સાથે લાવ્યા હતા. એ બધું ત્યાં નાખી ચાલતી પકડી. સૈનિકો થાકયા પાકયા ત્યાં જ પડ્યા રહ્યા. એ જ બીસ્તરા ને થેલી ઉપર લાંબા પડ્યા. અને મારનું દુઃખ ભૂલવા પ્રકૃતિમાતાને શરણે લોટી ગયા. નિશાદેવીએ પોતાની શાંતિમય શીતલ ચાદર તેમના ઉપર બીછાવી દીધી. માતાની મીઠી હૂંફાળી ગોદમાં બાળક દુઃખ ન ભૂલે તો કયાં ભૂલે ?

પ્રકરણ નવમું

શિખા પ્રગટી

"કાં તરુણ, તારી મહેમાની તો રાણાવાવ બહુ થઈ એમ મેં સાંભળ્યું.' માંદા તરુણના ખાટલા ઉપર બેસતાં સ્વામીજીએ કહ્યું.

'તમારા શિષ્યની મહેમાની તો એને છાજતી જ થાય ને ?' તરુણના માથા આગળનું ઓશીકું સરખું કરતાં જ્યોતિએ કહ્યું.

'પણ તરુણ, વિગતથી વાત તો કર. શું બન્યું તે.'

'ધૂળ વાત કરે, આમ તો વર્ષોએ પણ આરો આવે તેમ નથી.' તરુણે નિખાલસતાથી કહ્યું.

'હું જાણું છું, તરુણ, તારા દિલમાં ભડકા બળે છે, પણ ઉપાય તો મેં કહ્યો એ સિવાય બીજો નથી.' સ્વામીજીએ કહ્યું.

'એ તમારો ઉપાય આશ્રમ પૂરતો રાખો, અમને હવે અમારે માર્ગે જવાની આશિષ આપો' તરુણે કહ્યું.

'જો તમારો માર્ગ સાચો લાગે તો માત્ર આશિષ આપી બેસી રહું એવો બ્રાહ્મણ હું નથી. હું તમારો અગ્રેસર થઈશ.'

'દુન્યવી વહેવારમાં તમારો ઉપાય કોઈયે કામ લાગ્યો નથી. જગતમાં બધે નજર ફેરવો. એકને ભોગે જ બીજાં જીવતાં માલૂમ

પડે છે, ત્યાં તમારા પ્રેમ અને અહિંસાના પરપોટા કેટલા ચાલવાના છે? પણ તમે આટલા દિવસ કયાં હતા એ વાત તો તમે મને કરી નહિ.'

'આજુબાજુના ગામડાંમાં આણુસાલ હીમ પડયું છે, એટલે પાક અધો બળી ગયો છે. ખેડૂતોને રાહતની જરુર છે, તેમની સ્થિતિ તપાસવા ગયો હતો.'

'રાજ્ય મદદ કરશેને ?' જ્યોતિએ પૂછયું.

'રાજ્યે તો ખેડૂતોને મહેસૂલ તાકીદે ભરી જવાની માગણી કરી છે. ખેડુતોની સ્થિતિનું નિવેદન હું સૂબા ઉપર એક બે દિવસમાં મોકલીશ.'

'એમ સૂબો સમજવાનો છે ?'

'સૂબો નહિ માને તો ?' જ્યોતિએ કહ્યું.

'શહેરના નાગરિકોની એક સમિતિ હું ગામડામાં લઈ જઇશ. અને પછી તેમની સહીથી એક નિવેદન રાજ્ય ઉપર મોકલીશ. બીજી બાજુ ખેડૂતો પોતે પણ અરજીએ આવવાના છે. સ્વામીજીએ પગ લાંબો કરીને કહ્યું.

'અરજીને નિવદન તો ઘણાયે કર્યા. આપણે હવે બીજે તબક્કે ઊભા છીએ. કંઇક સીધું કાર્ય 'તડ ને ફડ' થાવું જોઇએ.' આકરા તરુણે કહ્યું.

' સાચી વાત છે બેટા તરુણ, સીધા કાર્ય જેવી જલદ વસ્તુ બીજી નથી, પણ સમય, મોકો અને સંજોગોની તમે જુવાનો ગણના નથી કરતા. પણ સીધું કાર્ય તું શું કરીશ એ તો મને કહે.'

' બીજું શું ખેડૂતોનું સંગઠન' તરુણે તડફડ કર્યું.

'જલદ વાતો તમને બહુ ગમે છે એ હું જાણું છું. પણ એ કોને હિસાબે ને જોખમે થાય છે, એની જ માત્ર તમે ગણના નથી કરતા.'

'એ ગણતરી તમે કર્યા કરજો, અમે તો સીધું કામ જ હાથમાં લેશું.'

તરુણે ચર્ચાના રસમાં જરા તોછડાઇથી કહ્યું.

'હું યે સીધા કામની વાત જ કરું છું. પણ એ સંગઠન અને સીધું કામ અહીં બેઠા થાય? ખેડુતોની વચમાં રહો, તેના જેવા થાવ, તેના સુખદુઃખના ભાગી બનો પછી તેમના તારણનો કાર્યક્રમ ઘડજો. અદ્ધર વાતોનો અર્થ નથી.'

'કોણ જાણે તમારી તો શી કલ્પના છે?'

'કલ્પનાના મનોરાજ્યમાં તો તમે જ રમ્યા કરો છો. હું તો તમને બધી કલ્પના સેવ્યા પછી આજે શું કરવું તે જ બતાવું છું.'

'સ્વામીજી, સાચું કહું? મને તો આ તમારી ગોકળગાયની ગતિ જરાયે રૂચતી નથી.' અધીરા તરુણે કહ્યું.

'તારા કરતાં મારી અધીરાઈ વધુ છે, સ્વાતંત્ર્ય તમને વહેલું મોડું આવે તો પોષાય કેમકે તમે મારા કરતાં લાંબુ જીવશો, પણ અમને તો મર્યા પહેલાં જ એ મળી જાય એવી અધીરાઇ છે.'

'પણ તો ચાલો મારી સાથે, શસ્ત્ર લઇએ.'

'બેટા, તારી જુવાની તને લાંબો વિચાર કરવા દેતી નથી, તું આજને પણ ઓળખી શકયો નથી અને આવતી કાલ સર્જવાના સ્વપ્ના સેવે છે.' સ્વામીજી ગંભીર થઈ ગયા.

'બેઠા રહેવાનું આપણું કામ નથી.'

'પણ હું તને કામ બતાવું.'

'કહો.'

'તું આખા હિંદનું પરિભ્રમણ કર, એટલે ભારતવર્ષ શું એનો તને ખ્યાલ આવશે.'

'પછી ?' ઉત્સુકતાથી જ્યોતિએ કહ્યું.

'તું શસ્ત્રની નકામી વાતો મૂકી ઠેક ઠેકાણે ખેડૂત સંઘો ઊભા કર પછી એ સંઘોનું આપણે એક સંગઠન 'અખિલ હિંદ ખેડૂત સંઘ' નામે ઊભું કરશું.'

'કેટલા વર્ષે? હું ઘરમાં બેસું પછી સફળ થાય.'

'પણ એક દિવસમાં તારાથી કશું થવાનું નથી. નાહકની અધીરાઈ કરી કાર્ય ને બગાડીશ એટલું જ. પણ વધુ નહિ તો તું પાંચ વર્ષ આ કાર્ય પાછળ આપ.'

'પાંચ વર્ષ તો સ્વામીજી કહે તે મુજબ તમારે આપવા જોઈએ.'

ઘંટડીના રણકાર જેવા મધુર અવાજે જ્યોતિએ કહ્યું.

'બાકી અંધારામાં ભુસકો માર્યે કામ થઈ જાતું હોય તો હું હમણાં સામા ટાવર ઉપરથી ઠેકડો મારું' દૂર દેખાતા ટાવર તરફ નજર નાખી સ્વામીજીએ કહ્યું.

'કબૂલ છે, સ્વામીજી, તરુણભાઈ એટલું તો તમારું માનશે જ.'

'તો એનું, દેશનું અને સૌનું કલ્યાણ છે.'

તરુણ મૌનપણે સાંભળી રહ્યો, એની નજર સમક્ષ લેનીન તરતો, ગેરીબાલ્ડી અને મેકસ્વીની એના નિત્યના માનસિક મિત્રો હતા. તેની બધી આગ ઉપર આ અર્ધ ઋષિ જેવા દેખાતા

સ્વામી ઠંડુ સિંચન કરતા હતા. પ્રાચીન અને અર્વાચીન ક્રાન્તિકારોની આગ ભરી ભભકને સ્વામીજી આર્યાવર્તની ધીર ગંભીર શીતલ પ્રેરણામાં ફેરવવા પ્રયત્ન કરતા હતા. તરુણના તેજસ્વીપણાનો સ્વામીને પૂરતો ખ્યાલ હતો, પણ એ હીરાને પાસો નહોતો. એને પાસો પાડી કુંદનમાં જડવાનો સ્વામીજી પ્રયાસ કરી રહ્યા હતા.

'આ જ્યોતિબાલાને તો કાંઈક કામ સોંપો.'

'અરે જ્યોતિ માટે તો ઘણું કામ છે. નામ જ્યોતિ રાખ્યું છે તે કાંઈ સાર્થક નહિ કરે ?' સ્વામીજીએ રમુજ કરી. તેમની ટેવ મુજબ તેમની રમુજમાં પણ કાંઈક તો અર્થ હોય જ

'ઘેર ઘેર દીવા કરે તો નામ સફળ થાય' તરુણે કહ્યું.

'તદ્દન સાચું. અંધારા ઘરોમાં જ્યોત જગાવા જ આપણે જ્યોતિને મોકલવી છે. આપણું એક અંગ આજે પક્ષપાતથી પીડાયેલું છે. એ સ્ત્રી સંઘને જો જ્યોતિ જગવી શકે તો દેશની મોટી સેવા થાય.'

'શી રીતે ?'

'એજ હું કહેવા જતો હતો. આપણો સ્ત્રી સમાજ વર્ષોની ઘોર નિદ્રામાં પડ્યો છે. તેમના ઉપર વહેમના, અજ્ઞાનના જાળાં બાઝી ગયાં છે. તેમાં પણ કંઈક અધૂરું હોય તેમ ઉપર પુરુષ સમાજની અણઘટતી લગામદોરી રહેલી છે. વર્ષોના પ્રયત્ને સ્ત્રીને પોતાના સાચા સ્ત્રીત્વનું ભાન થશે, અને તે ઘડીએ ઘેર ઘેર આનંદ મંગળ અને કિલ્લોલ વર્તશે,' સ્વામીજીએ આંખો મીંચી દીધી. કોઇ દૂરના સ્વપ્નમાં લીન થયા હોય તેમ ધ્યાનસ્થ સ્થિતિમાં ઘડીભર રહ્યા.

'કેળવાયેલી સ્ત્રીઓમાં તો જાગૃતિ આવતી જાય છે' જ્યોતિએ હળવેથી કહ્યું.

'તેને હું જાગ્રતિ નહિ કહું, જ્યોતિ, પુરૂષત્વની હરીફાઈ કે નકલમાં ઊતરનારી સ્ત્રીઓને હું જાગ્રત નહિ પણ રોગીષ્ટ કહું. સ્ત્રી પોતાના સ્ત્રીત્વમાં જ ગૌરવ ભાળશે, તે ઘડીએ તેનો આદર્શ સ્વતંત્ર રચાશે. આજે તો હું જોઉં છું કે સ્ત્રીનો આદર્શ તેના સ્ત્રીત્વના ગૌરવ ઉપર રચાયેલો નથી, પરંતુ પુરૂષત્વની મહત્તા ઉપરથી રચાયેલો નકલિયો આદર્શ છે.'

'એ વાત તો સાચી, પણ શું અમારે કેળવણી ન લેવી ?'

'ના, કેળવણી તો તમે હજી વધુ લો. પરંતુ તમારાં સ્વત્વને ભૂલીને નહિ એટલું જ હું તો યાદ આપું છું. પુરૂષ અને સ્ત્રી પોતપોતાને સ્થાને શોભે છે. પુરૂષમાં પ્રચંડ પુરૂષાર્થની ઉષ્મા છે, તો સ્ત્રીમાં પરમ કારૂણ્યની શીતળતા છે.'

'મારે શરુઆત શી રીતે કરવી ?' જ્યોતિ મુદ્દા ઉપર આવી.

'ખેડૂત સંઘની માફક નારી સંઘની પણ એટલી જ જરૂર છે. એવા સંઘ દ્વારા ગૃહઉદ્યોગ અને કેળવણીથી શરુઆત કરી સર્વદેશીય જાગ્રતિ સ્ત્રી સમાજમાં લાવી શકાય. અને સ્ત્રી સમાજમાં જાગ્રતિ આવી કે વર્ષોનું કામ દિવસમાં થયું સમજજો' દૃઢ વિશ્વાસથી સ્વામીજીએ કહ્યું. નિરવ ચુપકીદી પથરાણી. સ્વામીજી હાસ્ય અને ગેલ ખૂબ કરતાં. છતાં ચર્ચામાં તેમનું આચાર્યપણું અચૂક તરી આવતું. ત્યારે તેમના શબ્દો અને મુખાકૃતિમાં એવું ગાંભીર્ય પથરાતું કે ચર્ચાને ત્યાં અવકાશ નહોતો રહેતો.

સાંભળનાર જાણ્યે અજાણ્યે શિષ્ય ભાવ સ્વીકારી લેતો; અને મનઃપ્રદેશ પર સ્વામીજીના વાક્યો સૂત્રોની માફક કોતરાઈ રહેતાં.

તરુણે જાણે નવો સંદેશ મળ્યો હોય એવા ઉત્સાહથી કામ કરવા માંડયું. ગામડે ગામડે ઘૂમવા મંડયો. ઘૂમતાં ફરતાં ખેડુતજીવ-

નનાં દુઃખનાં કંઈક અનુભવો થયા, વર્ષોની સતત મહેનત વગર એનું નિરાકરણ નહિ થાય એમ તેની ગણત્રીબાજ બુદ્ધિ બતાવતી. બીજી બાજુ આ સ્થિતિ વર્ષો સુધી શી રીતે સહી જાય એ તેને ન સમજાતું. એનો તાત્કાલિક પલ્ટો જબ્બર વિપ્લવ વગર તેને અશક્ય લાગ્યો છતાં સ્વામીજીને આપેલા પાંચ વર્ષ તો પૂરાં કરવાં જ એવો તેણે નિશ્ચય કરેલો. ભાંગ્યાં તૂટયાં ઝૂંપડાં અને તેમાં વસનારાં લોહી વગરનાં સુકાં હાડપીંજર જોઈ તેનું હૃદય બળી જતું. અર્ધભૂખ્યાં દેહાતીઓ, તેના ચીથરેહાલ છોકરાં, અને દુઃખમાંયે સુખ માનતી તેમની સ્ત્રીઓમાં તેણે મૂર્તિમાન દરિદ્રતા અને કંગાલિયત જોઈ. લોકોનું જીવનધોરણ શી રીતે ચડાવાય એ રાતદિનનો મૂંઝવતો પ્રશ્ન હતો. તેનો એક જ ઉપાય તેને લાગ્યો કે શ્રમજીવીઓની મહેનતનું ફળ તેમને જ પૂરતું મળવું જોઈએ. તેની આડે આવતાં હરેક બળો તોડવાં જોઈએ. આમ ઘાણીના બળદની માફક તેની વિચાર–સરણી ફરી ફરીને રાજ્યસત્તા તરફ જ જતી.

ખેડૂતોને પોતાની સ્થિતિનું ભાન કરાવવું તેણે શરૂ કર્યું. ઠેક ઠેકાણે ખેડૂતોના સંઘો સ્થાપ્યા. શરુઆતમાં તેમને અક્ષરજ્ઞાનથી શરુઆત કરાવી અને દવાદારૂદ્વારા આજુબાજુના બધા પ્રદેશોનો તે ભોમિયો થઈ ગયો. તરુણનું નામ બે એક વર્ષમાં તો આજુબાજુના ગામડાંઓમાં ખેડૂતોના ભાઈબંધ તરીકે જાણીતું થઈ ગયું.

સ્વામીજીના સંદેશાનું રહસ્ય તેને હળવે હળવે સમજાવા લાગ્યું. પણ તેના આકરા સ્વભાવને આમ વર્ષો ગાળવા પાલવતાં જ નહોતા. બે વરસ ખેડૂતોમાં ગાળ્યા પછી એની અધીરાઈ બમણી વધી. રશિયન સાહિત્ય સમાજવાદી સાહિત્ય પણ તેણે પુષ્કળ વાંચ્યું. સ્વામીજીના સ્નેહબંધનને તો તોડી શકે તેમ હતું જ નહિ, પણ બુદ્ધિ ને નવા રંગો ચડવા લાગ્યા હતા.

સ્વામીજીની નિત્ય પ્રેરણાથી જ્યોતિએ પોતાના અભ્યાસનું સ્થળ બદલ્યું. ફરતા સ્ત્રીપુસ્તકાલયથી તેણે શરુઆત કરી, ઘર કામથી નિવૃત્ત થયેલી સ્ત્રીઓને બપોરે અક્ષર જ્ઞાન આપવું શરુ કર્યું. રાસ ગરબા દ્વારા દેવનગરના મહિલા સમાજમાં તેણે પ્રાણ પૂરવો શરુ કર્યો. જાગ્રતિ એ ચીનગારી જેવી છે કે જે બીજાને સળગાવ્યા વગર રહેજ નહિ. સ્ત્રી સમાજની જાગ્રતિ અનેકરંગી સર્વદેશીય બની.

રમણનું 'દીનભેરુ' એ શંખનાદ સમું હતું. તેના પ્રબળ વેગ અને શક્તિનો સ્વીકાર તેણે જનતામાં કરાવ્યો હતો. બે વર્ષના ટૂંક ગાળામાં રમણે પોતાના પત્રને ખૂબ સુંદર વિકસાવ્યું હતું. પત્ર એ ગાળો દેવાનું કે ભીરુઓને ડરાવવાનું શસ્ત્ર નથી, પણ પત્રકારીત્વ એ કળા છે, કે જેના વિકાસમાથી ફૂલની ફોરમ છૂટે અને તેના નામ મુજબ સદાયે તે ગરીબોના જ પક્ષે ઊભું રહેતું હોવાથી આમ જનતામાં તેણે સારું સ્થાન અને ચાહ મેળવ્યા હતા. અને 'દીનભેરુ'ના સહતંત્રી તરીકે મધુરી હોવાથી સ્ત્રીસમાજમાં પણ 'દીનભેરુ' સારો આદર પામ્યું હતું. આમ બ્રહ્માની નાભિમાંથી જેમ કમળ નીકળે તેમ સ્વામીજીના જીવંત પ્રેરણા–પુષ્પો પોતાની સુગંધ અને ફોરમ જુદા જુદા માર્ગો દ્વારા ફોરી રહ્યા હતા.

પ્રકરણ દસમું

ચમત્કાર

'**મા** બાપ, ઓણુ સાલ તો ખમૈયા કરો તો સારું' માથા ઉપર ફાટેલ ફાળીઉં વીંટેલું એવા એક ખેડૂતે કહ્યું. ચોરા ઉપર ડાયરો જામેલો. નથુરામ વહીવટદાર ફાંદ ઉપર હાથ ફેરવતા ગાદી તકિયા ઉપર પડયા હતા. આજુબાજુ ખેડૂતો બેઠેલા. થોડા ચોરા નીચે ઊભેલા. ઓણુ સાલ વરસ બરાબર થયું નહોતું. મહેસૂલની માફી થવી જોઇએ એવો પોકાર બધા ગામડાંમાંથી તથા ખેડૂત સંઘો તરફથી આવેલો, પણ દેવનગરના સૂબાને ભ્રમણા થયેલી કે ખેડૂતો બધા જુઠા છે અને બીજાના ચડાવ્યા બોલે છે, તેના પોકારમાં કાંઈ વજુદ નથી એમ તેને તેના આલેશાન મહેલમાં બેઠા બેઠા લાગ્યું. સત્તા ચલાવવાનો ઈશ્વરી હક્ક પોતાને છે એમાં તો કોઈ દિવસ તેને શંકા હતી જ નહિ. પણ સાથોસાથ પોતે જોઈ ન શકે તે બીજા પણ ન જોઈ શકે એવી માન્યતા હતી. તેથી નથુરામ વહીવટદારને તેણે કડક હુકમો આપીને મહેસૂલ ઉઘરાવવા મોકલ્યા.

'ખમૈયા બમૈયા હું કાંઈ ન જાણું. મહેસૂલ તુરત ભરવામાં તમને લાભ છે.'

'પણ બાપજી, મેઘજી પટેલ સાચું કહે છે, ઓણુ સાલ તો કાંઈ રહ્યું નથી તે આપી શકીએ' એક દુર્બળકાય લાંબા ખેડૂતે કહ્યું.

'શેનું રે, દીકરા–દીકરી વરાવવામાં તો આઘું પાછું જોતાં નથી, ને રાજ્યને દેવું પડે તે આકરું લાગે છે કાં !' નથુરામ વહીવટદારનો દીકરો હમણાં જ પરણેલો, તે બેંડ, ફુલેકાંની ધામધૂમમાં ફક્ત એથી ત્રણ હજાર ખરચેલા, પણ ખેડુ દીકરા દીકરીના લગ્ન પાછળ ખર્ચે એ તો જંગલી કુધારો એમ તેમની દૃઢ માન્યતા હતી.

'ઈ, વાત સાચી, પણ ઘરમાં ખાવાયે નથી રહ્યું ત્યાં રાજ્યને ક્યાંથી આપીએ ?'

'ખાવા ક્યાંથી રે ? રાજ્યને પણ ખરચા હોય છે; ઈ ખબર છે ને ?'

'અમારાં છોકરાં ભૂખે મરે છે ને રાજ્યને ક્યાંથી આપીએ ?' એક જુવાન ખેડુતે કહ્યું. રાજ્યનાં ખર્ચમાં મોટરગાડી બંગલા સિવાય તેણે બીજું કાંઈ જોયેલું નહિ.

'ઝખ મારીને આપો, ઘર વેચીને આપો. કાંઈ પાડ કરછ ? એમ રાજ્ય શું મૂકી દેશે ?' જુવાન ખેડૂતના વાક્યથી વહીવટદારની મોટાઈ ઘવાણી, વૃદ્ધ ખેડુતો માન અને ખુશામતથી તેની સાથે વર્તતા, તેથી તેની મોટાઈ પોષાતી, એટલે નરમાશ તેના વર્તાવમાં સ્હેજે રહેતી. પણ આ જુવાન ખેડૂત જે ખેડુ સંઘનો સભ્ય હતો તેના વાક્યથી વહીવટદાર છંછેડાઈ પડયો.

'એલા, રવજી તું બોલ્યા વિના બેસને ! બોલતાં આવડે નહિ ને બોલવું ઈ શું ?' મેઘજી પટેલે ઠપકો આપ્યો. આ જુવાન છોકરો બોલીને બાજી બગાડી દેશે કે શું એવો તેમને ભય લાગ્યો. તેણે પાછી સમજાવટ આદરી.

'ના, ના, સાબ, એને બોલતાં નથી આવડતું. રાજ્ય તો અમારું માવતર કહેવાય, અમારા દુઃખ ઈ નહિ જોવે ત્યારે કોણ જોશે ? અને તમ જેવા બેઠા હોય ત્યાં અમને કાંઈ વાંધો આવે જ નહિ.'

જૂના અને નવા વચ્ચેનું અંતર બહુ ઝડપથી વધતું જાય છે. અઢારમાં સૈકાના વૃદ્ધો અને જુવાનોના અંતર કરતાં આજના વૃદ્ધો અને જુવાનો વચ્ચેનું અંતર ઘણું વધતું જાય છે. જમાનાના વધવા સાથે વિચાર પ્રવાહનો વેગ પણ ઝડપથી વધતો જાય છે.

મુરબ્બીવટ ભોગવવા તથા ખુશામત સાંભળવાને ટેવાયેલા નથુરામ વહીવટદાર થોડા ઘણા પીગળતા, પણ મહેસૂલ ઉઘરાવવાનો રાજ્યનો કડક હુકમ હતો. વળી મહેસૂલ સારી રીતે ઉઘરાવી સૂબાની કૃપાદૃષ્ટિ મેળવી હજી ઊંચે ચડવાની તેમને અભિલાષા હતી.

'બીજું કાંઈ નહિ. તમારું ભલું ચાહતા હો તો મહેસૂલ આપી દો.'

'કયાંથી આપીએ ! આવતી સાલ સુધીના દાણાયે નથી.' રવજી ફૂફડી ઊઠયો.

'કયાથી આપીએ ? ઘર વેચીને આપ, તારી ઓરત વેચીને આપ. આનો મદ તો બહુ વધ્યો છે, પણ ઊતરી જશે.' વહીવટદારનો મીજાજ ગયો, તેમની બધી ખાનદાની હૈયામાંથી હોઠે આવી ગઈ.

'અમારી પાસે કાંઈ છે નહિ તે રાજ્યને દઈએ. જમીન ખેડવી હોય તો ભલે રાજ્ય ખેડે, રાજ્યને કાંઈ ગુલામી લખી દીધી નથી કે રાત દી' અમે તેના સારું વૈતરું કરીએ ને છતાં ભૂખે મરીએ.' રવજી ઉશ્કેરાઈને બોલ્યો. ખેડૂત સંઘમાં તરુણ અવારનવાર તેમની સ્થિતિ વિષે, હક્ક વિષે, વાતો કહેતો, એના તરંગો રવજીના મનમાં હજી તાજા જ હતા.

'હં, હં, રવજી, તને કોણ બોલવાનું કે' છે.' બે ચાર ખેડુતો બોલી ઊઠયા. 'હું તો સાચી વાત કહું છું. કરવેરા ને મહેસૂલ ભરીને ડૂચો નીકળી ગયો, છતાં આપણાં છોકરા ભૂખે મરે. રાજ્યને મોટા

મોટા ખરચા કાઢવા છે. પણ મહેસૂલ લીધા પછી કોઈ આપણી ભાળ કાઢવા આવ્યું કે આપણને શું દુઃખ છે? નથી ગામમાં નિશાળ કે નથી એકે દવાખાનું. કાગળ નાખવા યે દોઢ ગાઉ દૂર જવું પડે.' ખેડૂતોની સભામાં રવજી ભાષણ કરતો હોય એવા ઝનૂનથી બોલવા લાગ્યો. વહીવટદારને લાગ્યું કે આ તો રાજસત્તા સામે બળવો થઈ રહ્યો છે. અને પોતે રાજસત્તાનો પ્રતિનિધિ મૂંગે મોંયે ચાલવા દે?

'ગોલ...ના? ફાટયો કે? હમણાં તને સીધો દોર કરી નાખું છું. હવાલદાર પકડો આ છોકરાને.' વહિવટદારે ત્રાડ પાડી. તેનું બધું ઝનૂન ઉપર તરી આવ્યું. તેના લડાયક સ્વભાવને આવાહ્ન મળ્યું હોય તેવા શૂરમાં આવી ગયો. મનુષ્યના હૃદય દ્વારમાં વેગોને રોકનારી પાળ હોય છે. પાળ એકવાર તૂટી કે પછી એ વૃત્તિ સારી કે નઠારી પૂરવેગથી વહેવા માંડે છે. બાળકને કોઈ દી' ન મારનાર મહેતાજી એક વાર જો મારવાનું શરૂ કરે તો એના ઝનૂન કે શૂરાતનની કોઈ હદ કે પ્રમાણ રહેતું નથી. બધા દુઃખો અને આફતો સામે હોઠ બીડીને ટકકર ઝીલનારને આશ્વાસનની એક હળવી ફૂંક મળે કે તરત જ તેનો રૂદન–પ્રવાહ પૂર વેગથી વહેવા માંડે છે. તેમ વહીવટદારની ઝનૂની–વૃત્તિની પાળ રવજીની કડક વાણીથી તૂટી પડી. તેનું ઘાતકીપણું પૂર વેગથી બહાર ધસી આવ્યું.

'ગામના ઝાંપા બંધ કરી દ્યો. મહેસૂલ ભર્યા સિવાય કોઈને બહાર નીકળવા દેશો નહિ' વહીવટદારની સાથે છ ઘોડેસ્વારો આવેલા. તેમને હુકમ આપ્યો.

'બધા હરામખોર ફાટયા છે. હવે ખબર પડશે કોનું રાજ છે? આ રવલાને ઓરડીમાં પૂરી દ્યો.'

તરત બે માણસોએ રવજીને બાંધ્યો ને ઓરડીમાં પૂરી દીધો.

નથુરામ વહીવટદાર જાતે લુહાણો. શરુઆતમાં ગામડાઓમાં કાછીઆપણું કરેલું. તકરારી પણ પૂરો. કોઈ એને છંછેડવાની હિંમત કરતું નહિ. પાછળથી કોઈ સગાની લાગવગથી વસૂલાતી ખાતામાં કારકુનની નોકરી કરી અને હળવે હળવે પંદર વર્ષે થોડી ખુશામત, થોડી લાગવગને નટખટપણાંથી વહીવટદાર થઈ પડેલો. મોટા પદની જવાબદારી અને અનેક માણસોના સંસર્ગથી તેનો સ્વભાવ સુંવાળો થયેલો. તેની તુંડાઈ ઢંકાયેલી રહેતી. પણ આવા કોઈ પ્રસંગે જ્યાં તેને કોઈ પૂછનાર હોય નહિ ત્યાં તેનો મદ અને તુંડમિજાજી પૂર બહારમાં ખીલી નીકળતાં.

ગામના ઝાંપા ધડોધડ બંધ થયા. વહીવટદારે પૈસા લાવો, મહેસૂલ ભરી દ્યો, પછી ઝાંપા ખુલશે. તેમ કહ્યું. લોકો મુંઝાયાં. કુદરતી હાજતો માટે પણ બહાર ન જઈ શકાય. ગામમાં બે વાણિયાના ઘર, એક બ્રાહ્મણનું અને બાકીના ખેડૂતો હતા. આ ત્રાસમાંથી છૂટવા સૌ ઉપાય શોધવા લાગ્યા. કોઈ પોતાની ઘર વખરી વેચીને તો શું ઉપજે એની ગણત્રી કરવા લાગ્યા. તો કોઈ પોતાના બળદ વેચીએ તો શું ઉપજે એમ ગણવા લાગ્યા. કોઈ પોતાની સ્ત્રીના દાગીનાની કિંમત ગણવા લાગ્યા, કોઈ દાટેલા પૈસાને કાઢવાની વેતરણમાં પડયા. આમ ગામ આખું મૂંઝવણમાં પડ્યું.

'એલા આણે તો જુલમ આદર્યો,' ત્રણ જુવાનો એક ઘરની ઓસરીએ બેઠા ગુસપુસ કરતા હતા.

'ડાંગ લઈને ઝીકી હોય તો? ફરી નામ લેતાં ભૂલી જાય.'

'પણ વાંસેથી કાકા શહેરમાંથી બંદૂક લઈને આવે ત્યારે.'

'અરે આવે ત્યારની વાત ત્યારે.'

'શેઠ, ભાઈ, ના, એમ ઉતાવળ કરવામાં માલ નહિ. પણ આપણે તરુણ ભાઈને પૂછાવીએ તો?'

'હા, હા, ઈ, વાત ઠીક છે, પણ ઝાંપા તો બંધ છે. જાશું ક્યાંથી?'

'ઝાંપા ભલેને બંધ રહ્યા. આ ગોકળ શેઠની ઘોડી છે તે વાડ કૂદીને નીકળાશે, હમણાં સાંજ પહેલાં જવાબ લઈને પાછો આવું.'

'ઠીક ઉપડ તઇં,' બીજાએ અનુમોદન આપ્યું. થોડીવારમાં દેવન-ગરને રસ્તે ઘોડાના દાબડાનો અવાજ સંભળાયો.

બપોર થયા કોઈ મહેસૂલ ભરવા આવ્યું નહિ. વહીવટદાર અક-ળાવા લાગ્યો. તેના મીજાજનો પારો બપોરની ગરમી સાથે ચડવા લાગ્યો. કાર્યસિદ્ધિ માટે એક વસ્તુની ભારે આવશ્યકત્તા છે. તે સાતત્યની. જે પોતાના કોયડા ને મૂંઝવણો પ્રેમદ્વારા ઉકેલવા માગે છે, તેણે ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રેમનો પ્રયોગ કરવો પડે છે. ક્રોધનું શસ્ત્ર વાપરનારને વધુ ને વધુ ક્રોધ વાપરવો પડે છે. પૈસા દ્વારા કામ લેના-રને વધુને વધુ પૈસા વાપરવા પડે છે. અંત સુધી ગયા વગર સિદ્ધિ નથી અને અધકચરા બન્નેમાંથી રખડે છે. આપણા વહીવટદાર પણ ક્રોધને ઘોડે ચડયા હતા.

'પેલા ચોરટાઓને અહીં પકડી લાવો.'

કચવાતા દિલે સ્વારો ગામમાં ઉપડયા. દસ ખેડુતોને પકડી સામે હારબંધ ઊભા રાખ્યા.

'કેમ! શું ધાર્યું છે? મહેસૂલ કયારે આપો છો?'

'હોત તો આટલું સાંખીયે ખરા.'

'એમ, હજી આની સાન ઠેકાણે નહિ આવે' વહીવટદાર મોટેથી બબડયો.

'આને બધાયને અંગૂઠા પકડાવો.'

ભર તડકામાં નિરાધાર મેંઢાની માફક ખેડૂતોએ અંગૂઠા પકડયા.

'કેમ, કાંઈ બળ પડે છે ! તારા બાપનું ઘર છે ?' વાંસામાં એક સોટી ચોડી. વહીવટદારની નિષ્ઠુરતા વધતી જતી હતી. માણસને પોતાના હૃદયની ખબર હોતી નથી. હૃદયમાં શુભ અગર અશુભ ભાવનો કેટલો ખજાનો ભર્યો હોય છે, એની ખબર અણીને પ્રસંગે જ પડે છે. ગાળોનો માર તેણે ચાલુ રાખ્યો. ગામના વણિકો પોતાનું ઘર ઝાલીને બેસી રહ્યા. રાજ ! ભાઈ રાજ સામું થવાય ! વાણિયાપણું કે ડહાપણ એથી આગળ જઈ શકતા નહોતા.

'લ્યો, આ પૈસા, પણ મારા ધણીને છોડો. ઘરેણાં વેચીને તમારું લેણું ભરું છું.' એક ખેડૂતની સ્ત્રી આવી.

'હં, હવે બેટમજી ઠેકાણે આવ્યા.' વહીવટદાર મનમાં મલકાયો.

થાક, તરસ અને તાપથી ખેડૂતો બેબાકળા બની ગયેલા. તેના સંબંધીઓ ગામમાંથી પૈસાની તજવીજ કરવા લાગ્યા. ઠેઠ સાંજે ત્રાસીને કેટલાકને ઘેરથી પૈસા આપવા સ્ત્રીઓ આવી.

'આજ રાત આડી છે, તમને વિચાર કરવા વખત આપું છું. મહેસૂલ ભરી દો, નહિતર બૂરી વલે થવાની છે.' વહિવટદાર પણ થાકીને બિછાવેલા ઢોલિયા ઉપર આડો પડયો.

'આ કોણ મારતે ઘોડે આવે છે ?' અહો આતો આપણો ધનજી રવજીનો નાનો ભાઈ. તરુણે આંગળી ચીંધી કહ્યું. ધનજીને બાથમાં લીધો.

ધનજીએ વીતક વાત કહી. સાંભળતાં જ તરુણનાં ભવાં ચડયાં, હોઠ પીસ્યાં.

'સારું, સ્વામીજી તો છે જ નહિ, હું હમણા આવું છું.'

તાબડતોબ ટૂંકી બાંયના ખમીસ ઉપર હાફકોટ લગાવી દીધો. આશ્રમમાં પણ એક ઘોડી તો હતી જ.

'થા મોઢા આગળ, રાતો રાત તારે ગામ પહોંચી જઈએ.'

સુસવાટ કરતી બેઉ ઘોડીઓ ઉપડી. રાતના દસ થઈ ગયેલા, ગામમાં સુમશાન શાન્તિ હતી, બધે સોપો પડી ગયેલો. વાડ ઠેકીને બન્ને ગામમાં પહોંચ્યા. ચુપકીથી ખેડુતોને ઘેર જઈ વાત સાંભળી, તરુણ કાંઈ બોલ્યો નહિ. મનથી નિર્ણય કર્યો. સૌ સૂતા પછી ધીમે પગલે બહાર નીકળ્યો. ચોરા ઉપર વહીવટદાર શાન્તિથી પલંગમાં ઘોરતા હતા. પસાયતો નીચે ખાટલા ઉપર સૂતો હતો. વહીવટદારનો પગ ખેંચ્યો, તે બેબાકળો બેઠો થઈ ગયો. આંખો ચોળીને જુએ ત્યાં બોકાની બાંધેલ જુવાન પોતાની સામે તીણી નજરે જોઈ રહ્યો છે એમ જોયું. ભયની એક થરથરાટી તેના શરીરમાંથી પસાર થઈ ગઈ.

બોકાનીવાળા જુવાને નાકે આંગળી રાખી ચૂપ રહેવા ઈશારત કરી. નથુરામના હાજા ગગડી ગયા. તરુણે આગળ થવાની ઇશારત કરી. લાચાર વહીવટદાર ભયથી કંપતો આગળ ચાલ્યો. આગળ વહીવટદાર પાછળ તરુણ ગામના ઉજ્જડ ભાગમાં આવ્યા.

'કેમ નથુરામ, અક્કલ બહેર મારી ગઈ છે કે શું? ખેડૂતોને પજવતાં કાંઈ વિચાર નથી આવતો?' તરુણે ઘોઘરા સાદે કહ્યું. વહીવટદાર મૂંગો રહ્યો.

'સારું, બેઠા બેઠા હરામનું ખાઈને તારી ફાંદ વધી ગઈ છે, ખેડૂતો કરતાં તને કસરતની વધુ જરુર છે. અંગૂઠા પકડ'

વહીવટદાર સામું જોઈ રહ્યો.

'મારા સામું શું જુએ છે ? વહીવટદારે તરુણની આંખનો રંગ પારખી લીધો. જોઈ લીધું કે આનાકાનીમાં માલ નથી.

અડધી કલાક પછી તરુણે ગામનો રસ્તો લીધો અને સવાર પહેલાં અભય આશ્રમમાં મીઠી નીંદમાં પડયો.

ગામના લોકો સવારમાં ઊઠીને જુએ તો વહીવટદારની સવારી, રસાલા સહિત ઉપડી ગયેલી. આમ કેમ થયું એની અનેક અટકળો અને ગપો લોકોમાં ઉડેલી.

પ્રકરણ અગિયારમું

મંત્રણા

આલિશાન રાજભુવનના વચલા હોલમાં સોફા ઉપર દેવનગરનો સૂબો ચિંતાતુર અવસ્થામાં બેઠો હતો. હોલની સજાવટ છેલ્લામાં છેલ્લી યુરોપિયન ઢબ પ્રમાણે કરવામાં આવી હતી. ખૂણામાં વીનસનું પૂતળું શોભી રહ્યું હતું. આંગણામાં ફૂલો ખીલી રહ્યાં હતાં. વચમાં ફુવારા ગોઠવ્યા હતા. આ બધા આલ્હાદક દૃશ્યની વચ્ચે સૂબો ચિંતામગ્ન જણાતો હતો, એ જોઈને રાજકાજનું કાંઈ ભારે દબાણ હોય એમ કોઈને પણ લાગે. મોઢામાં ચીરુટ હતી.

'અરે કોઈ છે કે ?'

'જી' ચપરાશીએ આવી કુર્નીશ બજાવી.

ગૃહસચિવને અહીં આવવા ફોન કરો.' ધુમ્રપાન કરતાં કરતાં સૂબાએ આંટા મારવા માંડયા.

'જેવો હુકમ.'

'રાજ્યનું કોણ જાણે શું થવા બેઠું છે! કંઈને કંઈ બનાવો અણધાર્યા બન્યાજ કરે છે. રાજ્યની શાંતિ ને વ્યવસ્થામાં ડખલ કરનારા ચળવળખોરોને સખ્ત નશિયત થવી જોઇએ. કંઈને કંઈ

એમને ધાંધલ મળે જ' સૂબો સ્વગત્ બબડયો. 'જાણે રાજ્ય સત્તાનું અસ્તિત્વજ ન હોય તેમ લોકો વર્તે છે. તેમને બધાને એક સખ્ત પાઠની જરુર છે.' સૂબાએ ચપટી મસળી. જાણે હમણાં જ પાઠ શીખવતો હોય.

મોટરનું હોર્ન સંભળાયું. અંદરથી ગૃહસચિવ ઊતરતા જણાયા.

'આવો, બેસો મી૦ પાલનજી'

પાલનજી સોફા સામેની ખુરશી ઉપર ગોઠવાયા. પાલનજી પીસ્તાલીશ વર્ષના ગૃહસ્થ હતા. મોઢું ભરાવદાર તેમ જ ઉપર ગુચ્છાદાર વાળ હોળ્યા હોવાથી જુવાનમાં ખપવાનો દાવો કરતા હતા. મૂળ તો વડી કોર્ટના ન્યાયાધીશ. તેમાંથી ગૃહસચિવ થયેલા. કાયદાનું જ્ઞાન તેમનું અથાગ હતું. અને નિષ્કારણ પ્રજાને ન પજવાય તે બરોબર સમજતા અને રાજ્ય અને પ્રજા બંનેને ખુશી રાખી પોતાનું સ્થાન જાળવતા, પણ હમણાં હમણાં રાજ્યદ્વારી હીલચાલાને લઇ ને વાતાવરણ જરા ફરી ગયેલું તેથી પોતે મુંઝાયેલા રહેતા. ઉપરથી મહેતાજી પાય તેટલું જ પાણી પીએ એવી વિદ્યાર્થી જેવી મનોદશા પ્રજાની રહી નહોતી.

ફૂલના વિકાસનાં બીજ તેની અંદર રહેલાં હોય છે તેમ જ વ્યક્તિ કે સમાજના વિકાસનાં બીજ તેની અંદર સ્વતઃજ રહેલાં હોય છે. અને એને આધારે જ શિક્ષણમાં સ્વયંસ્ફૂર્તિ અને રાજકારણમાં આત્મ-નિર્ણયના સિદ્ધાંતો સ્વીકારાયા છે. કાર્યકર્તાઓએ સૂતેલી પ્રજાના કાન આગળ શંખનાદ ફુંકયો કે જાગો, તમારું હિત જોવાની અને કામ કરવાની શક્તિ તમારામાં રહેલી જ છે. એ માટે નિરાધાર દશામાં બીજા પ્રત્યે જોવાની તમારે જરુર નથી. વર્ષોથી ટેવાયેલા રાજ્યાધિકારીઓ આ નવીન પ્રવાહને ન પીછાની શકયા. અમે આપીએ તેટલુંજ પ્રજા

લે એવું માનવાને ટેવાયેલા અધીકારી વર્ગને પ્રજાની બધી નૂતન પ્રવૃત્તિઓ બળવા જેવી લાગી. ખરી રીતે પ્રજા પણ હજી મંથનકાળમાં હતી. રાજ્યનો વિરોધ તેને ખૂંચ્યો. અને રાજય અને પ્રજા વચ્ચેનું અંતર વધતું ગયું. આવા ઘેરાયેલા વાતાવરણમાં સૂબાની અને પાલનજીની મૂંઝવણનો પાર નહોતો.

'મને અત્યારમાં યાદ કર્યો.'

'હા, આ બધી શી ધમાલ છે ?'

'કઈ બાબતમાં આપ પૂછો છો ?'

'આ ખેડૂત સંઘ કયાંથી ફાટયો ? તેના તરફથી નિવેદન આવ્યું છે કે અમે ઓણ સાલ મહેસૂલ ભરી શકીએ તેમ નથી અને એ ઉપરાંત નિશાળ, ટપાલ, દવાખાના બધાં ગામડાંમાં થવા જોઈએ એવી માગણી કરી છે. જાણે રાજ્યની મિલકત તો ઘરની હશે. આ બધા કોઈ ચળવળખોરના કામ હશે.'

'મારી માહિતી મુજબ તો અહીંના એક સ્વામી જ્ઞાનાનંદ છે. તેનો શિષ્ય તરુણ નામે જુવાનીયો ગામડામાં ફરે છે, ખરો.'

'હા, પણ પછી એ કરે છે શું તેની માહિતી કેમ મેળવતા નથી?'

'એ પણ મારા ધ્યાનમાં છે. મોટી ઉમ્મરના ખેડૂતોને ભણાવે છે, વખતે રામાયણ વાંચે છે અને દવાદારુ લોકોની કરે છે.'

'દવાદારુ કરતો હોય અને ભણાવતો હોય તો તો આપણે પણ મદદ આપીએ. પણ આ ખેડૂતસંઘ ને એવું બધું શું ?'

'જી, એ તો એમ કહે છે કે આત્મસુધારણા માટે, વખતે ગામડાંની ચોકી કરવા માટે તેમ જ પાકો સુધારવા માટે આવા ખેડૂતસંઘો તેણે સ્થાપ્યાં છે.'

'અરે મી. પાલનજી, તમે ય આ બધું સાચું માનો છો ?'

'સાચું કે ખોટું, પણ તેને અટકાવવાને આપણી પાસે કોઈ પુરાવા નથી.'

'એ પુરાવા મેળવવા હોય ત્યાંથી મેળવી લો, આપણે ત્યાં આવાં ધાંધલ નહિ જોઈએ.'

'જી' બાપડા પાલનજીને સ્વીકાર્યા સિવાય છૂટકો જ નહોતો. 'હા, આ 'દીનભેરુ'ના લખાણો પણ પ્રજાને ઉશ્કેરતાં હશે. એના તંત્રીને એકાદ ચીમટો કાનમાં લઈ લેજો.'

'એ પણ સ્વામીનો શિષ્ય છે. અને અભય આશ્રમમાં જ રહે છે.'

'ત્યારે એ સ્વામીના જ બધાં કારસ્થાન છે એમ કહોને.'

'ભલા ભોળા શાંત લાગતા સ્વામીજી આમ કરશે એમ મને ખ્યાલ ન હોતો.'

'પણ ઠીક, હવે તમને તમારી ભૂલ સમજાણીને ? તો સ્વામીને ચેતવણી આપી દ્યો.'

'જી, એ સ્વામી જુદા પ્રકારનો માણસ છે. તેમ:સમજે તેમ નથી.'

' તો કડક પગલાં લ્યો.'

'લોકોમાં છેલ્લાં વર્ષોથી સ્વામીએ ગજબ પ્રતિષ્ઠા અને માન મેળવ્યાં છે, જો એના ઉપર આજે હાથ નાંખીએ તો પ્રજામાં જબરો અસંતોષ ફેલાય ને પ્રજા વીફરે.'

'શું કહો છો ? કોનું રાજ્ય છે એ જાણો છો ? '

'જી, હું સાચી વાત કહું છું. આકરા થવું એ તેનો ઉપાય નથી.' ટેલીફોનની ઘંટડી વાગી.

'એલાવ...કોણ છો ?'

'હું લક્ષ્મી મિલનો મેનેજર, કામદારોએ હડતાલ પર જવાની નોટીસ આપી છે. હુલ્લડ થવાનો અમને ભય છે. હું રાજ્યનું રક્ષણ માગું છું.'

'સારું, હું પોલીસ કમીશ્નરને હમણાં ફોન કરું છું. વધુ Developments મને જણાવતા રહેજો. અચ્છા.'

'સાહેબજી.'

પાલનજી પરિસ્થિતિમાં શું ઉપાય કરવો, તેના વિચારમાં હતા.

'જુઓ, મી૦ પાલનજી, આ નવી ઉપાધિ.'

'જી.'

'મિલ મજૂરો વધુ પગારની માગણી કરે છે, નહિતર પંદર દિવસમાં હડતાલ ઉપર જશે એમ ધમકી આપી છે. આ હીલચાલનો નેતા કોણ છે.'

'આ મજૂરો અને કારીગરોની સભા તો છબીલ કરીને જુવાનીયો છે તે ચલાવતો હતો. પણ 'દીનભેરુ'નો તંત્રી ને પેલો ખેડૂત સંઘવાળો તરુણ ને એ બધાની એક ટોળી છે.'

'હં, પણ તો તમે કાંઈ ઉપાય કેમ નથી લેતા ? રાજ્ય કોનું છે એ તે લોકોને બરાબર ખબર પાડો.'

'જી. મને સૌથી વધુ ભયંકર તો 'દીનભેરુ' લાગે છે. પહેલાં તેને બંધ કરી દઈએ, પછી ધીમે ધીમે એક પછી એક પગલાં લઇએ. 'દીનભેરુ' ગૃહસચિવની ઘણી સખ્ત ખબર લેતું, તેમ જ રાજ્યતંત્રની પણ કડક ટીકાઓ કરતું. પ્રજાકીય પ્રવૃતિની જાહેરાત તેના મારફત થતી. અને લોકોમાં ખૂબ માનીતું થઈ પડયું હતું. લોકોને ઉશ્કેરનારું આ પત્ર બંધ થાય તો પોતાનો માર્ગ એકદમ મોકળો થાય એવી પાલનજીએ ગણત્રી કરી.

'ભલે તેમ કરજો, પણ મારે તો કાઈ પણ હિસાબે શાંતિ જોઇએ'

'જી, નવા કાયદાની જરુર પડશે'

'ભલે, ધારાસભાની આવતી બેઠકમાં નવા કાયદા લાવો'

'ત્યાં પણ વિરોધી પક્ષનું ખૂબ જોર છે. મી૦ વામનરાવ એ પક્ષના નેતા છે'

'તમે ધારાસભામાં લાવો તો ખરા, જરુર પડયે હું મારી ખાસ સત્તા વાપરીશ.'

'હાજી, એ બરાબરા છે. જરા શરુઆતમાં હોહા તો થશે. પણ મજબૂત હાથે આપણે તેને પહોંચી વળીશું.'

'હા, એ તમને જેમ ઠીક લાગે તેમ, રાજ્યની બધી સત્તા તમારી મદદમાં છે.'

બિચારા પાલનજીને ખબર હતી કે જ્યારે પ્રજાનો મોટો વર્ગ વિરોધી હોય ત્યારે રાજ્યસત્તા કેટલી અફળ અને પોલી નીવડે છે. પણ સૂબાને iron hand અને Stern Discipline નો ઘમંડ ઓછો નહોતો.

'રાજ્યમાં ઉશ્કેરણી ફેલાવનાર જે જે હોય તે બધા ઉપર એકદમ કામ ચલાવો' સૂબાએ કડકાઇથી જણાવ્યું.

'એકી સાથે એ કરવું જરા મુશ્કેલ પડશે. ધીમે ધીમે હું તેનો રસ્તો કરું છું' શામ, દામ, દંડ અને ભેદ એ ચારે ઉપાય અજમાવવા ઇચ્છતા પાલનજીએ કહ્યું.

'ભલે તો તેમ, વિગતોમાં હું ઊતરવા ઇચ્છતો નથી. મને હેવાલો મોકલાવજો, અચ્છા'

પાલનજીએ ધીમા પગલે રજા લીધી.

પ્રકરણ બારમું

મસલત

રેણુના શીતળ જળ સ્વચ્છંદતાથી વહ્યે જતાં હતાં. આ કાંઠેના મંદિરમાં આરતીનો આરંભ થઈ ચૂકયો હતો. ભાવિક ભક્તો મધુર સ્તવનોથી ભગવાનને રીઝવવાનો કે અંતર શાંતિ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. કેટલાક નિત્યની ટેવને વશ થઈને આવ્યા હતા. કેટલાક સંધ્યાકાળે વધુ નહિ તો દર્શન પૂરતું ભગવદ્દકાર્ય તો થાય એટલો સંતોષ મેળવવા આવ્યા હતા. બધાનું લક્ષ આરતીમાં તેમ જ ધ્યાનસ્થ પૂજારીમાં હતું, ત્યાં પાછળથી કંઈ થતું હોય એવું જણાયું. એક કપાળમાં ત્રીપુંડ દોરેલા વિચિત્ર વેશધારી માણસે આગળ આવી આરતીની દીપક–જ્યોત ઉપર હાથ ફેરવ્યો એની પાછળ બીજાએ ફેરવ્યો, કેટલાક આશ્ચર્ય પામ્યા. આરતી પૂરી થયા પહેલાં આમ કોઈ હાથ ફેરવે નહિ છતાં બહુ લક્ષ્ય ખેંચાયું નહિ.

પેલા બે માણસો સૌની પાછળ મંદિરના પ્રવેશદ્વાર આગળ જઈને ઊભા. તેની પાછળ બીજા ત્રણ માણસો પણ આવ્યા. ત્રીપુંડ-વાળા માણસે ઇશારત કરી. બધા પાછળ ચાલ્યા.

“જો, દીનુ, તારે આ મંદિરમાં રહેવાનું ને ધ્યાન રાખવાનું. અમે બધા સામેના ઉજ્જડ મંદિરમાં જઈએ છીએ. કોઈ ગુપ્તચર

પાછળ તો આવવાનો જ એની અમને ખાત્રી છે, એટલે તારે બારીક તપાસ રાખી આપણા મંડળ સિવાયનો જો બીજો માણસ સામેના મંદિર તરફ આવે તો તારે પાંચવાર ઘંટ વગાડવો' ત્રીપુંડવાળા માણસે એક ચાલાક ને ચબરાક જુવાનીયાને ઉદ્દેશીને કહ્યું.

'ભલે. હું બાર વાગ્યા સુધી જાગતો જ બેઠો છું' દીનુએ સામો જવાબ વાળ્યો.

'પણ એને આપણા મંડળના સંકેતની તો ખબર છે ને ? બીજાએ પૂછયું.

'શી વાત તમે કરો છો ! આટલા વખતથી તેને સાથે ફેરવું છું, તે ખાત્રી વગર ફેરવતો હોઇશ ! દીનુ તો સો ટચનું સોનું છે.'

'પણ રમણભાઈ, ગુરુદેવ તો આવ્યા નહિ.'

'એ માટે નચિંત રહો, હોડીમાં બેસીને તે થોડે સુધી આવશે, પછી કાંઠે ઊતરીને તે મધુરી તેમ જ જ્યોતિ સાથે અહીં આવી પહોંચશે એમ મને વચન આપ્યું છે.'

'તમને તો આબાદ બ્રાહ્મણનો વેશ ભજવતાં આવડે છેને શું ? ત્રીપુંડ ભસ્મનો ઠાઠ તો ભારે લગાવ્યો છે !'

'બીજો ઉપાય ન હોતો છબીલ, રાજ્યના ગુપ્તચરો મારી આજુબાજુ એક યા બીજે વેશે ફર્યા જ કરે છે. અને જો આજની આપણી ખાનગી બેઠકના સમાચાર તેમને મળી જાય તો આપણું કામ માર્યું જાય.'

'મારા કારખાના આગળ પણ અજાણ્યા માણસો આંટા ફેરા મારતા હોય એમ તો દેખાય છે.'

'ખૂબ, સાવચેત રહેવાનું છે. ઠીક ચાલો સામે કાંઠે પેલા જીર્ણ મંદિરમાં. ત્યાં આપણને એકાંત મળશે. તેમ કોઈ અજાણ્યો આવતો

જણાય તો તારે કહ્યા પ્રમાણે પાંચ વાર ઘંટ બજાવવાનો છે એ ભૂલવાનું નથી. સમજ્યોને દીનું ?'

'રમણભાઈ અહીંથી તો નહિ ઊતરાય, પાણી માથોડા ઉપર ઊંડું છે. બધા તરીને જઈએ તો છે. શું કરશું ? અત્યારે હોડી પણ ક્યાંથી કાઢવી ?'

'હોડીમાં સ્વામીજી આવવાના છે. તેમની પછી બીજી હોડીમાં આપણા સાત આઠ સાથીઓ આવશે. અત્યારે તો હાથપગ એજ હોડી. માંડો તરવા.'

ચારે જણાએ નદીમાં ઝંપલાવ્યું. ચારે જણા તારા હતા. પાણી પણ બહુ ઊંડું તો નહોતું જ. વચમાં જ . થોડો પટ માથોડાં ઉપર ઊંડો હતો. સામે કાંઠે ભેખડ હતી. ભેખડો ચડી ઉપર પહોંચ્યા, લૂગડાં નીચોવ્યાં.

રાત્રીનો અંધકાર પટ વીંટળાતો જતો હતો. નિસામ શાંતિ ફેલાયલી હતી. ભુતાવળ જેવા વિચિત્ર વેશધારી ચારે જણા મંદિરની પરસાળમાં ચુપચાપ બેઠા, શાંતિ સદાય વિચાર પ્રેરક હોય છે. વાણીમાં અર્થની મર્યાદા હોય છે. મૌનનો અર્થ અનંત હોય છે. દિવસનો ભેદ ઉકેલાય છે, રાત્રીનો અણઉકલ્યો રહે છે. પોતાના વિચારોમાં લીન થઈ ગયા. રાત્રીની નિરવશાંતિનો ભંગ કરવો કોઈને રુચતો નહિ. દૂરથી કાંઠેકાંઠે ઝાંખા ઓળાઓ આવતા જણાયા. છબીલે રમણનું તે તરફ ધ્યાન ખેંચ્યું.

'સ્વામીજી આવતા જણાય છે. તેમની સાથે જ્યોતિ અને મધુરી પણ હોવા જોઈએ.'

'બીજા મિત્રો ક્યારે આવશે ?' છબીલે અધીરાઈથી પૂછ્યું.

'એ પણ થોડા વખતમાં આવવા જોઈએ,' રમણે સામી દૃષ્ટિ કરી કહ્યું.

'ભક્તરાજ કે ?' સાંકેતિક પ્રશ્ન પૂછયો.

'જય અચલેશ્વર' સામેથી સાંકેતિક જવાબ આવ્યો.

'પધારો. અહીં બીરાજો, જરા મોડું થયું, નહિ ?'

'હા. ભડલીના ખેડૂતો આવ્યા હતા તેની સાથે વાતચીતમાં રોકાયો હતો એટલે જરા મોડું થયું'. સ્વામીજીએ પ્રત્યુત્તર વાળ્યો.

'અરે પણ વામનભાઈ, તમારા બધાનાં કપડાં ભીનાં કાં ? શું. હોડી ડૂબી હતી કે શું ?' જ્યોતિએ પૂછયું.

'આ તરુણે હોડીનો બંદોબસ્ત કર્યો નહિ તેથી હું ધારાસભાનો સભ્ય છતાં ચોરની જેમ તેની પાછળ નદી તરીને આવ્યો.'

'હોડીનો બંદોબસ્ત કરવા રોકાયા હત તો અહીં આવી જ શકાત નહિ. હમણાં અમારી પાછળ જાસુસો કેટલા ફરે છે તેની કાંઈ તમને ખબર છે ?' તરુણના શબ્દોમાં તીખાશ આવી.

'રમણને સાંજ પડયે નહાવાનું મન થયું હશે તે તમને બધાને લહાવો લેવરાવ્યો, કાં રમણ !' સ્વામીજીએ ટીખળ કર્યું.

'નહાવું હોય તો આશ્રમની ભેખડો આગળ કયાં પાણી ઓછું છે તે અહીં આવે ?' મધુરીને પોતે તણાઈ હતી તે પ્રસંગ નજર સમક્ષ તરી આવ્યો.

દૂરથી પાણીમાં હલેસાં ચાલવાનો અવાજ આવ્યો. બધા એ તરફ જોઈ રહ્યા. થોડીવારમાં છ સાત ઓળાઓ કાંઠા ઉપર આવતા જણાયા. સંકેતની આપ લે થઈ અને ગોળાકારે સભા ગોઠવાણી.

ચકોર રમણે સહુના મોઢા તરફ એક નજર ફેરવી લીધી. રખેને કોઈ બીજું તો નથી આવ્યું ને ?

'કાં તરુણ, તેં તો પેલા વહીવટદારને બરાબરની કસરત કરાવી.' સ્વામીજીએ પૂછ્યું.

'કઈ કસરત વળી ?' રમણે જીજ્ઞાસાથી પૂછ્યું.

'શું તું તંત્રી થયો છે? દીન–દુનિયાની પૂરી ખબર રાખતો નથી,' સ્વામીજીએ સામો ટોણો માર્યો.

'ના, ના, વાત તો કરો'

'એ તું તરુણને કાં નથુરામ વહીવટદારને પૂછી જોજે. પણ તું પૂછવા જઈશ તો તને જ ગુન્હેગાર ગણશે.'

'પણ સ્વામીજી તમે ચમત્કાર જોયોને ! ખેડુતો મહેસૂલ ભરી શકે તેમ નથી એવો રીપોર્ટ તેણે મોકલાવ્યો છે.' તરુણે મલકાઈને કહ્યું.

'સૂઓ એનું માનશે ત્યારેને ! બીજી બાજુ વહીવટદારે પોતાની વિતક કથા પોલીસ ખાતામાં જણાવી છે, એટલે સરકારી જાસુસો એની તપાસમાં છે.' સ્વામીએ કહ્યું.

'એ તો ભલે ગોત્યા કરે. તારા ખેડુત સંઘમાં કેવુંક જોર છે. તરુણ ?'

દહાડે દહાડે ખેડુતોમાં જાગ્રતિ તો આવતી જાય છે. પોતાની વર્તમાન સ્થિતિ વિષે તેમને પૂરતો અસંતોષ ઉપજ્યો છે. કેટલીક કુરુઢિઓ પણ દૂર કરતા જાય છે. વેઠ વગેરેના ત્રાસ સામે મક્કમપણે લડતા જાય છે, એવા હેવાલો જુદા જુદા ગામડેથી આવ્યે જાય છે.' તરુણે હિસાબ આપ્યો.

'એ સારી વાત છે. પણ હજુ ઘણું કરવાનું રહે છે. અને મને ખબર મળ્યા છે કે તારી ખેડૂત પ્રવૃત્તિ રાજ્યની આંખે ચડી છે. તે તને સાંખશે નહિ.' રમણે કહ્યું.

'પણ તો ભલેને પકડીએ' તરુણે બેપરવાઈથી કહ્યું.

'એમ ઉતાવળની જરૂર નથી. ખેડૂત સંઘો પોતાના પગ ઉપર ઊભા રહે એટલા તૈયાર થઈ જવા જોઈએ. ત્યાં સુધી તારે સાચવીને કામ લેવું કેમકે ખેડૂતો ઉપર તો આપણો બધો મદાર છે. કાચું હોય ત્યાં આક્રમણ આવે તો આપણે નહિ ટકી શકીએ.' સ્વામીજીએ સલાહ આપી.

'પણ એનું તો ઠીક, મારું ગરીબડું 'દીનભેરુ' પણ આંખે ચડયું છે.'

'હા, ગૃહસચિવ અને ખુદ સૂબા ઉપર પણ ટીકા કરો. પછી કેટલા દિવસ ચાલે? આ બે અઢી વરસ ચાલ્યું અને આટલી લોક જાગ્રતિ થઈ એ પણ એ લોકો ઊંઘમાં રહ્યા એનું જ પરિણામ,' વામને કહ્યું.

'વામનભાઈ, આમ બને તોય તમે મૂંગા મંતર બેસી રહો, તો તમારી ધારાસભા શું કામની?' જ્યોતિએ પૂછયું.

'કેમ, તેને વિષે ચર્ચા કરશે, ઝુંબેશ ઉપાડશે. અને દિવસે પાછા શાંત થઇને બેસી રહેશે. કાં વામનભાઈ?'' મધુરીએ ટકોર કરી.

'તમે ભલે ટીકા કરો, પણ ખેડૂતોને રાહત આપવાનું બીલ તેમ જ ઘરભાડાનો કાયદો હું આવતી બેઠકમાં લાવવાનો છું તે જોજો.' વામને સામો જવાબ આપ્યો.

'ખેડૂતોને રાહત આપવાનો ઠરાવ પસાર નહિ થાય એમ હું આગળથી કહું છું, પસાર થશે તો સૂબો મંજૂરી નહિ આપે.'

'એ વાત બાજુ મૂકો. આજે આપણે કામ શું કરવાનું છે તે કહોને.' બેચાર અવાજો આવ્યા.

'હા, રમણ તારે કહેવું હોય તે કહી દે,' સ્વામીજીએ અનુમતી આપી.

'ભાઈઓ,' રમણ ઊભો થયો. 'આજે આપણે આપણી સ્થિતિનું માપ લેવા એકઠા થયા છીએ. દિવસે દિવસે રાજ્ય અને પ્રજાનું અંતર વધતું જાય છે. આપણા દુઃખનો પ્યાલો છલોછલ ભરાયો છે. જો આપણે જ કાંઈ પગલાં નહિ લઈએ તો ત્રીજો તારણહાર આવીને આપણને બચાવવાનો નથી. તમે 'દીનબેરુ' વાંચતા હશો. લોકોની કંગાલિયત–ભખમરો ભારે છે. વેઠોનો ત્રાસ એટલો જ છે. સ્વામીજીની નિર્દોષ સેવા–પ્રવૃત્તિઓ ઉપર પણ સાશંક નજરે જોવાય છે, તરુણ અને હું ક્યાં સુધી સલામત છીએ એ કહી શકાય તેમ નથી. એટલે આપણા ઉપર છાપો આવે તે પહેલાં આપણે તૈયાર રહેવું જોઈએ.'

'બરાબર છે,' બે ચાર અવાજો આવ્યા.

'રમણભાઈ કહે છે તેમ માત્ર તંત્ર બદલ્યે આપણા દુઃખનો આરો નહિ આવે, સામાજિક પરિસ્થિતિ પણ એવો જ પલટો માગે છે. હજારોની સંખ્યામાં લોકો બેકારી અને ગરીબીના સાણસામાં સપડાયા છે. તેમની જરૂરિયાતો પૂરી પાડવાનો જો કોઈ પ્રબંધ નહિ થાય તો...' છબીલે જુસ્સાથી કહ્યું.

'હવે કરવું શું એ વાત કરોને!' એક અધીરા અવાજે કહ્યું.

'હા, હા, મુદ્દાની વાત કરો ને,' બે ચાર માણસોએ પોતાની સંમતિ બતાવી.

'મુદ્દાની વાત તો એ છે કે રાજ્ય આપણા ઉપર છાપો મારે તે પહેલાં આપણે વ્યવસ્થિત થવું જોઈએ,' રમણે સૂચના મૂકી.

'એ મંજૂર છે,' છબીલે કહ્યું.

'સુકાન બધું સ્વામીજીને હસ્તક સોંપવું.'

'નહિ, હું તો માત્ર સલાહ આપીશ. સૂત્રધાર તો રમણ બને એજ ઠીક છે.' સ્વામીજીએ સામી સૂચના કરી.

'એ ઠીક છે. સ્વામીજીની સલાહ સુકાન જેટલીજ કિંમતી છે.' તરુણે અનુમોદન આપ્યું.

'છબીલા, તારા કામદારો અને તેની વ્યાયામશાળા કેમ ચાલે છે?'

'ગમે ત્યારે પોતાના હકકો માટે એકત્ર કરી શકાશે, એ વિષે તમે નચિંત રહેજો.' છબીલે જણાવ્યું.

'વામનભાઈ, આપણું આખું બળ આપણે એકત્ર કરવું છે.' રમણે કહ્યું.

'આપણી કયાં ના છે.'

'ભલે તેમ. જ્યોતિર્બાલા, તમારો સ્ત્રી સંઘ અમને શું મદદ કરશે?'

'તમારી પડખો પડખ ઠેઠ સુધી ઊભો રહેશે એની ખાત્રી રાખજો. જો કે તેમાં હજુ વધુ સંગઠન માટે વખત અને તાલીમની જરૂર છે,' જ્યોતિએ જણાવ્યું.

'પણ હવે ખૂબ તાકીદની જરૂર છે. તરુણભાઈ તમે એકવાર પ્રવાસે ફરી ગામડે ગામડે તમારા ખેડુસંઘોને તાજા કરી આવો પછી ફરી આપણે મળીશું.'

'ખેડૂતો, સ્ત્રીઓ, કારીગરો અને શહેરની જનતા એવી ચારે વર્ગની આપણે તૈયારીઓ કરી છે.'

'હાજી, પણ અહીં હાજર રહેલા બધાની પ્રતિજ્ઞા છે ને,' તરુણે સત્તાવાહી અવાજે પૂછ્યું.

'મંજૂર છે, અમને મંજૂર છે,' એકી અવાજે બધા બોલી ઊઠયા.

મંજૂરીનું મૂલ્ય આપવું પડશે એ ખબર છે?' રમણે વધુ ખાત્રી કરાવી.

'રેણુ આપણા મક્કમ નિર્ણય અને નિરધારની સાક્ષી છે, તેના વહેતા જળની સાક્ષીએ આપણી પ્રતિજ્ઞા છે.' છબીલે આવેશથી કહ્યું.

સ્વામીજીનું હૈયું આવતી કાલની આશાથી ભરાઈ આવ્યું. વર્ષોનાં સેવેલાં સ્વપ્નાની સિદ્ધિ નજદીક આવતી લાગી. ગુરુનું અધૂરું રહેલું કાર્ય શિષ્યો પૂરું કરે છે. જે આદર્શોની સિદ્ધિ અર્થે પોતે ફકીરી લીધી એ આદર્શો પોતાની આજુબાજુ એકઠા થયેલ જુવાનોમાં તેણે મૂર્તિમાન થયેલા જોયા. આદર્શ ઘેલડા જુવાનો સિવાય બીજા કાર્યની સિદ્ધિ કરશે તેમ તેને લાગ્યું નહોતું. પણ એવું આદર્શનિષ્ઠ મરજીવાનું જૂથ પોતાને આટલું જલદી સાંપડશે તેની ખાત્રી નહોતી. સ્વામીજી ઊભા થયા.

'જુવાનો, તમને જોઈને મારું હૈયું ઠરે છે. તમારી અધીરાઇ અને ઉત્સાહ મને પાગલ બનાવે છે. દુઃખી જનતાની આશા તમારામાં છે. ભારે આશા અને ઉત્સુકતાથી લોકો તમારી તરફ જોઈ રહ્યા છે. જો જો, તેમને નિરાશ રખે કરતા. લોકોને એમ ન લાગે કે તેઓ ઊલમાંથી ચૂલમાં પડયા છે, અને લોકો માત્ર તમારી ભાવનાથી નહિ રીઝે, તેમને તો કંઈ નક્કર વસ્તુ હાથમાં આપવી પડશે. સામાન્ય જનસમાજને એવા સીધા ફાયદા વગર તમારા સ્વરાજ્યની ખબર પડવાની નથી. તેમને રહેવાને ઘર, પહેર-વાને વસ્ત્ર અને ખાવાને પૂરતું અન્ન મળે એ સ્વરાજનું પહેલું ચિહ્ન હોવું જોઈ. તેમને કેળવણીના સાધનો મળે, માણસાઇનું ભાન થાય એ સ્વરાજનું બીજું ચિહ્ન હશે. વળી એ......' ઓચીંતો સામેના મંદિરમાંથી ઘંટનો અવાજ સંભળાયો. રમણના કાન ચમકી ઊઠયા. બરાબર પાંચવાર ઘંટનાદ સંભળાયો.

'હં', ભાઈબંધ આપણી શોધમાં આવી પહોંચ્યા લાગે છે,' છબીલના મોઢા ઉપર હાસ્ય પથરાયું.

તો આપણે હવે હોડીમાં જ રવાના થઈ જઈએ. તુરત જવું જોઈએ, નહિતર સામે મંદિરમાંથી અહીં આવતાં વાર લાગશે નહિ,' રમણે ઈશારત કરી, કે ટપોટપ બધા હોડીમાં બેસી ગયા. એક હોડીમાં સ્વામીજી, રમણ, જ્યોતિ, મધુરી અને તરુણ બેઠા. બીજી હોડીમાં છબીલ, વામન અને બીજા જુવાનો બેઠા અને જાણે હરિફાઈ હોય નહિ, એવા વેગથી હોડીઓ ઉપડી.

પ્રકરણ તેરમું

ધારાસભામાં

આંગણામાં ઉદ્યાન શોભી રહ્યું હતું. ચંપા, જુઈ, મોગરાની વાસથી ઉદ્યાન મઘમઘી રહ્યું હતું. રસલોલૂપ ભમરા ચારે તરફ ગુંજારવ કરી રહ્યા હતા. મોટરોની હારની હાર બહાર લાગી રહી હતી. ધારાસભાની આલેશાન ઇમારત ઉદ્યાનની બરાબર વચમાં આવેલ હતી. આખા મકાનની સજાવટ, ઓટલાના પગથિયાં વગેરે એટલા સાફ અને ચકચકીત હતાં કે જાણે આજે જ કરાવ્યાં ન હોય. ચોપદારો અને પહેરગીરોના પટા ઉપરના ધાતુના બીલ્લા આયનાની ગરજ સારે એટલા સ્વચ્છ અને ચકચકીત હતા, દેખાવ અને દબદબો કોઈને પણ આંજી નાખવા પૂરતાં હતાં. મોટરો આવ્યે જતી હતી અને કોઈ સરદારો તો કોઈ માલેતુજાર શેઠિયા તો કોઈ પત્રકાર, એમ એક પછી એક આવીને પોતાની જગ્યાએ વચલા હોલમાં ગોઠવાતા હતા.

'હલ્લો, મી૦ જોશી, આજ તો સરદારો પણ પૂરતી સંખ્યામાં હાજર રહ્યા છે ને શું ?' એક લાંબા ને પ્રોફેસર જેવા જણાતા ગૃહસ્થે બીજા ગૃહસ્થને કહ્યું.

'હોય નહિ ! ગૃહમંત્રીએ ખાસ સરક્યુલર કાઢી બધાને હાજર રાખ્યા છે. આજે મી૦ વામનરાવ પોતાના ખેડૂત રાહત બીલ ને

ઘરભાડાના કાયદાનું બીલ લાવવાના છે. તેની સામે રાજ્ય પણ પોતાનો પક્ષ મજબૂત બનાવેજને !' બીજા ગૃહસ્થે કહ્યું.

'અરે, આ વામનરાવ આવ્યા.' થોડી વારમાં વામનરાવ તેમના પક્ષના દસ પંદર સભ્યોથી વીંટળાઇને સભામાં આવ્યા. પોતાનું સ્થાન લીધું. વચમાં ઊંચા પ્લેટફોર્મ ઉપર સિંહાસન સરખી બે ખુરશીઓ હતી. જેમાંની એક પ્રમુખ માટે અને બીજી સૂબા માટે હતી. પ્રમુખે પોતાનું આસન લીધું. બધા સભ્યોએ ઊભા થઈ માન આપ્યું. શાંતિ છવાઈ રહી. પ્રેક્ષકોની ગેલેરી પણ ચીકાર હતી. બીજી પારસી બાનુઓ ભેગી જ્યોતિ અને મધુરી પણ બેઠેલી હતી. ખેડૂતોને રાહત આપવા સંબંધીનો પ્રશ્ન જાહેરમાં ખૂબ છણાઈ ગયો હતો એટલે આજે ધારાસભામાં એ પ્રશ્ન ઉપર શું નિર્ણય આવે છે તેની પ્રજા અને રાજ્ય બન્ને રાહ જોઈ રહ્યા હતા. પત્રકારો સાથે રમણ પણ બેઠો હતો. ગૃહમંત્રી મી. પાલનજી અવારનવાર તેના તરફ કરડી નજરે જોતા હતા. છેલા છેલા 'દીનબેરુ'એ ગૃહમંત્રી અને દેવનગરના રાજ્યતંત્ર ઉપર સચોટ મારો ચલાવ્યો હતો.

પ્રાથમિક વિધિ પૂરી થયા પછી પ્રમુખે વામનરાવ તરફ તેમને આગળ આવવાની સૂચના કરી. સૌની આંખો વામનરાવ તરફ ખેંચાણી. વામનરાવ ઊભા થયા.

'ગૃહસ્થો' વામનરાવે પોતાનું બોલવું શરૂ કર્યું: 'આજે તમારી સમક્ષ એક અગત્યનો ખરડો હું પેશ કરું છું. તમે જાણો છો કે આ ખરડા ઉપર આપણા ખેડૂતો કે જેના શ્રમ ઉપર આપણે જીવીએ છીએ, તેમના સુખનો નહિ પણ જીવનનો આધાર છે.

'દીનબેરુ' પત્રની ટીકા વાંચીને તથા ખેડૂતોની બેહાલ સ્થિતિના વર્ણનો વાંચી કોનું હૈયું ન પીગળે ? આપણામાંથી એવો સંગદીલ કોણ હશે કે જેનું હૈયું દ્રવ્યું નહિ હોય ? સારા વર્ષમાં પણ તેઓ

અત્યંત કંગાલિયત અને ભૂખમરાને કાંઠે જીવે છે. અત્યારે અનાવૃષ્ટિને લીધે ખેડૂતો પોતાનું રાચરચીલું [કે જે ગાભા સિવાય કશું હોતું નથી] વેચી, પશુધન વેચી રાજ્યને કર ભરે એ રાજ્યતંત્રને અને આપણને શરમાવનારી વસ્તુ છે. હું અહીં હાજર રહેલા માનવંત સભ્યો અને અધીકારીઓને પૂછું છું કે આપણા મહાલયમાં ચાલતા વીજળી પંખા, આપણા શહેરોમાં થતી ડામરની સડકો, એ બધું આ ગરીબોને પૈસે થાય છે એનો વિચાર તમે કર્યો છે? ગામડાંનાં ખેડૂતો પાસેથી આવતા પૈસાનું તેમને શું વળતર આપવામાં આવે છે? તેમને માત્ર દબડાવવા સિવાય રાજ્યસત્તાએ તેમને માટે કશુંયે નથી કર્યું.'

'વિચાર કરીને બોલો. આક્ષેપો ન કરો.' અધિકારી વર્ગમાંથી એક અવાજ આવ્યો.

'હું આક્ષેપ નથી કરતો. સત્ય કહું છું. તેની સાબિતી માટે હું તમને મારી સાથે ગામડાંમાં આવવાનું આમંત્રણ આપું છું. આવો અને જુઓ, જોશો ત્યારે ખબર પડશે કે હું અતિશયોક્તિ નથી કરતો પણ અલ્પોક્તિ કરું છું, પણ આ સંબંધમાં મારે માત્ર પ્રજાકીય અભિપ્રાયનો ટેકો નથી, પણ અધિકારી વર્ગનો પણ ટેકો છે એમ હું સાબિત કરી આપીશ. મી૰ નથુરામ વહીવટદારે કરેલો રીપોર્ટ મી૰ પાલનજી ટેબલ ઉપર મૂકશે કે?'

'એ રીપોર્ટ ખાનગી છે.' મી૰ પાલનજીએ જવાબ આપ્યો.

'ખાનગી કહીને જનતામાં એ રીપોર્ટ ઉપર ઢાંક પીછોડો કરવામાં આવે છે. મને માનવાને સજ્જડ કારણ છે કે મી૰ નથુરામ વહીવટદારે એવો રીપોર્ટ કર્યો છે કે ખેડૂતો ઓણ સાલ મહેસૂલ ભરી શકે તેમ નથી તો આ વખતે રાહત આપવી. પોતાના જ

અમલદારના અભિપ્રાયને ઠોકરે મારી રાજ્ય મહેસૂલ ઉઘરાવવા ઇચ્છે છે કે શું? હું આજે આપની પાસે ઠરાવ મૂકું છું કે આ વર્ષે ખેડૂતોનું મહેસૂલ માફ કરવું અને મને આશા છે કે દરેક સભ્ય, જે સ્વતંત્ર વિચારી શકે છે તે મને ટેકો આપશે.' તાળીઓના ગગડાટ વચ્ચે વામનરાવ બેસી ગયા.

મી૦ પાલનજી વિચારમાં પડી ગયા કે ખાનગી રીપોર્ટોની માહિતી પણ આ લોકોને ક્યાંથી મળી જાય છે. પોતાની ઓફિસમાં પણ વિરોધ પક્ષના માણસો ઘૂસ્યા છે કે શું એમ તેમને ઘડીભર ભ્રમ થયો.

બીજા બે ત્રણ સભ્યોએ વામનરાવના ઠરાવને જુસ્સાભેર ભાષામાં ટેકો આપ્યો. આમવર્ગને ભાષાની નક્કર દલીલો કરતાં જુસ્સો વધુ અસર કરે છે. જ્યારે શિક્ષિત વર્ગને દલીલો અને બુદ્ધિના ચમકારા વધુ ખેંચે છે. ધારાસભાના સભ્યોમાં બન્નેનું મિશ્રણ હતું. પણ દિલની નિખાલસતા અને રૂજુતા તો સૌને આકર્ષે છે.

વિરોધ પક્ષના સભ્યો ઊભા થયા. એક બે જાગીરદાર અને બીજા સરદારો હતા.

'મી૦ વામનરાવ તો કમ્યુનિસ્ટ વિચારોનો ફેલાવો કરવા માંગે છે.'

એક જાગીરદારે ભરડવા માંડ્યું. તેમને હમણાં હમણાં રાતા સામ્યવાદની બહુ ગંધ આવતી. તેનાથી બહુ ભડકતા, અને અવસરે અને બીનઅવસરે પોતાનો રોષ ઠાલવવો ચૂકતા નહિ. તેમણે ચાલુ કર્યું.

'પણ હિંદની ભૂમિમાં એમના વિચારોથી જબ્બર કલહ રોપાશે અને જે માણસો શાંત અને ઠરેલ રાજ્યવ્યવસ્થા અને બંધારણ ચાહતા હશે એ માણસો તેમના વિચારોને ટેકો આપશે નહિ. માનવદયા બધે દાખવી શકાય પણ તેને નામે આળસ અને હરામખોરીને ઉત્તેજન આપી શકાય નહિ.'

'બરાબર છે, બરાબર છે' બીજા સરદારો તરફથી અવાજો આવ્યા. છેવટે મી૦ પાલનજી જવાબ આપવા ઊભા થયા.

'મારા મિત્ર વામનરાવની ખેડૂતો પ્રત્યેની લાગણીની હું કદર કરું છું. પણ સાથે સાથ હું તેમને ખાત્રી આપવા માગું છું કે રાજ્ય આજ સુધી ખેડૂતોની ભારે કાળજી રાખતું આવ્યું છે.'

'તદ્દન ખોટું,' પ્રજાકીય સભ્યો તરફથી અવાજ આવ્યો.

'ખેડૂતોની સ્થિતિ વિષેનો રીપોર્ટ એક તરફી છે. તે ઉપર રાજ્ય એમ લક્ષ આપી શકે નહિ, 'અને અહીં તો રાજ્યના ચાલતા ધોરણને બદલવાનો સવાલ છે. ખેડૂતોને ખરેખર જરુરત હોય તો પ્રજા તેમને માટે ફંડ કરે, તેમાં રાજ્ય પણ પોતાનો ફાળો આપશે, પણ રાજ્ય પોતાનું ધોરણ બદલી શકે નહિ.'

'ક્યાંથી બદલે ? પોતાના જંગી ખરચા નિભાવવા હોય તે ?' એક સભ્યે ટાણો માર્યો.

'અને કેટલાક સભ્યો પ્રજાને ખુશી રાખવા અર્થ વગરના ફેરફારો કરવા ઉત્સુક છે એ પણ મને ખબર છે. પણ રાજ્ય તો આખી પ્રજાના હિત અર્થે જે પગલું વ્યાજબી હોય તેને જ ટેકો આપી શકે.' અમલદારોની તાલીઓના ગગડાટ વચ્ચે પાલનજી બેસી ગયા.

ભારે રસાકસી ચાલી, મત ગણત્રી વખતે સરકારી સભ્યો, સરદારો, જાગીરદારો અને કેટલાક ગભરાયેલા શ્રીમંતો એક પાસે અને બીજી બાજુ પ્રજાકીય સભ્યો વામનરાવની સરદારી નીચે ત્રેપન વિરૂદ્ધ સુડતાલીશ મતે ઠરાવ ઉડી ગયો. વામનરાવ હતાશ થયા. અમલદારી મંડળે ઠરાવને હર્ષોદ્‌ગારથી વધાવી લીધો. એવો જ ફેંજ થયો ઘરભાડાના કાયદાનો. સરકાર પક્ષનો સંગઠિત વિરોધ તેમજ શ્રીમંત ઘરધણીઓના સાથથી એ ઠરાવ પણ ઊડી ગયો.

વામનરાવે પોતાના મંડળમાં ચર્ચા શરૂ કરી. તુરત નિર્ણય ઉપર આવ્યા હોય તેમ તેમના મોં પર જણાયું. તે પોતાની જગ્યાએ ઊભા થયા. આખી સભાની આંખ ઉત્સુકતાથી તેમના તરફ મંડાઈ.

'માનવંતા પ્રમુખ સાહેબ, અને સભ્ય બંધુઓ, ત્રણ ત્રણ વર્ષ અમે આ સભામાં ગાળ્યા પછી અમારે નિરાશાના એકરાર સમું આ નિવેદન અહીં કરવું પડે છે. અમારા નજદીકના સાથીઓના વિરોધ સહીને પણ પરિણામે જોયું કે અમે પથ્થર સાથે માથું અફળીએ છીએ. ધારાસભાની સજ્જડ બહુમતિથી પસાર કરેલા ઠરાવો પણ રાજ્યે પોતાની અંગત સત્તા વાપરી નામજૂંર કર્યા છે. અંગત સત્તાનો આટલો દુરુપયોગ કયાંય સાંભળ્યો નથી, પણ હવે અમે વધુવાર આ દીવાલોમાં અમારી શક્તિ વેડફવા ઇચ્છતા નથી. અમને મોડું મોડું પણ ભાન થયું છે કે જનતાની પ્રગતિ માટે જનતામાં જ કામ કરવું પડશે, તેથી અમે અમારા જૂના સાથીઓ સાથે એક હરોલમાં પાછા ઊભા રહેશું અને આ ધારાસભાની ખુરસીઓ ભલે રાજ્ય પોતાના મનમાનતા સભ્યોથી ભરે. આજથી અમે અમારું સ્થાન પ્રજા વચ્ચે લેશું.'

વામનરાવ અને તેના સાથીઓ ખુરશીઓ છોડીને ધારાસભાની બહાર નીકળ્યા. અમલદારી વર્ગ તો આ ધડાકો સાંભળી ડઘાઈ જ ગયો. તેમણે નહોતું ધાર્યું કે વાત આ હદે પહોંચશે. ગૃહસચિવ પાલનજી વિમાસણમાં પડયા કે જરા સાચવીને કામ લીધું હત તો દોરડું તૂટી જાત નહિ. પણ 'તુલસી અબ કયા હોત હે, જબ ચીડિયાં ચુગ ગઈ ખેત.' ભાવીની અનેક કલ્પના અને તર્કવિતર્કો કરતું કરતું પ્રેક્ષક મંડળ પણ વીખેરાયું.

પ્રકરણ ચૌદમું

પહેલો પ્રહાર

'વામનરાવે અણધાર્યો ધડાકો કર્યો, નહિ મી. પાલનજી ?' સૂબાએ ધુમ્રપાનના ગોટે ગોટા કાઢતા કહ્યું.

'હાજી, પણ મને તો ભય હતો કે તેમના ઠરાવો પસાર થઈ જશે અને આપને ખાસ સત્તા વાપરવી પડશે.'

'પણ એ તો ઠીક થયું, વગર વાપર્યે કામ પત્યું,' સૂબાના મુખ ઉપર સંતોષની લાગણી છવાણી.

'તેમના કેટલાક સભ્યો હાજર રહ્યા નહિ, તેમ આપણે નહોતા ધારેલા તે મી. વેલચંદશેઠ અને રાધાકાન્ત મુકરજીએ સામ્યવાદની ગંધથી ભડકીને આપણી તરફ મત આપ્યા.'

હં, પણ પાલનજી, હવે તે લોકો શું કરવા માગે છે ? બરાબર સાવચેત રહેજો. કંઈ ગડબડ કરે નહિ. તમારાં ખાતાં તો એવા છે ને કે આપણા ખાનગી રીપોર્ટની બાતમી પણ વામનરાવને મળી જાય ! એ બહુ ગંભીર વાત છે.'

'હાજી, એને માટે હું ખાસ ધ્યાન આપીશ.'

'આ 'દીનભેરુ' હવે હદ કુદાવે છે. તમે કાલનો અંક જોયો ?' સૂબાએ પૂછ્યું.

'હાજી, હું પણ એજ વાત કરવાનો હતો. એના તંત્રીને આપણે પકડવો જ જોઈશે,' પાલનજીની ચટપટી ખૂબ વધી હતી.

ધારાસભાનો પ્રસંગ તો દેવનગરની શેરીએ અને ચૌટે ચર્ચાતો હતો, અને 'દીનભેરૂ'એ મુખપૃષ્ટ ઉપર જ પાલનજીનું કટાક્ષ ચિત્ર ચિતર્યું હતું, અને 'ખેડૂતોના તારણહાર'નું બીરુદ તેમને આપ્યું હતું. 'દેવાળિયું રાજ્યતંત્ર' એ અગ્રલેખ હતો. જેમાં રાજ્યના ખર્ચની ઝાટકણી કાઢવામાં આવી હતી અને એવા દેવાળિયાં રાજ્યતંત્રનો કારભાર ખેડૂતો શા માટે ઉપાડે તેની છણાવટ હતી. લોકલાગણી પણ ખૂબ ઉશ્કેરાઈ હતી. સૂબાથી કે પાલનજીથી આ વધુ વખત સહ્યું જાય તેમ ન હતું.

'લોકોની ઉશ્કેરણી બંધ કરવી હોય તો તેના તંત્રી ઉપર કામ ચલાવવું પડશે.' પાલનજીએ મોકો જોયો. તેણે રમણને પકડવાનો નિરધાર કર્યો.

'કઈ કલમ મુજબ કેસ ચલાવશો ?' સૂબાએ પ્રશ્ન કર્યો.

'કલમ તો આપણા ધારાશાસ્ત્રી શોધી કાઢે તે ખરા. હું એને હમણાં જ ટેલીફોન કરું છું.'

'સારું, પણ સંભાળીને કામ લેજો. વાતાવરણ જેમ બને તેમ ટાઢું પાડજો,' સૂબાએ વાણિયાગીરી દાખવી.

પાલનજી વિદાય થયા.

* * *

'ટનનન...' ફોનની ઘંટડી વાગી. દોરાબશા પંથકી પોલીસ સુપ્રી. થવાની તક મળે તેના સ્વપ્નાં જોતા આરામખુરશી ઉપર પડી રહ્યા હતા.

'આ કોણ અત્યારે ય આરામ નથી લેવા દેતું?' જરા કંટાળાથી પંથકી બોલ્યો. ક્યાંક ચોરી કે બીજો ગુન્હો બન્યો હશે એમ માની બોલ્યો.

'એલાવ, જુઓને મી૦ પંથકી, આજે 'દીનભેરુ'ના તંત્રીને તમારે પકડવાના છે. અત્યારથી તમારા માણસો એની ઓફિસ આજુબાજુ ગોઠવી દ્યો, અને લોકોમાં ઉશ્કેરણી કે હોહા ન થાય તેમ તમારે કામ લેવાનું છે.'

'હાજી.'

'વોરંટ મેજીસ્ટ્રેટ પાસેથી લઈ લેશો.'

'હાજી.'

'હં, પણ પોલીસનો બંદોબસ્ત બરાબર પાકો રાખજો. લોકો ભેળા થાય કે મોટા દેખાવો થાય તો તમે જુમ્મેદાર ગણાશો.'

'પો. સુપ્રી. સાહેબ તો બહારગામ છે,' આ અણગમતું કામ હમણાં કરવાનું ટળે એ આશાથી કહ્યું. દેરાબશા પંથકીને પણ લોકલાગણી સામે થઈને કામ લેવું ગમતું નહોતું. છેલ્લાં છેલ્લાં પ્રજામાં માનીતા થવાની જે કાંઈ તક મળે તે લેવી ચૂકતા નહિ. ત્યાં આ અપજશનો પોટલો ઉપાડવાનું માથે આવ્યું જાણી કચવાયા, પણ બીજો ઉપાય નહોતો.

'કંઈ હરકત નહિ. પો. સુપ્રી.નું આ પ્રસંગે કામ નથી. એ અહીંના પરિચિત નથી એટલે તમારી માફક શાંતિથી કામ લેતાં તેમને નહિ આવડે. તમે જ પતાવજો અને મને પૂરો રીપોર્ટ મોકલાવજો. અચ્છા.'

'સારું જી,' કડવી ગોળી ગળે ઉતારવી પડતી હોય એવા કટાણા મોંએ દોરાબશા બોલ્યો.

સાંજના સાતનો વખત હતો. 'દીનબેરુ'ની ઑફિસમાં ધમાલ મચી રહી હતી. રમણ પોતાની ખુરશી ઉપર બેસી આજુબાજુ પથરાયેલ કાગળિયામાં ડૂબી ગયો હતો. જુવાન રીપોર્ટરોની દોડાદોડ થઈ રહી હતી. શહેરની પ્રવૃત્તિઓ પણ હમણાં હમણાં ખૂબ વધી હતી. વિદ્યાર્થી સંઘો, કારીગર સંઘો, નારી સંઘો, ખેડૂત સંઘો વગેરે મંડળો પોતપોતાની પ્રવૃત્તિઓમાં પૂર જોસથી મચી રહ્યાં હતાં. વૃદ્ધ માણસો આ બધું શું ધાંધલ છે એમ પ્રશ્ન પૂછી સ્તબ્ધ થઈ જતા હતા. પાંજરાપોળ, અનાથાશ્રમ કે દેવાલય કે બહુ તો જ્ઞાતિ પંચોના કામકાજથી ટેવાયેલી તેમની નજરને આ બધો તમાસો ધાંધલ, ધમાલ વગેરે જોઈને ખૂબ આશ્ચર્ય અને કૂતુહલ થતાં. દુનિયા કઈ બાજુ જઈ રહી છે એના અફસોસમાં ગરકાવ થઈ જતા અને છેવટે 'આપણો જમાનો કંઈ થાવો છે, ઈ વખત ગયા,' એમ અભિપ્રાય ઉપર આવી આશ્વાસન લેતા. શહેરની પ્રવૃત્તિ કેવી છે, જાહેર જીવન કેવું છે, એનું માપ પત્રકારની ઑફિસે મળે. એ ઑફિસની ધમાલ ઉપરથી શહેરની ધમાલ સમજાઈ જાય.

'અરે રમણભાઈ, આજે તો ખાસ ખબર છે,' એક જુવાન અને ચબરાક ખબરપત્રીએ આવીને કહ્યું.

'બોલોને.'

'તમારા ઉપર આફત છે.'

'એ તો હું ઘણા દિવસથી જાણું છું.'

'પણ આજે તો ખાસ ખબર છે.'

'કે ?'

'તમને આજે પકડવાનું વારંટ છે.'

'બસ કે !' રમણે કહ્યું.

'આપણી ઓફિસની આજુબાજુ ફરતા પોલીસના માણસો છૂપા વેશમાં ગોઠવાઈ ગયા છે.'

'મારી ધરપકડના ભણકારા તો ઘણા વખત થયા સંભળાતા હતા, કાલેજ સ્વામીજી મને કહેતા હતા કે તું તારા પછીનો બીજો તંત્રી ગોતી લે.'

'સાંજ પડી ગઈ છે પણ હજી ઉપર આવતા નથી.'

'પોલીસ ઇન્સ્પેકટર પંથકી સાવ ભોળો લાગે છે. નહિતર મને પકડવા માટે આટલી બધી તજવીજ ને સાવચેતી શી?'

રમણના નામથી આખું દેવનગર સારી રીતે પરિચીત થઈ ગયું હતું. શહેરના જાહેર જીવનમાં તેનો ફાળો અગ્રગણ્ય ગણાતો. શહેરને લગતી કાંઈપણ જાહેર પ્રવૃત્તિ કરવી હોય તો તેમાં હોય જ.

'પણ તેમને બીક છે કે કદાચ તમને પકડે અને લોકોમાં ઉશ્કેરણી ફેલાય અને–'

'હા, એ વાત સાચી, પણ તમારી ખબર તદ્દન સાચી હોય તો મારે કેટલુંક કામ આટોપવું જોઈએ.'

'મને પોલીસ, ઓફિસમાંથી જ આ બાતમી મળી છે. વળી આ માણસો ઓફિસની આજુબાજુ ફરતા દેખાય,' રીપોર્ટરે બારીની બહાર આંગળી ચીંધી. રમણ ઊભો થયો. બારીની બહાર એક નજર ફેરવી.

'સારું, ત્યારે, મધુરી બહેનને તમે ટેલીફોન કરશો? સ્વામીજીને પણ ખબર આપવી પડશે. કોઈ માણસને મોકલો.' રમણે ઉપરાઉપરી સૂચનાઓ છોડવા માંડી.

'જી,' રીપોર્ટર ગયો. રમણ તેના કાગળિયામાં ગૂંથાયો. ઝડપેભેર કાગળની વ્યવસ્થા થવા લાગી. રમણનું મગજ ખરે પ્રસંગે મોટરના

વેગે કામ કરતું. છૂટી છૂટી સૂચનાઓ મિત્રોને ખાસ ભલામણો, પોતાની પછી 'દીનભેરુ' કોણ સંભાળશે વગેરે વ્યવસ્થાનો વિચાર તેણે તુરત કરી લીધો.

'મધુરી બેન હમણાં આવે છે એમ ટેલીફોનથી સમાચાર મળ્યા છે,' માણસે આવીને કહ્યું.

'સારું, બધાને ઓફિસમાં એકઠાં કરોને.'

'દીનભેરુ'ના કારકુન, ખબરપત્રીઓ, સહતંત્રી, પ્રેસના કામ કરનારાઓ વગેરે ઓફિસમાં તુરત ગોઠવાયા, બધાના મોઢાં ઉપર ગંભીરતા છવાઈ હતી, ત્યાં મધુરી પણ આવી પહોંચી.

'ઓહો, રમણભાઈ, આજ તો કાંઈ મોટી તૈયારી !' મધુરીએ સહજ હાસ્ય આણીને પૂછ્યું.

'દોસ્તો, આજે આપણા વિજયની શરુઆત છે. જે હેતુથી 'દીનભેરુ' ની શરુઆત થઈ હતી, તે ધ્યેય તરફ આપણે એક ને એક પગલું આગળ જતા જઈએ છીએ,' રમણે મુખ ઉપર મસ્ત બેપ્રીકરાઇ લાવી કહ્યું.

'દીનભેરુ' નો શંખનાદ અંતે રાજ્યથી સાંખી શકાયો નથી, એટલે આજે મને પકડવાની તૈયારી ચાલી રહી છે એવા ખબર મળ્યા છે. 'દીનભેરુ' ઉપર પણ તલવાર ક્યારે પડે તે કહી શકાય નહિ પણ જ્યાંસુધી 'દીનભેરુ' જીવે ત્યાં સુધી સિંહની જેમ જીવે એ જોવું એ હવે તમારું કામ રહેશે. મારી ગેરહાજરીમાં બધી વ્યવસ્થા મધુરી બહેન સંભાળશે, પણ છતાં જવાબદારી તમારી સૌની રહેશે. તમે જાણો છો કે આપણા પત્રમાં કોઈ નોકર તો છેજ નહિ. સહુ સાથીઓ છીએ. હં, પણ ભાઈ શાંતિ, બહાર જુવોને, સ્વામીજી કે તરુણ હજી કેમ નથી આવ્યા ?'

શાંતિ પાંચ મિનિટમાં જ પાછો આવ્યો. બધા તેના સામું જોઈ રહ્યા.

'દરવાજે પોલીસના માણસો બેઠા છે, કોઈને અંદર જવાનો કે બહાર નીકળવાનો હુકમ નથી એમ કહે છે.'

'એમ કે, સારું ભાઈબંધો હવે ખૂબ નજદીક આવ્યા છે. પણ ઉપર શા માટે નથી આવતા? પણ આ તો સત્તાનો પહેલો ફુંફાડો છે. પણ જીત આપણી છે. તો પણ આપણા...'

ધડબડ ધડબડ અવાજ સંભળાયા. ભારે પગલાં અને લોખંડી કાંટાવાળા પગરખાંનો અવાજ હતો. આગળ દોરબશા પંથકી પાછળ ત્રણ પોલીસો દેખાયા.

'માફ કરજો મી. રમણકાંત, મારે એક અણગમતી ફરજ બજાવવાની છે.'

'કંઈ હરકત નહિ, આવો,' પાસે પડેલ ખુરસીપર દોરાબશાએ જગ્યા લીધી. બાકીના પોલીસો અદબથી ઊભા રહ્યા. વોરંટનો કાગળ ગજવામાંથી કાઢી દોરાબશાએ આગળ ધર્યો. રમણે વાંચીને મધુરીને વાંચવા આપ્યો.

'તદ્દન તૈયાર છું,' રમણે હસીને કહ્યું.

'તમારે જરુરત હોય તો હું થોભવા ખુશી છું,' દોરાબશાએ વિવેક વાપર્યો. 'નીચે તમારી રાહ જોઉં છું.' દોરાબશા નીચે ઊતર્યો. આખા મંડળમાં ગમગીની ફેલાઈ. માત્ર રમણના મોઢા ઉપર હાસ્યની છાયા હતી.

'મધુરી બેન, જરાયે મુંઝાવાની જરૂર નથી, આપણી કૂચ વિજય તરફ છે. તમારી વચમાં પાછો કયારે આવીશ તેનો આધાર તમારા જોર અને કામ ઉપર રહેલો છે.'

'પણ તમારા સાથીઓને કંઈ સંદેશ સૂચન તો તમે પૂરું આપ્યું નથી,' મધુરીએ હળવે અવાજે પૂછયું.

'ખરી રીતે તેમ આપવાની કાંઈ જરુર નથી, સૌ સમજે છે. તો પણ સ્વામીજી અને તરુણને કહેજો કે અર્ધાપર્ધા સુધારાથી આપણું કાંઈ વળે તેમ નથી. ઠીક, ત્યારે હવે હું તમારી રજા લઉં. દોરાબશા ખોટી થાય છે.'

વિદાયની વિધિ થવા લાગી. મળ્યા ભેટ્યા, કોઈ રડયાં પણ ખરા. સૂતરના હાર રમણના કંઠે પહેરાવ્યા. અસહકારની લડત પછી રેંટિયાને તો કોઈ સંભારતું ન હતું, પણ રાષ્ટ્રીય પ્રસંગે ફૂલના હારને ઠેકાણે સૂતરના હાર પહેરાવવાની પ્રથા હજુ ચાલુ હતી. મધુરી મોટર સુધી વળાવવા સાથે ચાલી. હૃદયમાં ભાવોનો વેગ એટલો બધો હતો કે કાંઈ બોલી શકાય તેમ નહોતું. ભરેલ ઘડામાં બડબડિયાં બોલતાં નથી. મધુરી શું બોલે? જ્યારે હૈયાં વાતો કરે છે ત્યારે વાચા બંધ થઈ જાય છે. અને ભાવોનો મૂક વિનિમય ચાલે છે. શબ્દ અર્થ અને વાણી એ ભાવોને મૂર્ત સ્વરૂપ આપવાના કેટલાં અધૂરાં સાધનો છે એ કોણ નથી જાણતું?

મોટર તૈયાર હતી. દોરાબશાએ હાથ આપીને રમણને પોતાની પડખે બેસાડયો અને મોટર પૂર વેગે જેલ તરફ ઉપડી. મધુરી એકી ટસે મોટર પાછળ જોઈ રહી. રાત્રીનો અંધકાર વધતો જતો હતો. એ વધતા જતા અંધકારમાં મોટર પણ તેના કેદી સહિત લુપ્ત થઈ.

પ્રકરણ પંદરમું

અદાલત સમક્ષ

આજ સવારથી દેવનગર ધમધમી ઊઠયું. રમણની ધરપકડની વાત વાયુવેગે ગામમાં ફેલાઈ ગઈ. ચૌટામાં લોકે અનેક તર્કવિતર્કો કરવા લાગ્યા. આજ સુધી શાંત જણાતા રાજ્યમાં આવું પગલું ભરાયું તેથી લોકો વિચારમાં પડયા. સમજદાર વર્ગ તો રમણની ધરપકડની આશા ક્યારની રાખી બેઠો હતો. તેને કાંઈ નવાઈ ન લાગી. મોટરોની દોડાદોડી ખૂબ થઈ રહી હતી. રમણના કામથી આખું દેવનગર વાકેફ હતું. બીજી સવારના 'દીનભેરુ'માં રમણનો ફોટો હતો. અને તેની ગેરહાજરીમાં પણ 'દીનભેરુ' પોતાના રાહ પર મક્કમપણે ચાલ્યું જશે એની નવા તંત્રી મધુરીબાળાએ ખાત્રી આપી હતી.

'સ્વામીજી, રમણ તો ગયો,' વામને મોટરમાંથી ઊતરતાં કહ્યું.

'હા, પણ ધાર્યા કરતાં ઘણો મોડો પકડાયો. હું તો એને સારું ચિહ્ન ગણું છું.'

'પણ હવે શું?' વામને સામો પ્રશ્ન પૂછ્યો.

'તમે વકીલ છો એ જાણોને, તમારો કાયદો શું કહે છે?'

રાજ્યદ્વારી બાબતોમાં કાયદો કામ નથી લાગતો, એ સ્વામીજી સારી રીતે જાણતા હતા, છતાં વામનને ચીટકી લગાડવા કહ્યું.

'તમે ખુશી હો તો મારી સાથે બીજા બે વકીલો તેના બચાવમાં ઊભવા તૈયાર છે.'

'તમારી દલીલોથી તમે લોકલાગણીને ઉશ્કેરી શકશો બાકી... સ્વામીજીએ દૃઢપણે કહ્યું.

'લોકોને ખાત્રી આપી શકાય એ કાંઈ ઓછું નથી.'

'લોકોને તો ખાત્રી જ છે. તમારે ને તમારી જીભને કસરત જોતી હોય તે ભલે બચાવનું ફારસ ભજવીએ.'

'ના, ના, સ્વામીજી, એમ હોય !'

'બચાવ કોની પાસે ? વકીલ થઈને તને આવી સાદી વાત કેમ નથી સમજાતી ?'

'પણ આપણો કેસ બહારની દુનિયા પાસે મૂકવો તો જોઈએને ?'

'એ તો બચાવ સિવાય પણ મૂકી શકાશે. છતાં રમણની ઇચ્છા હોય તો ભલે બચાવ કરો, પણ હું નથી ધારતો કે રમણ બચાવની હા પાડે.' સ્વામીજીએ કહ્યું.

'અદાલતમાં તો ચાલો.'

'હા અડધા કલાકની હજી વાર છે ને હવે હું થોડું કામ પતાવી લઉં.' સ્વામી બીજા ખંડમાં ગયા. વામન એકલો ઓસરીમાં આંટા મારવા લાગ્યો. રાષ્ટ્રીયતાના ઘેરા રંગથી રંગાયેલો છતાં તેના કાયદા-બાજ મગજને શાંત શિષ્ટ પ્રવૃત્તિજ ગમતી. સભ્ય જણાતા શાંત સમાજમાં કામ કરવાને ટેવાયેલા તેના મગજને આમ જનતાનું ઝનૂન અને જોસ ઓછાં રૂચતાં. પોતાના મંડળની ગતિ કઈ બાજુ છે તેના વિચારોમાં તલ્લીન થયો. આમ જનતાનું સુકાન પોતે કાબૂમાં રાખી શકશે કે કેમ તેની તેને ચિંતા હતી. જીવનપ્રવાહમાં આજ સુધી નીચે

ગણાયેલો વર્ગ અસ્મિતા અનુભવતો હતો. એના સળવળાટમાં સર્પનો ફુંફાડો હતો. ભડકનારા ભડકતા હતા. લગામદોરી હાથ ઝાલવાની તાકાત ગઈ કાલના નેતાઓને પણ નહોતી. વિરાટ જાગે ત્યારે કોણ રોકી શકે, કોણ તેને પહોંચી શકે?

ગાડીના અવાજે તેની વિચારનિદ્રામાં ભંગ પાડયો. ગાડીમાંથી છબીલ, જ્યોતિ અને તરુણ ઊતર્યાં.

'અહો વામનભાઈ, તમે તો અહીં કયારના આવી ગયા છો ને શું!'

'હા.'

'અમે તો તમારે ઘેર જઈ આવ્યા.'

'હું વહેલો નીકળી ગયો હતો. જેલ ઉપર રમણભાઈને મળવા ગયો હતો, પણ મુલાકાત ન આપી.'

બીજા કેદીઓથી રાજદ્વારી કેદીઓને મોટા ગણવામાં આવે છે; પણ એ મોટાઈ અને અલગપણાની કિંમત ભારોભાર આપવી પડે છે. જેલ અધિકારીઓને એ વાતનો ડર રહ્યા કરે, ઉપરી અધિકારીઓનો અને અંદરની જેલવ્યવસ્થાનો, અને પરિણામે બીજા કેદીઓને મળતી સામાન્ય સગવડો જો રાજદ્વારી કેદીઓને જોઈતી હોય તો વડા દફતરે પૂછાવવું જોઈએ. વામને સવારે રમણની મુલાકાત માગી પણ જેલ અધિકારીએ પૂછાવ્યા સિવાય આવવાની ના પાડી. વામનની દલીલો કે કાયદાબાજીનો જેલ અધિકારીઓને કાંઈ ઉપયોગ ન હોતો.

'સ્વામીજી કયાં છે?' જ્યોતિએ પૂછયું.'

'અંદર ગયા છે, હમણાં આવશે.'

ચારે જણા પરસાળમાં બેઠાં. તરુણ અને છબીલ બંને ધૂંધવાયા કરતા હતા.

'જોયું વામનભાઈ ? તમારી ધારાસભામાં કાંઈ વળ્યું નહિ, અને ઢીલમાં આપણે રમણભાઈને ખોયા.' તરુણે કહ્યું.

'વ્યવસ્થિત યોજના તો આપણે કરવાની હતી તેને બદલે પહેલો પ્રહાર તો રાજ્યે કર્યો.' છબીલે કહ્યું.'

'આમ એક પછી એકને આપણે ખોતા જઈશું તો આપણા હાથ પગ તૂટી જશે, અને કામ કામને ઠેકાણે રહી જશે.'

'કામ વિષે ચિંતા નહિ કરો,' ખંડમાંથી બહાર આવતાં સ્વામીજીએ કહ્યું. 'કાર્ય સિદ્ધિ અર્થે ખોવા તો એકને નહિ પણ અનેકને પડશે. તમે માત્ર તમારી ફરજ બજાવતા જાવ. તમે ખપી જશો તો અધૂરી રહેલી મશાલ બીજા પ્રગટાવશે અને દીપક તો વહેલો મોડો પ્રગટવાનો જ એટલી ખાત્રી રાખો,' શ્રદ્ધાનિષ્ઠ સ્વામીજીએ અનેકવાર પોતાની પ્રચંડ શ્રદ્ધાથી ડગમગતા હૈયાને સ્થિર બનાવ્યા હતા.

'કંઈ નહિ આપણે આટલા પણ એ બધાને પૂરા પડીશું,' જ્યોતિએ કહ્યું. જ્યોતિમાં સ્ત્રીસુલભ માર્દવને ઠેકાણે હમણાં હમણાં લડાયકપણું વધુ દેખાતું. પુરુષ લડતાં થાકે છે ત્યારે એના ઊતરતા ઝનૂનને સ્ત્રીત્વમાંથી જ શીતળતા ને શાંતિ મળે છે. પણ જ્યોતિમાં તો પુરુષની ઉગ્રતા આવતી જતી હતી.

મોટરનું ભૂંગળું થયું. શોફરની બાજુ છબીલ અને તરુણ સંકોચાઈને બેઠા. બંનેને સ્વામીજી અને વામનનો આ માર્ગ પસંદ નહોતો એમ એમના મુખ પરથી જણાતું હતું. અંદર સ્વામીજી, વામન અને જ્યોતિ ગોઠવાયા.

'સ્વામીજી, તમે રજા આપો તો રમણને અધવચથી લઈ આવું. પૂરો અદાલતે પણ નહિ પહોંચે,' તરુણના સિપાઈ મગજને સૂઝયું.

'હા, હા, તરુણભાઈ, એ બરાબર,' છબીલે અનુમતિ આપી.

સ્વામીજી તેની સામે જોઈ રહ્યા. આ જુવાનોની અધીરાઈને વધુ વખત ખાળી શકાય તેમ લાગ્યું નહિ. મામલો દિવસે દિવસે વીફરતો જતો હતો. કંઈક સક્રિય પગલું લેવાની જરુર લાગ્યા જ કરતી, પણ સમય પાકયો છે કે કેમ તે વિષે સ્વામીજી સાશંક હતા. તરુણની ધરધકડ ગમે તે વખતે થાય એવો સંભવ હતો. આમ એક પછી એક પોતાના હાથ ભાંગી જાય તો પોતાની યોજનાનું શું? જીવનભરના આદર્શોને પાર ઉતારવા જીવસટોસટની રમત ખેલતા પોતાને કેમ સંકોચ થાય છે એ સ્વામીજી ન સમજી શકયા. કોઈ દિવસ સૂર્યનું કિરણ દેખાશે એવી મહા આશાએ સાધના માંડી હતી. ઘનઘોર રાત્રી વ્યતીત કરી હતી. માના લુખા સુકા કેશ અને આંસુને સ્થળે મંગળમય સોહામણી માતાનું દર્શન કરવા ઝંખી રહ્યા હતા. પોતાની નવજુવાનીના દિવસો તેમની સમક્ષ તરી આવ્યા. કેટલો ઉલ્કાપાત, કેવો ઝંઝાવાત કરવાના મનોરથો સેવ્યા હતા! સ્વામીજી એજ ગાંડી મદમસ્ત જુવાની આજ છબીલ અને તરુણમાં જોઈ રહ્યા હતા.

મોટર અદાલત તરફ પૂર જોસથી જઈ રહી હતી, આજે રસ્તાનો બંદોબરત પણ રોજ કરતા વધુ હતો. ઠેકઠેકાણે પોલીસો ગોઠવાયેલ નજરે પડતા હતા. લોકોમાં પણ કુતૂહલ અને ઉશ્કેરાટ ખૂબ જણાતાં હતાં.

'ખરે, આજનો દેખાવ તો કોઈ રાજા મહારાજાની પધરામણી જેવો જણાય છે ને શું?' વામને ટકોર કરી.

'લોકોમાં ઉશ્કેરણી ખૂબ હોય તેમ લાગે છે, અને પરદેશી સત્તાને હમેશાં ભય વધુ લાગે,' સ્વામીજીએ કહ્યું.

કોર્ટ પાસે મોટર આવી પહોંચી, લોકોએ સ્વામીજીને જોઈ હર્ષનાદ કર્યો. લોકોને પોલીસ પોતાના ધોકાથી ડરાવીને દૂર ને દૂર રાખતી હતી. રમણના કેસનું પરિણામ જાણવા લોકો ખૂબ આતુર હતા.

અમલદારો પણ આજે મોઢું ભારે રાખી રોફબંધ ચાલ્યા જતા હતા. થોડી વારમાં બંધ મોટરમાં રમણને લઈને પોલીસો અદાલતના ચોકમાં ઊતર્યા. લોકોએ જયનાદના પોકારો કર્યા. રમણે સ્વીકારસૂચક હાથ ઊંચો કર્યો. એક નજર ફેરવી. તરુણ છબીલને કયાંય જોયા નહિ. પોલીસ અમલદારે માનથી રમણને દાદર ચઢવા ઈશારત કરી. રમણ પોલીસ અમલદારની પાછળ પાછળ દાદર ચઢવા લાગ્યો. દાદર ચડતા જ ઉપર ઓસરીમાં જ્યોતિ, મધુરી, સ્વામીજી વિગેરે દેખાયા. રમણે પ્રણામ કર્યા.

'તમે તો ઇનામ વહેલું ખાટી ગયા, રમણભાઈ,' જ્યોતિએ હળવે રહીને કહ્યું.

'અધીરા થાવ નહિ, તમને પણ આ લ્હાવો મળશે. કેમ ખરું કે નહિ, દોરાબશા ?' પાસે ઊભેલા પોલીસ અમલદાર તરફ ફરીને રમણે પૂછ્યું.

'નાજી. અમે તો ચિઠ્ઠીના ચાકર,' દોરાબશાહે નમ્રભાવે કહ્યું.

લોકલાગણી અને સત્તાનો દોર બેની વચ્ચે ભીંસાતા રાજ્યાધિકારીઓની સ્થિતિ ખૂબ કફોડી હોય છે. પણ દોરાબશા ચતુર માણસ હતો. અણગમતું કરતાં છતાં જ્યાં જ્યાં પ્રજાની મીઠી નજર મેળવવાની તક મળે તો ચૂકતા નહી.

'રમણ જેલના રોટલાનો સ્વાદ કેવોક છે ? આશ્રમ કરતાં તો મજા આવતી હશે ?' સ્વામીજી ટોળટપ્પે ચડયા.

'પણ હું એકલો જ જો મજા ચાખું તે ઠીક નહિ. તમને બધાને પણ વહેલા મોડા લાવવા છે. કેમ મી૦ પંથકી ?' દોરાબશાને પણ પોતાની વાતમાં ભેળવ્યા.

થોડીવારમાં ખળભળાટ થતો હોય એમ જણાયું. મેજીસ્ટ્રેટ મી. સોલોમન આવતા દેખાયા. સિપાઈઓ, કારકુન પોતપોતાના સ્થાને ગોઠવાયા. પૂરતી ગંભીરતાપૂર્વક મેજીસ્ટ્રેટે પોતાનું સ્થાન લીધું. પહેલ-વહેલો જ રમણનો કેસ લેવાયો. પબ્લીક પ્રોસીકયુટર મી૦ ખુરેશી પોતાનો કેસ ચલાવવા તૈયાર થઈ ગયા.

રમણની જીંદગીનો અથથી ઈતિનો હેવાલ વર્ણવ્યો. રાજ્ય સામેના તેમના ભયાનક અપરાધોની હારમાળા વર્ણવી બતાવી. લોકોની 'દીનભેરુ' પત્રદ્વારા સતત ઉશ્કેરણી, સભાઓ, છૂપાં મંડળો ભેદી સફરોનું વર્ણન કરી જે લોકો ન હોતા જાણતા તેને પણ રમણની કારકીર્દિની ખબર પાડી, અને છેવટમાં આરોપીને તેના આ ગુન્હા સર સખ્ત સજા કરવાની ભલામણ કરી કે જેથી બીજા લોકો આવો રાજદ્રોહ કરતાં અટકે. બધો વખત કોર્ટમાં શાંતિ વ્યાપી રહી.

'તમારે બચાવમાં શું કહેવાનું છે, રમણકાંત?' મેજીસ્ટ્રેટે રમણ તરફ જોઈને પૂછયું. થોડીવાર રમણ અને વામન વચ્ચે ગુસપુસ ને ખેંચતાણ જેવું ચાલ્યું. અંતે રમણ ઊભો થયો. કોર્ટમાં આજે હાજરી ચીકાર હતી. નામાંકીત વકીલો, બીજા શહેરીઓ અને કેટલીક બહેનો પણ કેસ સાંભળવા આવેલ. બધાં એકીટસે રમણના તેજસ્વી મુખ સામે જોઈ રહ્યા. રમણે ખોંખારો ખાધો. કોર્ટમાં મેજીસ્ટ્રેટ કરતાં આરોપીનું વજન અને પ્રતિભા વધી જાય એ ભાગ્યે જ કોઈ મેજીસ્ટ્રેટ સહન કરી શકે છે. મેજીસ્ટ્રેટની મુખમુદ્રા ઉપર કંટાળો તરવરી આવ્યો. 'હું અત્યંત દીલગીર છું કે,' રમણે શરુ કર્યું, 'મારે કશો બચાવ કરવાનો ન હોય. મારા મિત્ર વામનરાવ જે અહીંના પ્રખ્યાત ધારાશાસ્ત્રી છે, તેમની મદદનો અસ્વીકાર કરવો પડે છે. પ્રોસીકયુટરે મારા કાર્યોની જે લાંબી ટીપ વર્ણવી તે મેં શાંતિથી સાંભળી છે, અને હવે મને એમ લાગે છે કે મેં

એટલું જ કામ કાં કર્યું ? લોકોના હક્કો માટે વાત કરવી, માતૃભૂમિનું સ્વાતંત્ર્ય ઇચ્છવું અને તેને માટે પ્રયત્ન કરવો એજ જો રાજદ્રોહ હોય તો એવો રાજદ્રોહ મેં કર્યો છે. રાજ્ય એટલે મુઠીભર નોકરિયાતનું તંત્ર નહિ પણ સમસ્ત પ્રજા મળીને રાજ્ય બને છે. અને સમસ્ત પ્રજાના હિતમાંજ મેં કામ કર્યું છે, એટલે મારું કામ રાજદ્રોહ કહી જ ન શકાય. અને મને વિશ્વાસ છે કે મારું ગમે તે થાય છતાં મારું અધૂરું રહેલ કાર્ય અટકશે નહિ. બીજાઓ તેને વધુને વધુ આગળ ધપાવશે અને નિશ્ચિત ધ્યેયની પ્રાપ્તિ અર્થે મરી ખૂટશે તેની મને ખાત્રી છે.'

લોકોએ તાળીઓના ગગડાટથી રમણને વધાવી લીધો. મેજીસ્ટ્રેટ એક કરડાકીભરી નજર નાખી.

'આ કોર્ટ છે, સભ્યતાનો ભંગ થશે તો મારે તમને બધાને બહાર કાઢવા પડશે.'

પંતુજીની ઢબે મી. સોલોમન બોલ્યા.

પોતાનું અસ્તિત્વ તદ્દન ન વીસરાઈ જાય એ સાચવવા બે ચાર પોલીસ અધિકારીઓ તરત જ નીકળી આવ્યા. અને પાછી કોર્ટમાં શાંતિ ફેલાણી. બધા રમણ સામું જોઈ રહ્યા. કોર્ટમાં જુવાનો હતા, યુવતીઓ હતી. વકીલ મંડળ અને બીજા શહેરીઓ પણ હતા.

રમણનું જોસદાર વક્તૃત્વ સાંભળનારના હૈયાંને આગ લગાડતું. કુમળા ભાવોનો અને બલિદાનની, ત્યાગની, આત્મસમર્પણની લાગણીઓનો સંભાર તો સહુના હૈયામાં ભર્યો હોય છે. પણ સંસારના વધતા જતા પ્રવાહને લીધે એ ભાવો ઉપર કાંપ જામી જાય છે. અને માનવીની ભાવનાશીલતાનું વ્યવહાર તેને વિસ્મરણ કરાવે છે. પણ હરેક સમાજમાં પ્રવાહના કાંપને ન જામવા દેતાં ભાવના

દીપકને જ્વલંત રાખનારી વિરલ વ્યક્તિઓ નીકળી આવે છે. જેમને સંસાર મહાનુભાવ તરીકે ઓળખે છે. ચીનગારીને પોતામાં જ રાખીને અગ્નિને સંતોષ નથી થતો, જ્યાં સુકું ઘાસ ભાળે ત્યાં ચીનગારી પોતાનો પ્રતાપ દેખાડે છે. સાંભળનાર કંઈક જુવાનોએ લાગણીઓનો કંપ અનુભવ્યો, મોટી ઉમરનાઓને પણ એમ થયું કે પોતામાં પણ થોડું ઘણું સુકું ઘાસ ભર્યું છે ખરું.

'અને મેં કોનો રાજદ્રોહ કર્યો છે? જે રાજ્યતંત્ર નીચે લોકો ભૂખે મરે છે, જ્યાં પ્રજાને કેળવણીનો પણ પૂરો બંદોબસ્ત નથી, એવા રાજ્યતંત્રનો મેં દ્રોહ કર્યો છે! એ હું કબૂલ કરું છું.'

'સાહેબ, અહીં કોર્ટમાં પણ તે રાજદ્રોહી ભાષણ કરે છે, એ સામે મારો વાંધો છે,' પબ્લીક પ્રોસીક્યુટર મી૦ ખુરેશી અધવચ ઊઠીને બોલ્યા..

'મી૦ રમણકાંત, હું તમને વધુ બોલવા દઈશ નહિ, આ કાંઈ રાજકીય સભા નથી. મુદ્દાસર તમારે જે કહેવાનું હોય તે કહો.'

ઠાવકા મેજીસ્ટ્રેટે ગંભીરાઈથી કહ્યું.

'જી, આપનો આભાર. આપ સાંભળવા ન ઈચ્છતા હો તો લાચાર. મારા જેવા અનેક ચાલ્યા જશે તો પણ અમારું કાર્ય અધૂરું રહેવાનું નથી એની મને ખાત્રી છે, એટલે મારું ગમે તે થાય તેની મને પરવા નથી.' રમણ બેસી ગયો, લોકો એક બીજાના કાન કરડવા લાગ્યા. કોર્ટના મકાનની બહારથી 'ઇન્ક...કી...લાબ ઝીંદાબાદ 'ભારત માતકી જે' એવા વિવિધ પોકારો તો અવારનવાર સંભળાયા જ કરતા હતા. આજના કેસનું પરિણામ સાંભળવા લોકો પણ આતુર હતા. પોલીસનો બંદોબસ્ત ન હોત તો લોકોના ધસારાને રોકી શકાત નહિ.

મેજીસ્ટ્રેટે કાયદાના એક બે પુસ્તકો ફેરવ્યાં. એ દરમ્યાન તરુણે છબીલના કાનમાં કાંઈ વાત કરી, છબીલે હાસ્યથી પોતાની અનુમતિ બતાવી. તરત જ છબીલ ચુપકીદીથી કોર્ટમાંથી બહાર નીકળી ગયો. મેજીસ્ટ્રેટ શું ચુકાદો આપશે તેની લોકો રાહ જોઈ રહ્યા હતા.

'મી૦ રમણકાંત, તમોએ ગુન્હાનો ઈન્કાર ન કરતાં એકરાર કરીને કામ સરળ કરી આપ્યું છે. તમારા અભિપ્રાય મુજબ, તમે દેશસેવાનું કામ કર્યું હશે, પરંતુ જે કાયદાના શાસન મુજબ અત્યારની રાજ્ય વ્યવસ્થા પ્રવર્તે છે, તેનો તમે ગુન્હો કર્યો છે, અને કાયદા આગળ નાની મોટી દરેક વ્યક્તિ સમાન છે. તમારી જુદી જુદી પ્રવૃત્તિઓ અને લખાણો એવાં છે કે લોકોમાં વર્તમાન રાજ્યશાસન સામે જરુર બેદીલી ફેલાવે. પીનલકોડની ૧૨૪મી કલમ મુજબ હું તમને તકસીવાર ઠરાવું છું. લોકોમાં ધડો બેસે એવી ભારે સજાની પ્રોસીક્યુટરે માગણી કરી છે, છતાં તમારો સામાજિક દરજ્જો જોતાં હું તમને ફક્ત બે વર્ષની કેદ ફરમાવું છું. અને પાંચસોનો દંડ, દંડ ન ભરાય તો છ માસ વધુ.'

'ઈન્કીલાબ ઝીંદાબાદ' 'વંદેમાતરમ'ના પોકારો થઈ રહ્યાં. મેજીસ્ટ્રેટે કોર્ટ બરખાસ્ત કરી. કોર્ટના ઓરડામાંથી રમણને બહાર લઈ જવો એ મુશ્કેલ કાર્ય થઈ પડયું. કોઈએ રમણને હાર પહેરાવ્યો. મિત્રોએ અભિનંદનો આપ્યાં. હસતા મુખે રમણ બધું ઝીલી રહ્યો, સ્વામીજી પોલીસ અમલદાર સાથે વાત કરી રહ્યા હતા. તરુણ અને વામન આપસ આપસમાં ગુસપુસ કરી રહ્યા હતા. મધુરીના મોઢા ઉપર વિષાદની છાયા પથરાઈ હતી.

'મધુરી, એમ રડયે રાજ નહિ મળે,' જ્યોતિએ મધુરીના ફીક્કા મોઢા તરફ જોઈ કહ્યું.

'મધુરીબેન પણ હવે તો કરી બતાવશે. પણ જેલમાં જવાની ઉતાવળ કરતા નહિ હોં કે,' વામને સૂર પૂર્યો.

'તમને બધાંને ધકકેલીને પછી જ હું જઇશ,' મધુરીએ કહ્યું.

'એવી ખોટી ધકેલવાની વાત ન કરો.'

તરુણે હળવે અવાજે પણ તીખાશથી કહ્યું.

'એ તો જોશું, કેટલી તમારી તાકાત છે તે!' મધુરીએ ટોણા-રૂપે કહ્યું.

મધુરીને એમ લાગ્યું કે રમણને યાતનામાં મૂકી બીજા છૂટા ફરશે. પોતા જેટલી રમણ માટે કોઇને લાગણી નથી એમ તેને લાગ્યા કરતું. ભવભૂતિએ પ્રેમની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે હેતુ વગરનો પક્ષપાત એ પ્રેમ છે. મધુરીના અસ્ફુટ ભાવો વધુ સ્ફુટ થતા જતા હતા.

મોટરમાં રમણને બેસારવાની દોરાબશાએ તૈયારી કરી.

'સ્વામીજી મારી ચિંતા કરશો નહિ, તમારા આશિર્વાદથી હું ક્ષેમ કુશળ પાછો આવીશ.'

'બેટા રમણ, આપણું વહાણ અધવચ પહોંચ્યું છે, અને ઇશ્વરેચ્છા હશે તો જરુર પાર ઊતરશે.'

રમણે મધુરી સામે જોયું. વખત બહુ થોડો હતો. વાતો તો શું કરે? આંખો જ બોલી. કેટલાંક નાજુક હૈયાંની વાત શબ્દબદ્ધ થઈ જ શકતી નથી. આંખોદ્વારા કેટલા ભાવ અને લાગણીઓનો વિનિમય થઈ શકે છે એ અનુભવીઓ જાણે છે. પ્રેમના શુદ્ધ સ્વરૂપમાં તેને ભાષા હોતી નથી. પ્રેમ બોલવાની વસ્તુ નથી, અનુભવવાની વસ્તુ છે. બીનઅનુભવી બોલે છે, અનુભવી જાણે છે કે તેને વ્યક્ત કરવા માટે શબ્દોની શક્તિ કેટલી પરિમિત છે. એટલે એ મૂંગો થઈ જાય છે.

મોટરમાં બે પોલીસો, રમણ અને દોરાબશા ગોઠવાયા. લોકોના પોકારો અને જયનાદો વચ્ચે મોટર ઉપડી. પાછળ થોડે અંતરે બીજી મોટરમાં સ્વામીજી, વામન વગેરે મંડળ ઉપડયું.

રમણવાળી મોટર પૂરવેગથી જતી હતી. રમણ પોતાનાં વિચારોમાં ડૂબી ગયો હતો. ગામ લોકોના કોલાહલથી બચવા મોટર ફેરમાં નિર્જન રસ્તા ઉપર થઈને જેલ તરફ જઈ રહી હતી બંને બાજુ મકાનોની હારમાળા હતી. રસ્તો સુમકાર હતો. મોટરને વળાંક લેવા માટે શોફરે ચક્કર ફેરવ્યું. ત્યાં બાજુના રસ્તા ઉપરથી એક નાની મોટર ધડાકાભેર આવી સાથે અફળાણી. અંદર બેઠેલ બધાને આંચકો લાગ્યો. એક બીજાના માથા અફળાવાથી સખત વાગ્યું, હજુ શું થયું એ જુએ ત્યાં તો એક બીજી લીલી મોટર આવી. વિચિત્ર વેશધારી અને અપરિચિત એવા ચાર પાંચ માણસો નીચે ઊતર્યા.

'રમણભાઈ આ બાજુ,' એક પરિચિત અવાજે રમણને લીલી મોટરમાં બેસ ડયો. આ શું થઈ રહ્યું છે એ દોરાબશાની કલ્પનામાં આવે તે પહેલાં તો તેના કેદી રમણને લઈને લીલી મોટર પૂર વેગે ઉપડી ગઈ.

પોલીસો બાધાની માફક જોઈ રહ્યા. દોરાબશા હાથ પછાડવા લાગ્યો, પણ ઉપાય નહોતો, તેની મોટર ખોટકાઈ ગઈ હતી.

તે દિવસે દેવનગર ગામમાં ઠેક ઠેકાણે પોલીસે દરોડા પાડયા, પણ રમણનો પત્તો ન હોતો. અભય આશ્રમની જડતી લીધી, પ્રૌઢ ગંભીર સ્વામીજીએ હસતે મોંએ દોરાબશાને આખો આશ્રમ બતાવ્યો. દાંત કચકચાવતો દોરાબશા પાછો ફર્યો. તે રાત્રે પોલીસોની દોડધામનો પાર ન હોતો, પણ બધું અફળ.

તે રાત આખા દેવનગરમાં તેમ જ રાજયમંડળમાં પણ ઉશ્કેરણી ને હોહા વ્યાપી ગઈ.

પ્રકરણ સોળમું

ધુંધવાતા ઇંધન

'જ્યોતિ તરુણ અને છબીલ અંતે રોકયા રહ્યા નહિ,' હમણાં જ સ્નાનથી પરવારી બહાર આવેલ જ્ઞાનાનંદ બોલ્યા. છૂટી પાટલી ઉપર ઉત્તરિય વીંટાળ્યું હતું. તેમનાં અવ્યવસ્થિત વાળ તેમની પ્રૌઢતામાં ઓર વધારો કરી રહ્યા હતા.

'તમારો વખત તો કોણ જાણે કયારે આવે છે?' આખા જુવાન મંડળમાં અધિરાઈ વ્યાપી રહી હતી. સ્વામીજી ધીરજની મૂર્તિ હતા. અકાળે થયેલા પ્રયત્નની પ્રત્યાઘાતી અસર કેવી હોય છે તેનો તેમને અનુભવ હતો. એટલે પૂરો સંભાર ભર્યા સિવાય ઝંપલાવવાની તેમની ઇચ્છા હતી નહિ. પણ લાકડામાં અગ્નિ તો તરુણ છબીલે મૂકી દીધો હતો.

'ચિનગારી લાગી ગઈ છે. એટલે તૈયારી કાચી કે પાકી પણ પાર ગયા વગર હવે છૂટકો નથી.'

'અને હવે જો આપણે જરાયે સમય ગુમાવશું તો સામા પક્ષનું ચડી વાગશે,' જ્યોતિના લડાયક સ્વભાવથી હવે રહેવાતું નહોતું.

'સાચી વાત છે, જ્યોતિ. બચાવની ઉત્તમમાં ઉત્તમ રીત એ હુમલો છે, એ નેપોલિયનનું સૂત્ર હતું.'

'અમે બધું સૂત્ર રમણભાઈના હાથમાં સોંપ્યું છે. એમને ઠેઠ સુધી ગુપ્ત રાખવા છે. તમારા આશિર્વાદ અને સંમતિ જોઈએ અને વખતો વખત તમારે સૂચના પણ આપવી જોઇશે.'

'બેટા, સૂચનાને બદલે મારું આખું હૈયું જ ઉપાડી જાવને, તમને હું શું ન આપું ?'

સ્વામીજીની જુવાનીના ધગધગતા રાષ્ટ્રીયવાદમાં હવે આધ્યાત્મવાદના નવા સૂરો પૂરાયા હતા. વિચાર ભોમમાં તેમનું મન આંતર રાષ્ટ્રીય થઈ ગયેલું. માનવીકૃત કુંડાળાના ભેદો તેમના પારદર્શી સ્ફટિક મનને બાંધી શકતા નહિ. તેમની આ વિશ્વબંધુત્વની મનોદશા આખું દેવનગર જાણતું, અને સ્વામીજી સૌનો પૂજ્યભાવ ધરાવતા. છતાં રાષ્ટ્રહિત હૈડે રાખતા જુવાન કાર્યકર્તાઓ તરફ તેમનો અસાધારણ પક્ષપાત રાજ્યને ખૂંચતો. પણ સ્વામીજી ઉપર હાથ નાખી શકાય એવું કોઈ કારણ રાજ્યને મળતું નહિ. રાજ્યની હિંમત પણ ચાલે તેમ નહોતું.

'છબીલભાઈ હમણાં ધમાલમાં પડયા છે, કારીગર અને મજૂરોના સંગઠનમાં રોકાયા છે.'

'હા, છબીલ કારીગર અને મજૂરોમાં ખૂબ લાગવગ ધરાવે છે એ સાચું, પણ ખરે વખતે તે મજૂરોને કાબૂમાં રાખી શકશે ? જ્યારે ટોળાં ભેગા થાય છે ત્યારે તેમના પશુ સ્વભવને કાબૂમાં રાખવા એ ભારે કપરું કામ છે. એવો પ્રયત્ન કરનારને પોતાને ખાઈ જાય છે.' સ્વામીજીએ શંકા બતાવી.

ટોળાં માનસ એ લોકનેતા માટે કપરો કોયડો છે. એને રીઝાતાં કે ખીજાતાં વાર નથી લાગતી. અને ટોળાં વિફરે છે ત્યારે બધી સંસ્કૃતિ અને સભ્યતા બાજુ રહી જાય છે. પશુતાનો, વેરનો,

દ્વેષનો, હિંસાનો ભાંગતોડનો રાક્ષસી પ્રવાહ ટોળામાંથી ફેલાય છે. જેને સારાસારનો વિવેક હોતો નથી અને ઘણે પ્રસંગે જનતાને દોરવનાર લોકનાયકને ખૂદને ભરખી ખાય છે. સ્વામીજી તો જૂના લડવૈયા હતા. જુદા જુદા કાળના પ્રજાકિય ઉત્થાનોના સાક્ષી હતા. સક્રિય પણ સિપાઈ હતા.

'સૂબાને તો હમણાં ગાંડપણ ચડ્યું હોય તેમ લાગે છે. સભાબંધીનો કાયદો આજ કાલમાં નીકળવાનો છે. હથિયાર બંધ લશ્કરી ગાડીઓ વારંવાર શહેરમાં ફર્યા કરે છે.'

'તેને ગાંડપણ નથી લાગ્યું. પરિસ્થિતિનું ભાન થયું છે. રમણને પાછો કબજે કરવા આકાશ પાતાળ એક કરશે અને તે જાણે પણ છે કે આપણે બધા એક જ છીએ. તેનું ચાલે તો તો મને, તને બધાને એકદમ જેલમાં બેસાડી દે.'

'તરુણ છબીલને પણ એમજ લાગ્યું છે કે વેળાસર કંઈ પગલાં નહિ લઈએ તો સામો હલ્લો તેનો આવવાનો છે.'

'હા, એ તો હું માનું જ છું કે થોડાદિવસમાં છબીલ તરુણ ઉપર પણ આફત આવવાની.'

'તો પછી આમે ય મરવાનું હોય ને તેમે ય મરવાનું હોય તો મોતને સામેથી ન પકડીએ?'

'મોતને શોધવાની યે જરૂર નથી, તેમ આવે તો ટાળવાનીયે જરૂર નથી, ફક્ત કામ આપણું શી રીતે સધાય એ જ એક લક્ષ્ય રાખવું.'

'આજે બધા મજૂરો હડતાલ ઉપર જવાના છે. બધી મિલો બંધ રહેશે. બીજા કારખાનાંના કારીગરો પણ એ હડતાળમાં સામેલ થવાના છે.'

'ઓહો, હવે તો લાકડાં માત્ર ધુંધવાતા નથી પણ સળગશે નહિ?'

'હાજી, તેમની માગણીઓ સંતોષાશે નહિ ત્યાંસુધી કામે નહિ ચઢે, કાલે તેમનું જબરદસ્ત સરઘસ પણ નીકળવાનું છે.'

'છબીલ કયાં છે? કેમ દેખાતો નથી?'

આજે તમને તે અને તરુણભાઈ બન્ને મળવા આવનાર છે. પણ જાસુસો તેમની પાછળ જ છે એટલે ગમે તે વખતે અને ગમે તે પોષાકમાં આપને મળી જશે.'

'સારું. પણ જલદી મોકલજે.' જ્યોતિએ રજા લીધી.

સ્વામીજીને આ જુવાનો પુત્ર સમ વ્હાલા હતા. અધિરાઈ અને ઉતાવળમાં પોતાના પ્રાણોને હોમી તો નહિ દે તેની તેના વત્સલ દિલને ચિંતા પેઠી. સરદારનો સ્વભાવ હોય છે કે ભડકતા અગ્નિમાં સિપાઈઓને નાળિયેરની જેમ વધેરી દેવા. તેમ કરતાં તેને રજ માત્ર થડકો કે આંચકો લાગતો નથી. પણ સ્વામીજીમાં હમણાં હમણાં વાત્સલ્ય ભાવ વધુ વિકસ્યો હતો. એટલે કોઈ અગમ્ય ચિંતાએ તેમના દિલમાં વાસો કર્યો. 'શરફરોશીકી તમન્ના'ના બીજ પોતે જ આ જુવાનોના દિલમાં વાવ્યા હતા. 'કાર્યમ્ સાધયામિ વાદેહમ્ પાતયામિ'નો મરણિયો નિશ્ચય સ્વામીજીએ આ જુવાનોમાં જોયો. પણ સાથો સાથ હૈયામાં ઊંડી પ્રેમની ગાંઠ બંધાણી હતી. નિર્મોહી જેવા લાગતા જ્ઞાનાનંદમાં માના જેવી આ નિર્બળતા કયાંથી આવી? તેનું હૈયું હર્ષ અને ઉદ્વેગ વચ્ચે ઝોલાં ખાવા લાગ્યું.

આજે આખું દેવનગર કોલાહલથી ધમધમી રહ્યું હતું. લોકો કુતૂહલ અને ઉત્સુકતાથી અધીરા થયેલા જણાતા હતા. પોલીસ અમલદારો, છૂટા ઘોડેસ્વારો રસ્તા ઉપર કડકાઈથી ફરી રહ્યા હતા. છેલ્લાં કેટલાક બનાવોએ દેવનગરના વાતાવરણને સળગાવી મૂકયું હતું. રમણની ધરપકડ, તેનો કેસ, જેલ જતાં અધવચથી તેનો કરેલ છૂટકારો.

મજૂરો તથા કારીગરોની હડતાલ, ખેડુતો ઉપરના જુલ્મ, બેસુતમ લશ્કરી ખર્ચ વગેરે બનાવોથી રાજ્ય વિરુદ્ધ લોક લાગણી ખૂબ ઉશ્કેરાઈ હતી. રમણના કરવામાં આવેલ છૂટકારાથી સૂબો પણ ખૂબ ધુંધવાણો હતો. અને તેને કંઈક ભય પણ ઉપજ્યો હતો. ઠેર ઠેર લશ્કરી ચૉકી પહેરો મૂકયો હતો. રમણની શોધ માટે કેટલીએ સંસ્થાઓ તથા ખાનગી ઘરો ઉપર દરોડા પાડયા પણ રમણનો પત્તો નહોતો. ઊલટી લોક લાગણી રાજ્ય વિરુદ્ધ ઉશ્કેરાતી જતી હતી.

'મૂડીવાદનો નાશ હો'

'ક્રાન્તિ અમર રહો' એવા અવાજો ટોળામાંથી આવવા લાગ્યા.

'આ બદમાશો આજ મરવાના થયા છે.' પોલીસ સુપ્રી, મિ. નોર્ટન દોરાબશા સામું જોઈને બોલ્યા.

'કોઈ રીતે આ મજૂરો માને તેમ નથી.' દોરાબશાએ સામું જોઈને કહ્યું.

'ગમે તેમ કરીને પણ એ સરઘસને મિલ તરફ જતાં અટકાવવું જ જોઈએ.'

'પોલીસ અને મીલીટરી બન્નેની જરૂર પડશે.'

'બન્ને તૈયાર છે, જરૂર પડયે ગોળીબાર કરવાની પરવાનગી પણ મેં સૂબા પાસેથી લઈ લીધી છે. અને ચીફ મેજીસ્ટ્રેટ પણ હાજર રહેશે.' મિ. નોર્ટનને મન આ મજૂરોનું મૂલ્ય મગતરાંથી વધુ નહોતું.

'તેના નાયક છબીલને આજે પકડત, પણ પકડવાથી મજૂરો ઊલટા વિફરત અને મામલો બગડત.' પ્રજાસેવકોનો પણ જરૂર પડયે ઉપયોગ કરી લેવાનું ડહાપણ પોલીસ અમલદારમાં હતું.

'એ તો સારું કર્યું. આજનું ટોળું વીખેરાય પછી આપણે તે છબીલને તેમ જ તરુણને બન્નેને પકડવા પડશે. પેલી છોકરીઓ મધુરી ને જ્યોતિનું પણ ધ્યાન રાખવા જેવું છે એમ ગૃહમંત્રી મિ. પાલનજી મને આજ કહેતા હતા. તમે એ છોકરીઓના પિતા પાસે આજે જઈ આવજો.'

'જી.'

'હં, જુઓ કોલાહલ વધ્યો છે. તેમનું સરઘસ આ માર્ગે આવતું જણાય છે. તમે મેજીસ્ટ્રેટને ફોન કરી મિલના રસ્તા આગળ તેમને રાખજો. હું સૂબા સાહેબને મળી આવું છું.'

'જી, મીલીટરી ટુકડીઓનાં બંદોબસ્તનું શું કરશું?'

'હું હમણાં જ તાબડતોબ સૂબાને મળી લશ્કરી વડાને ફોન કરું છું. મિલને રસ્તે હમણાં જ બે ટુકડીઓ ગોઠવાઈ જશે.'

દોરાબજીનું ઠંડુ હૈયું અંદરથી ગભરાતું હતું. આવો વીફરેલ મામલો તેણે કદી જોયો નહોતો. જે દેવનગરમાં મહાપ્રયાસે થોડી ઘણી પ્રજાપ્રિયતા મેળવી હતી ત્યાં જ ગોળીબાર થાય. ગોરા પોલીસ સુપ્રી૦ મિ. નોર્ટનનું શરીર અહીં હતું પણ મન તો તેના દેશમાં હતું. દોરાબશાને તો પાછું આને આ લોકો વચ્ચે રહેવાનું હતું. પરદેશી રાજ્યતંત્ર, અને દેશી રાજ્યતંત્ર વચ્ચે આ જ ભેદ રહે છે. એકને કોઈ જાતની જવાબદારી નથી હોતી, જ્યારે બીજાને લોકો વચ્ચે જ પાછું રહેવાનું હોય છે એટલે એના જુલ્મ ઉપર હમેશાં લોકમતનો ભય રહે છે.

અવાજ, શોર, બુમરાણ મચી રહ્યું હતું. મજૂરો અને કારીગરોની અવ્યવસ્થિત હારની હાર જુદા જુદા અવાજો વચ્ચે આગળ વધતી હતી. 'મૂડીવાદનો' નાશ હો ના પોકારો વધ્યે જતા હતા. બીજી બાજુએથી

'ઈન્કીલાબ ઝીંદાબાદ'ના પોકારો થઈ રહ્યા હતા. ચિત્ર વિચિત્ર પોષાકો મજૂરોએ પહેર્યા હતા. જુદા જુદા પાટિયાં હતાં. 'અમને રોટી આપો, યા કામ આપો,'ના પાટિયાં વચ્ચે વચ્ચે દેખાતા હતા, પ્રચંડ સરઘસ વધ્યે જતું હતું. આ સરઘસ, આ મેદની વીફરે તો કાળના કાળને પણ ખાઈ જાય. વિરાટ જાગે ત્યારે કોણ ખાળી શકે? તેના ખપ્પરમાં સલ્તનતોને પણ ડુબી જવું પડયું છે. ફક્ત તેને પોતાની શક્તિનું ભાન હોતું નથી. સરઘસમાં જોડાનાર મજૂરોને પૂરી ખબર તો નહોતી જ કે પોતે શા માટે જોડાય છે. ફક્ત એટલી હૈયા ઉકલત હતી કે પોતાને ઘોર અન્યાય થઈ રહ્યો છે. પોતાના શ્રમનું વળતર પોતાને મળતું નથી. વ્યવસ્થિત શોષણ યંત્રનો પોતે ભોગ થઈ રહ્યો છે. એ આજની સામાજિક અને આર્થિક વ્યવસ્થા તોડયા સિવાય વળે તેમ નહોતું. એને માટે સંગઠિત વિરોધ એ એક જ ઉપાય હતો. છબીલ અને તેના સાથીઓના વર્ષોના પ્રયત્નથી એ લોકોમાં સંગઠન થઈ શકયું હતું. અને હવે એ રાજ્ય અને પૈસાદાર વર્ગને ભારે પડતું જતું હતું. ઓટલા, અગાસીએ અને બારીએ લોકો આ સરઘસને કુતૂહલથી જોઈ રહ્યા હતા. સરઘસ મિલ તરફ જતા રસ્તા આગળ આવ્યું. પોલીસની હારની હાર આડી ગોઠવાઈ ગઈ હતી. તેમના હાથમાં લાઠીઓ હતી. બાજુમાં સંફ સમારીને હથિયાર બંધ મીલીટરી ટુકડીઓ તૈયાર ઊભી હતી. દેખાવ રણક્ષેત્ર જેવો થઈ રહ્યો હતો. મેજીસ્ટ્રેટ, પોલીસ સુપ્રી. લશ્કરી અમલદાર અને બે પોલીસ અધિકારીઓ મોટરોની પાસે ઊભા હતા.

સરઘસ રોકાયું. પોલીસના બે અમલદારો દોડયા. મોખરે ચાલતા છબીલના હાથમાં એક કાગળ મૂકયો. મેજીસ્ટ્રેટનો ઓર્ડર હતો. 'તમારાથી આ રસ્તે આગળ વધી શકાશે નહિ.' સરઘસમાં જાણવાનું કુતૂહલ ઊભરાંયુ. છબીલ બે સાથીઓના ખભા ઉપર ઊભો થયો. તેણે

મોટેથી મેજીસ્ટ્રેટનો ઓર્ડર વાંચ્યો. થોડી વાર સરઘસમાં શાંતિ વ્યાપી ગઈ, પણ તુરત 'નહિ, હમ આગે બઢેંગે' ના જોર શોરથી અવાજો આવવા લાગ્યા. સરઘસમાં ખળભળાટ મચી ગયો.

સરઘસ શાંત રહે એની છબીલને ખૂબ કાળજી હતી. કંઈ છમકલું કે હુલ્લડ ન થાય તેની પૂરી તકેદારી તેણે રાખી હતી. અવ્યવસ્થિત તોફાનના ઉન્માદ કરતાં વ્યવસ્થિત શાંતિ એ પ્રચંડ બળ છે, અને એની અસર શસ્ત્રો કરતાં પણ અત્યંત જબરી છે એની તેને ખબર હતી. બીજી બાજુ રાજ્ય પણ આજે લોકોને છંછેડી બળતામાં ઘી હોમવા તૈયાર નહોતું. 'આ ઓર્ડર તદ્દન બીન જરુરી છે. અમે બીલ્કુલ શાંતિથી ફરવાના છીએ,' છબીલે મેજીસ્ટ્રેટને સમજાવવાનો પ્રયત્ન કર્યો. 'તમારી ઇચ્છા ભલે શાંતિની હોય, પરંતુ તમે શાંતિ રાખી શકશો કે કેમ તેની મને શંકા છે. એટલે અમે દિલ્ગીર છીએ કે તમને આગળ વધવા દેવામાં આવશે નહિ,' મેજીસ્ટ્રેટે જણાવ્યું.

'પણ અત્યારે મજૂરો હઠે ચડયા છે. હું તેમને શાંતિથી લઈ જઈશ. અત્યારે તેમને પાછા વાળવા એ બરાબર નથી.'

'અમને પૂછીને તમે નહોતા નીકળ્યા. પાછા ફરવા સિવાય અત્યારે બીજો રસ્તો નથી,' પોલીસ સુપ્રી૦ મિ. નોર્ટન વચ્ચે બોલ્યા.

'તો હું તમને જણાવી દઉં છું કે કાંઈ પણ ગેરવ્યવસ્થા થશે તેની જુમ્મેદારી તમારા ઉપર આવશે.'

'એ તો અમે જોશું.'

મેજીસ્ટ્રેટ અને મી. નોર્ટન અંદર અંદર મસલતમાં રોકાયા. છબીલ પોતાના સાથીઓમાં ગયો. જોરશોરથી અવાજો શરુ થયા. એક દાબે

મજૂરોએ પોલીસોની ઠઠ્ઠા ને હુરિયો બોલાવવો શરૂ કર્યો. ટોળું ચાળે ચડ્યું.

મી. નોર્ટનના નાક ઉપર એક પથ્થરો આવ્યો, જ્યાં જુએ ત્યાં બીજો પથ્થરો મેજીસ્ટ્રેટની ટોપી ઉપર. બન્ને ગભરાયા. ટોળું વિફરે તો પોતાના જાનની પણ બીક લાગી. એક પોલીસ લાઠી લઇને દોડયો. એક મજૂરને લગાવી. છબીલ મૂંઝાયો. ધ્રાસને ચીનગારીની વાર હતી. લોકો કાબુમાંથી છટકતા જતા હતા. ગાંડા ટોળાને ગણત્રી ઓછી હોય છે? હજી લોકોને રોકે ત્યાં તો પોલીસ ઉપર સોડાવોટરની બાટલીઓ આવી. મામલો વિફરતો જતો હતો. મેજીસ્ટ્રેટે તુરત નિર્ણય કર્યો. મીલીટરી ટુકડીઓને આગળ બોલાવી. લાઠીધારી પોલીસોથી કાંઈ વળે તેમ નહોતું. છબીલે લોકોને રોકવાનો છેલ્લો પ્રયત્ન કરી લેવા ધાર્યું. બે સાથીઓની ખાંધે ચડયો. પણ હવે મોડું થયું હતું. પોલીસો અને મજૂરો વચ્ચે હાથોહાથની ઝપાઝપી જામી.

આંખના પલકારામાં સામેથી હુકમ આવ્યો. 'ફાયર' શું થયું તે ખબર પડે તે પહેલાં છબીલ વિંધાયો. સનનન કરતી ગોળીઓ ટોળા ઉપર આવી. અંધેર જામ્યું. સામેથી પથરા ને સોડાવોટરની બાટલીઓનો મારો ચાલ્યો. ગોળીબાર સામે ટકાય તેમ નહોતું. લોકો ભાગ્યા. ભાગતા સામા પક્ષને જેટલો હેરાન કરી શકાય તેટલો કરતા ગયા. અડધા કલાકમાં મેદાન સાફ થયું. છબીલ અને બીજા ઘવાયેલા રસ્તા ઉપર પડી રહ્યા.

'આમને હોસ્પીટલમાં લઈ જાવ.' મેજીસ્ટ્રેટે હુકમ કર્યો.

પાસેની પોલીસ ચૉકીમાં ટેલિફોન હતો. સૂબાને બધા ખબર તાબડતોબ જણાવવામાં આવ્યા.

'હં', દેવનગરમાં લશ્કરી કાયદો જાહેર કરો, શેરીને ચૌટે લશ્કરી પહેરો બેસાડો. મામલો એકદમ કાબૂમાં લ્યો. સૂબાએ ફોન ઉપર હુકમ છોડયા.

દેવનગરના પ્રજાજનોને તે રાત મહાવ્યથાની ગઈ. વિજળી વેગે ગામમાં ખબર ફેલાયા કે હોસ્પીટલમાં છબીલ પોલીસ પહેરા નીચે છેલ્લા શ્વાસ ખેંચે છે. પણ લશ્કરી કાયદાના લોખંડી દોર નીચે લોકો ઊંચું માથું કરી શકે તેમ નહોતા.

પ્રકરણ સત્તરમું

વ્યૂહરચના

'ટનનન...' ફોનની ઘંટડી વાગી.

'હલ્લો, હું પાલનજી એક બહુ જ માઠા સમાચાર છે.'

'બોલો.'

'પેલા છબીલ મજૂર નેતા જે ગોળીથી ઘવાયા હતા તે આજે વહેલી સવારે ગુજરી ગયા છે.'

'ઓહો, બહુ ખોટું થયું. તેમના કુટુંબને રાજ્ય તરફથી દિલાસાનો સંદેશો પહોંચાડજો.'

'જી, પણ હોસ્પીટલ બહાર લોકો એકઠા થયા છે. તેના શબની માગણી કરે છે.'

'શબ તેના સગાંવહાલાંને આપી દેજો. શાંતિથી તેની ક્રિયા કરે.'

'પણ લોકો તો સજ્જડ હડતાલ પાડી બેઠા છે, અને એ શબ સરઘસ કાઢી ગામમાં ફેરવવા માગે છે.' ગૃહમંત્રી પાલનજી બોલ્યા.

'હં, ત્યારે આની પાછળ કોઈ ચળવળખોરના કારસ્તાન લાગે

છે. જરાય ઢીલું મૂકયે નહિ ચાલે. મિ. પાલનજી, ખૂબ મજબૂત હાથે કામ લો.'

'મને ભય લાગે છે, નામદાર, કે વધુ ખેંચતા તૂટી જશે. છબીલના મોતથી તથા બીજા ઘવાયેલા મજૂરોથી લોકો ખૂબ ઉશ્કેરાયા છે. લોકોને ટાઢા પાડવાનું કંઈક કામ થવું જોઈએ, નહિતર મામલો વીફરતાં વાર નહિ લાગે.'

'તમે આવા ઢીલા રહીને જ કામ બગાડયું છે. શરૂઆતથી જ જો કડક પગલાં લેવામાં આવ્યા હોત તો વાત આટલી હદ સુધી વધતે નહિ.'

'આપ નામદારનો શો હુકમ છે ? ગૃહમંત્રી પાલનજીએ જોયું કે સૂબાને સમજાવવામાં સાર નથી. બધી જવાબદારી સૂબા ઉપર જ નાખી દેવા તેણે ધાર્યું.

'છબીલના સગાવહલાને તેનું શબ આપો પણ સરઘસ નહિ નીકળવા દેજો.'

'એ માટે લશ્કર રોકવું પડશે અને પરિણામ બહુ ગંભીર આવશે.'

'કશું ગંભીર પરિણામ નથી આવવાનું. લોકોને બતાવી આપજો કે રાજસત્તાના કાંડા બાવડાં સાબૂત છે.'

'જી.'

'પેલા તરુણ અને બીજા છોકરાઓને તુરત કબજે કરો, એના સંઘોને ગેરકાયદેસર ઠરાવો. હા, પણ પેલા રમણનો પત્તો કાંઈ છે કે ?'

'ના, જી.'

'તમારે માટે તેમ જ પોલીસખાતા માટે કેટલું શરમભરેલું ?'

'ચાંપતી તપાસ ચાલે છે પણ હજી પત્તો નથી.'

'હવે તમે મામલો કાબૂમાં લેતાં બીલકુલ ઢીલ કરતા નહિ. પેલા જ્ઞાનાનંદ સ્વામીને પણ જોતા રહેજો. એના આશ્રમ ઉપર આપણા માણસો નજર રાખે છે કે?'

'હાજી, પણ સ્વામીજી તો સાધુ પુરુષ છે.'

'તમારા સાધુઓનો મને બહુ ભરોસો નથી.' સૂબાએ કહ્યું.

સ્વામીજીએ દેવનગરની જનતામાં પોતાની વર્ષોની સેવાથી અમોલું સ્થાન મેળવી લીધું હતું. સ્વામીજી જ્ઞાન ભંડાર હતા. તેમની પાસે યુવકો તો આવે જ. ભણેલા આવે અભણ આવે, સ્ત્રીઓની સભામાં સ્વામીજીનું પ્રવચન તો હોય જ. ગૃહસચિવ પાલનજીની પત્ની અને પુત્રીઓ પણ સ્વામીજી પ્રત્યે માન અને આદર ધરાવતી હતી. પ્રસંગોપાત સ્વામીજી તેના બંગલામાં આવતા અને પાલનજીના ભૂલકાંઓ સ્વામીજીને ગળે વળગી પડતા, એવા માણસ ઉપર હાથ નાખવો એટલે શું, તેનો ખ્યાલ પરદેશી સૂબાને કદી આવી શકે નહિ. પાલનજીએ રજા લીધી.

*

રાત્રિના ગાઢા અંધકારમાં આગિયા ઝળકી રહ્યા હતા. ઘેરા વડલાની છાંય નીચે બૂકાની બાંધેલ બે માણસો કોઈની માર્ગ પ્રતીક્ષા કરતા ઊભા હતા. પડખે જ વહેતી રેણુનાં જળ ખળખળ અવાજથી રાત્રિની શાંતિનો ભંગ કરી રહ્યાં હતાં. રાત્રિનું ગાંભીર્ય અનોખું હોય છે. તેજોજ્જવલ દિવસના અર્થની મર્યાદા હોય છે. રાત્રિના અંધાર પછેડાને કોણ ઉકેલી શક્યું છે? ફ્રીલ્સુફો કહે છે કે મૃત્યુ એ નિયમ છે, જીવન એ અપવાદ છે. ભ્રમ છે. તેમ રાતની અનંતતા એ નિયમ છે, દિવસ એ એનો અપવાદ છે.

રાત્રિની ભાષાને શબ્દો નથી છતાં તેના અર્થ-બાહુલ્યનો અંત નથી. મૌન નિયમ છે, વાણી એ એનો અપવાદ છે. પણ જડ જગત બાહ્યાચારથી-તેના અપવાદથી જ-વસ્તુને ઓળખે છે.

આ માણસો રાત્રિના મૌનનો સાક્ષાત્કાર કરવા આવેલ ફીલસુફો જેવા નહોતા દેખાતા. બૂકાની બાંધેલ ચહેરા ઉપરથી તેમના સ્વભાવની અટકળ કરી શકાય તેમ નહોતું.

'અરે, તરુણ, હજી કેમ કોઈ આવ્યું નથી?' એમાંથી મોટા લાગતા માણસે પૂછ્યું. હાથમાં રહેલી બત્તીનો પ્રકાશ ફેંક્યો.

'તમને ક્યાં ખબર છે? દેવનગરમાં તો હમણાં જાસૂસોની ફોજ ફરે છે. તેમની નજર ચૂકવીને છૂટા છવાયા આવવું તે સહેલું કામ નથી.'

ત્યાં સામેથી ત્રણ ચાર માણસો વિચિત્ર પોષાકમાં અને બૂકાની બાંધીને આવ્યા. તરુણે દરેક પાસે જઈને કાનમાં વાત કરી ખાત્રી કરી લીધી. બીજી બાજુથી પાંચ માણસો આવ્યા. સૌ કુંડાળામાં બેઠા. કોઈની રાહ જોતા હોય તેમ સહુ રસ્તા ઉપર નજર કરી રહ્યા હતા. ત્યાં સ્વામી જ્ઞાનાનંદ અને તેમની સાથે બે નાજૂક શરીર વાળા નવજુવાન દેખાયા.

'આવો, આવો, આ બાજુ. બહુ મોડા?'

'અમારી ઉપાધિની તમને ક્યાંથી ખબર હોય? હમણાં તો આશ્રમની ચારે બાજુ જાસૂસોના જાળાં ચોંટ્યાં છે. પણ હવે કોણ આવવાનું બાકી છે?' સ્વામીજીએ પોતાની ચકોર નજર આસપાસના મંડળમાં ફેરવી.

'લછમનસિંહ રિસાલદાર અને અખાડાવાળા બે ચાર ભાઈઓ બાકી છે. હમણાં આવી પહોંચવા જોઈએ.' એક બીજાના કાનમાં

ગુસપુસ વાતો ચાલી. ત્યાં સામેથી ચાર જુવાનો આવતા જણાયા. કુંડાળામાં ગોઠવાયા. તરુણ એકેએક વ્યક્તિના મોઢા સામું જોઈ આવ્યો.

'રાત ઝપાટા બંધ જાય છે. રમણ હવે આપણું કામ શરુ કરો.'

રમણે ધીમે અવાજે બોલવું શરું કર્યું.

' ભાઈઓ, દેવનગરનો મામલો દહાડે દહાડે હવે વિકટ બનતો જાય છે, જીવવું કે મરવું એ બે વચ્ચે જ આપણે પસંદગી કરવાની રહે છે, કાં આપણે નહિ કાં આ રાજ્યતંત્ર નહિ. વચલો મેળ કાઢવાના દિવસો ગયા છે. અહીં આવતા પણ તમે સહુ ભાઈઓને કેટલી મુશ્કેલી પડી હશે એ હું જાણું છું. પણ હવે રાહ જોઈને બેસી રહ્યે આપણો દહાડો વળવાનો નથી. નવલોહીઆ આપણા છબીલને હજી કાલેજ સ્મશાનમાં સૂવાર્યો છે. અને ખબર નથી કે સિદ્ધિ પહેલાં હજી કેટલાને સૂવું પડશે. પણ ભાઈ લછમનસિંહ, તમે છેલ્લાં ખબર જે લાવ્યા હો તે તો જણાવો.'

'તરુણ પકડાવાનો, બધા સંઘો ગેરકાયદેસર ઠરવાની જાહેરાત કાલે સવારે થશે. અમારી લશ્કરની ટુકડીને તૈયાર રહેવાનું ફરમાન મળ્યું છે,' લછમનસિંહ પોતાની દાઢી ઉપર હાથ ફેરવતાં બોલ્યો.

'તમારું લશ્કર અમારા ઉપર જ ગોળીઓ ચલાવશે ?' તરુણે પૂછ્યું.

'ના જી, એ વિષે નિઃશંક રહો. છબીલભાઈનો મોત પછી આખા લશ્કરમાં બેદિલી ફેલાઈ છે. અમારા લશ્કરના ભાઇઓ પણ કહે છે કે અમારા જ ભાઈઓ ઉપર હવે અમે ગોળીબાર કરવાના નથી.' લછમનસિંહે કહ્યું.

'એ સારા ખબર છે,' સ્વામીજી બોલ્યા.

'પણ મક્કમ રહેશે ને ?' એક અવાજ આવ્યો.

'જરુર. હું પોતે એ બાબતનો જામીન છું.' લછમનસિંહ લશ્કરી ટુકડીઓનો ઉપરી હતો. જાતે શીખ હતો. તેના દિલમાં રાષ્ટ્રભાવ સળગતો હતો. છેલ્લા ગોળીબાર પછી તેણે નિર્ણય કરી લીધો હતો કે કયે પક્ષે ઝુકાવવું.

'જલદી પતાવો, રાત ચાલી જાય છે,' સ્વામીજીએ સૂચન કર્યું.'

'હા, ભાઈ મોહન તારા અખાડાવાળા બધા તૈયાર છે કે? છબીલની ગેરહાજરીમાં એ બધી જુમ્મેદારી તારી છે,' એક પહેલવાન જેવા જણાતા નવયુવક તરફથી ફરીને રમણે કહ્યું.

'દોઢસો કસરતીને કવાયતી જુવાન મારી પાસે હાજર છે. તમારી સૂચના મુજબ વર્તશે.'

'જુઓ ત્યારે સાંભળો,' રમણે વ્યૂહ ગોઠવવો શરૂ કર્યો.

'આપણે રાજ્યતંત્રમાં પલટો માગીએ છીએ, અને તે જેમ બને તેમ જલદી. અને સ્વામીજીના પુણ્યોપદેશથી એક પણ માણસનું લોહી રેડયા સિવાય આપણે રાજતંત્રમાં ફેરફાર કરવો છે, આપણા બધા બળો અત્યારે એકઠાં કરીને સંગઠીત પણે અને વ્યવસ્થિત રીતે કામ લેશું તોજ આપણી ધારી મુરાદ બર આવશે.'

'નહિંતર છબીલભાઈની પાછળ સ્મશાન શય્યાની તૈયારી કરવી પડશે,' મોહનની પડખે બેઠેલ જુવાને ટાપસી પૂરી.

'તમે હવે સહુને સૂચનાઓ જ આપોને,' તરુણે કહ્યું.

'ત્યારે પરમદિવસ સવારથી આપણું કામ શરુ થશે. મોહન તારા અખાડાવાળાઓને તારે લાઠીથી સજ્જ કરીને ન્યાયાધીશ કે પો. સુપ્રી. થી માંડીને સૂબા સુધી બધાને ઘેર ત્રણ ત્રણ ચાર ચારની ટુકડી મોકલી દેવી, કોઇને ઘરની બહાર જ ન નીકળવા દેવા. દસ જણાને લઈને તાર તથા ટેલીફોન ઓફિસનો કબજો લેવો.'

'કબૂલ છે,' મોહને ઉત્સાહથી કહ્યું.

'કાલે આખો દિવસ એ ગોઠવણ તમે બરાબર કરી નાખજો.'

'એ વિષે તમે ખાત્રી રાખજો,' મોહને ખાત્રી આપી.

'અમલદારી તંત્રને આપણે કબજે કર્યું એટલે બીજા પોલીસો કે નોકરો તો સીધા જ સમજો. પણ આટલેથી પુરું નહિ થાય. રાજ્ય મહેલ અને સેક્રેટેરીયટનો કબજો લેવાનું બાકી રહેશે. કેમ કબૂલ છે ને તમને ?'

'કબૂલ, ગામડે ગામડે ખેડુ સંઘો છે. તે દ્વારા ખેડુતોના જંગી સરઘસને હું દેવનગરમાં લાવીશ. આજ સવારથી ખેપિયા દોડાવીશ તો પરમદિવસે દશહજાર ખેડૂતો દેવનગરને પાદર આવ્યા સમજજો.' તરુણે પોતાની તૈયારી બતાવી.

'પણ વહેલીસવારે બધાં અહીં પહોંચી જવા જોઇએ. કેમકે આવા કામમાં ઢીલ કરીએ કે મામલો બગડી જતાં વાર નહિ લાગે.'

'એમાં તમે ખાત્રી રાખજો.'

'તમારા ખેડુતોના સરઘસ ભેગા, કારીગરો અને મજૂરો પણ જોડાશે. તમારે સીધા રાજમહેલ અને સેક્રેટેરીયટ ઉપર જવું. પ્રજા તો આપણી પડખે છે. છેલ્લા ગોળી બારથી તો પ્રજાનો રોષ ઓર વધ્યો છે.'

'એટલે આજના જેવો અનુકૂળ પ્રસંગ બીજો એકે નથી.'

'બધું તો ઠીક, પણ લશ્કરનું શું ?' બે ચાર અવાજો આવ્યા.

'લશ્કર સંબંધી તો લછમનસિંહે આપણને ખાત્રી આપી છે. એમ છતાંયે જો કંઇ અણધાર્યું થાય તો એટલું જોખમ તો આપણે ખેડયે જ છૂટકો. રીબાઈ રીબાઈને ગુલામીમાં સડવા કરતાં છબીલ જેવું ધન્ય મૃત્યુ આપણને પ્રાપ્ત થાય એ હજાર દરજ્જે બહેતર છે.'

'લશ્કરને રોકવાનો મારી પાસે બીજો ઉપાય છે. લશ્કર આવી શકે તેવો એક જ રસ્તો છે. એ રસ્તો અમે નારીસંઘ તરફથી રોકી લેશું. હજારો સ્ત્રીઓ દ્વારા એ રસ્તો અમે રોકી લેશું અને પછી જોશું કે વીંધીને એ લોકો કેમ આગળ જાય છે.' જ્યોતિએ પોતાની વાત મૂકી.

'શાબાશ, બેટા, તારી વાત મને બહુ ગમી' સ્વામીજીએ અનુમોદન આપ્યું.

'સ્વામીજી, હવે તમે પણ છૂપા વેશમાં અમારી સાથે જ રહો તો ઠીક, રાજ્ય તમારા ઉપર હાથ નાખે એવો મને ભય છે,' તરુણે કહ્યું.

'મને કશુંયે થવાનું નથી. હું જે છું તે છું. આ શરીરને ગમે તે થવું હોય તે થાવ.' હિંદુ સંન્યાસીની દેહ પ્રત્યેની બેપરવાઈ અનન્ય હોય છે. જનતાના ભૂષણરૂપ સન્યાસીઓએ બતાવી આપ્યું છે કે ફીલ્સુફી કેવળ પુસ્તકો શોભાવવા ખાતર કે પ્લેટફોર્મ ગજાવવા ખાતર નથી, પણ જીવનની વૃદ્ધિ અર્થે છે. સાચી તત્વ નિષ્ઠાને પરિણામોની પરવા હોતી નથી. તત્ત્વ શુદ્ધ છે કે નહિ એજ એક લક્ષ્ય તેમની સમક્ષ સદાય રહે છે. અને એવી અડગ એક નિષ્ઠાને લીધે એ ફીલ્સુફી જીવંત રહી છે. એની પ્રેરણાના પાન કંઈક મુમુક્ષોએ પીધાં છે. અને સંસાર તરી ગયા છે. સ્વામીજી સાચા જીવન ફીલ્સુફ હતા. બાહ્ય પ્રવૃત્તિના ઘોર વ્યવસાયમાં પણ તેમનું મન અલિપ્ત અને અક્ષુબ્ધ રહેતું. તેમના જીવનની શરુઆત રાજપ્રકરણી સન્યાસી થવાથી શરુ થઈ હતી. તેમાં આધ્યાત્મિકતાના મધુરા જળનું સિંચન થવાથી રાજકિય દૂષણો કે સંકુચિત રાષ્ટ્રવાદનો લોપ થતો જતો હતો. સમસ્ત માનવ જાતનું હિત થાય, એવી પ્રવૃત્તિમાં જ તેમનો ઝોક રહેતો.

'સ્વામીજી, હવે તમારો આશિર્વાદ અમને આપો એટલે અમે વિખરાઈને કામે લાગીએ.'

'તમને સહુને જોઈને મને મારી જુવાનીનું સ્મરણ તાજું થઈ આવે છે. પણ મારું હૈયું પ્રેમથી ઢીલું પડી ગયું છે. છબીલના મૃત્યુથી મને કારી ઘા લાગ્યો છે. તમે પણ હોમાઇ જશો એવી બીક મારા હૈયાંને ફફડાવે છે. પણ હું સમજું છું કે મને એ છાજતું નથી. જાવ બેટા, વિજય કરો. તમારા કૃત્યથી સંસાર ઉપર સ્વર્ગ ઉતારો. જો જો બેટા, કોઈનું લોહી રખે રેડતા. રાજ્ય પલટા જેવી વ્યવહારુ વસ્તુ પણ તમે અહિંસક રીતે કરશો તો આખા જગતને પાઠ આપશો. તરુણથી શાંતિ કેટલી જળવાશે એની મને શંકા છે. પણ આ બહેનો જ્યોતિ અને મધુરી સાથે છે એટલે મને નિરાંત છે. દ્વેષથી, વેરથી તપેલાં જગતને આજે પ્રેમની શીતળતાની જરુર છે. દ્વેષ બાળે છે, પ્રેમ જીવાડે છે. તમારા દેશબાંધવોના દુઃખ મિટાડવાની પ્રેમભરી તમન્નામાંથી તમારા આ કૃત્યનો ઉદ્‌ભવ થાય છે એટલી મને ખાત્રી છે. જગત ઉપર શાંતિના રાજ્ય સ્થાપો, પ્રેમના અજવાળા આવવા દો. વિરોધીની બહેન કે માતા એ આપણી પણ માતા કે બહેન જ છે. તેને રડાવીને જગતમાં ચિરંતન રહે એવું કામ થઈ શકશે નહિ. મારા આશિર્વાદ છે, સત્ય તમારી પડખે હો. માતૃભૂમિનું અને તે દ્વારા જગતનું મંગળ કરો.'

વાતાવરણમાં અસાધારણ શાંતિ ફેલાઈ. સ્વામીજી જ્યારે હૃદયના ઊંડાણમાંથી બોલતા ત્યારે વ્યક્તિ મટી જતા પણ પયગામધારી બની જતા. રમણની મૂંગી સૂચનાથી બધા ધીમે ધીમે વીખેરાયા. સ્વામીજીનો પ્રેમળ સંદેશ વાતાવરણમાં, તેમ જ સૌના મનમાં અને વિચારમાં ગૂંજી રહ્યો.

પ્રકરણ અઢારમું

મયદાને

ફૂટતા પ્રભાતની શીતળ લહરીઓ વાતાવરણને મધુર બનાવી રહી હતી. પોણું દેવનગર નિદ્રાની ગોદમાં પડ્યું હતું. રાત્રિની વિદાય અને દિવસના આગમનનો સંધિકાળ એ ખૂબ ચેતનપ્રદ સમય છે. એના મધુરા સંવેદનો હૃદયની કોમળમાં કોમળ ઊર્મિઓને જાગ્રત કરે છે. એની ગૂઢતા અને આહ્લાદકતા અનુભવ ગમ્ય વસ્તુ છે. એ સમયમાંજ ૠષિ મુનિઓને સાર્વભૌમ અને સનાતન સત્યો હૃદયની ઊંડી ગુહામાંથી સૂઝ્યા હશે.

ટેલીફોન એકસચેન્જના મથક ઉપર અત્યારમાં પ્રજાતંત્રનો વાવટો ફરકી રહ્યો હતો. દસ લાઠીધારી સ્વયંસેવકો તેની ચોકી કરી રહ્યા હતા. કારકૂનોએ વગર આનાકાનીએ કબજો સોંપી દીધો હતો.

'હં, કોટવાળ રામસંગ, બધી પોલીસ ચોકીઓએ જણાવી દ્યો કે આજે તે લોકોને આરામ લેવાનો છે,' મોહને ટેલીફોન સંદેશ છોડયો.

'ભલે, હમણાં બધે ટેલીફોનથી જણાવું છું.'

'ત્યાં બીજેથી ટનન...ઘંટડીનો અવાજ આવ્યો.

'એલાવ, હું દેવજી.'

'હા, શું સમાચાર છે. દોરાબશાને કબજે કરી લીધા છે.'

'બહુ સારૂ કર્યું. તેમને માનપૂર્વક ધર્મશાળામાં આપણી ચોકી નીચે લઈ જાવ. ઢીલ નહિ કરતા.'

*　　*　　*

સવારમાં પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ મિ. નોર્ટન ઘોડા ઉપર ફરવા જવાની તૈયારી કરતો હતો. ત્યાં ચાર પાંચ જુવાનો તેના બંગલામાં દાખલ થયા. મોટર બહાર ઊભી હતી.

'આપનું જરા કામ છે. મોટરમાં પધારશો' ? એકે વિનયથી કહ્યું,

'મારું ? અત્યારે શું કામ છે ? તમો કોણ છો ?' બધાના હાથમાં લાઠી જોઈને સાશંક દૃષ્ટિએ તેણે પૂછ્યું.

'ધર્મશાળામાં. આજથી દેવનગરનું રાજ્યતંત્ર બદલાયું છે. પ્રજાએ પોતાના હાથમાં કાબૂ લીધો છે, અને આપને પણ આવવું પડશે.'

ચારે જણા તેની આજુબાજુ ફરી વળ્યા. આંખના પલકારામાં ચતુર નોર્ટને ખિસ્સામાંથી પિસ્તોલ કાઢી. સનન...કરતી ગોળી છૂટી. સ્વયંસેવક જો ખસી ગયો ન હોત તો તેની છાતી વિંધાઈ જાત. નોર્ટન ઉપર બે ત્રણ જણા તૂટી પડયા. નોર્ટન બહાદુર બચ્ચો હતો. પોતાના પંજામાંથી પિસ્તોલ છોડી નહિ. નીચે ધૂળમાં રગદોળાયો. નીચે નોર્ટન ઉપર જુવાનીયા.

'વધુ રકઝકનો વખત નથી. બંગલાના બીજા માણસો જાગશે તો વળી ઉપાધિ થશે. ચાલો એને મોટરમાં જ નાખી લઈ જઈએ. સમજીને તે નહિ આવે,' નાયક જેવા જણાતા યુવકે હુકમ કર્યો.

નોર્ટન સાહેબને ટીંગાટોળી કરીને નાખ્યા મોટરમાં, મોઢા ઉપર મજબૂત હાથ પડયો હતો કે અવાજ કે બૂમ ન મારે, મોટર સીધી ઉપડી ધર્મશાળામાં.

'નોર્ટન સાહેબ, ખાલી મહેનત કરોમાં. તમારા દિવસો હવે પૂરા થયા છે. તમારા ભાઈબંધ અમલદારો બધા ધર્મશાળામાં પૂરાયા છે, અને તમારા સાથ વિના અકળાયા છે.'

ધર્મશાળા પાસે મોટર ઊભી રહી. અંદર વિશાળ ઓરડામાં દોરાબશા, મેજીસ્ટ્રેટ સોલોમન, અને બીજા અમલદારો અકળાઈને આંટા મારતા હતા. નોર્ટન સાહેબને પણ ચોકી પહેરા નીચે તેમની વચ્ચે મૂકવામાં આવ્યા. સ્વયંસેવકો તેમની સાથે પૂરા માન અને વિવેકથી વર્તતા.

'આપણી પોલીસ શું કરે છે ? લશ્કરને કોઈ ટેલીફોન કરી બોલાવે તો આપણું કામ થાય,' મેજીસ્ટ્રેટ સોલોમન મૂંઝાઈને બોલ્યા.

'ટેલીફોનનો તો આ છોકરાઓએ કબજો લીધો છે. લશ્કરને કોણ સંદેશ પ્હોંચાડે ?' દોરાબશાએ કહ્યું.

'પણ લશ્કરને પણ કદાચ ફોડયું હોય તો કહેવાય નહિ. આ કાવત્રાંબાજો ઓછા નથી,' બીજા અમલદારે કહ્યું.

શેરીઓમાંથી મોટો કોલાહલનો અવાજ આવવા લાગ્યો. ભીંત પાછળની બારીઓમાંથી જુએ છે તો ખેડૂતોના ટોળેટોળાં પાટીયાં ને વાવટાઓ લઈને શેરીઓમાંથી પસાર થતા હતા. મોખરે તરુણ હતો. અમલદારોના હાજાં ગગડી ગયા. રાજ્ય વિપ્લવ હવે તેમની દૃષ્ટિમાં ધ્રુવ વસ્તુ દેખાણી. આ વિરાટ શક્તિને આજ સુધી એડી નીચે કચરી હતી. આજ વિફરે તો પોતાની શું દશા થાય એ વિચારે કમકમાં આવ્યા.

સરઘસ રાજ્ય મહેલને ધોરી રસ્તે ચાલ્યે જતું હતું. ક્રાન્તિ અમર રહો, અમારો દેશ આઝાદ છે. એવાં પાટિયાં અને વાવટા સરઘસમાં ફરકતા હતા, માળે માળેથી લોકો હર્ષથી આ માનવ

સમુદાયને નીરખી રહ્યા હતા. પુષ્પો કેટલેક ઠેકાણેથી વરસી રહ્યાં હતાં. રમણ મૂંગે મોઢે સરઘસ સાથે ચાલ્યો આવતો હતો. લશ્કરની ખબર હજી મળી ન હોતી. એ જો વિફરે તો ધાર્યું બધું ધૂળમાં મળે. લછમનસિંહની ખાત્રી હતી, છતાં એકાદ ટુકડી તેનું ન માને તો ? તેની સામે ટકી રહે એવાં હથિયારો તો તેની પાસે હતાં જ નહિ. શાંત બેઠો બળવો તેણે પાર પાડવાનો નિર્ણય કર્યો હતો. સાધનોમાં તેની પાસે નવલોહીઆ અખાડાબાજ નવજુવાનો. અણઘડ ખેડૂતોનો મોટો સમાજ અને સ્ત્રી વર્ગ હતાં. પણ વ્યવસ્થિત લશ્કરી ટુકડીના ગોળીબાર સામે ટકી શકે તેમ હતું નહિ. તજવીજ માટે લશ્કરી છાવણી તરફ બે સ્વયંસેવકો દોડાવ્યા.

ત્યાં રાજમહેલ દેખાયો. સૂબો બારીએથી આ ધમાલને નીરખી રહ્યો હતો. ઘડીભર સમજાયું નહિ કે આ બધું શું ધાંધલ છે ? ટેલીફોન હાથમાં લીધો પણ જવાબ જ નહિ. તરુણ તથા રમણે એટલી ઝડપથી કામ લીધેલું કે આ લોકો રાજ્ય હાથ કરવા માગે છે, એવો તો સૂબાને ખ્યાલ જ ન આવ્યો પણ સરઘસ તો સીધું પોતાના મહેલ ઉપર જ આવતું હોય તેમ જણાયું. સૂબો ગભરાયો, મુંઝાયો, તમંચો પીસ્તોલ તૈયાર રાખ્યાં.

મહેલના દરવાજા આગળ સરઘસ થોભ્યું. તરુણ, રમણ અને બીજા દસ સ્વયંસેવકો અંદર ઘૂસ્યા. બારણે ઊભેલા પહેરેગીરની મગદૂર નહોતી કે રોકવાની હિમ્મત કરે. રમણે હસતે મોઢે પ્રણામ કર્યા.

'કેમ, તમારે શું જોઈએ છે ?' સૂબાએ પૂછયું.

'અમે આપ નામદારનો ભાર હળવો કરવા આવ્યા છીએ, આપે અમારા વતી રાજ્ય ચલાવવાની તસ્દી ઘણો વખત લીધી, આપ હવે આપને વતન સિધાવો,' તરુણે કહ્યું.

'શું ?' સૂબાનો અવાજ ફાટી ગયો.

'આજથી દેવનગરનું રાજતંત્ર પ્રજાના હાથમાં આવે છે. અને પરદેશી સત્તાની દોરવણી કે સલાહ હવે અમને મંજૂર નથી. આપ જરા નીચે આવશો ?' રમણે પૂછ્યું.

સૂબાએ તરતજ બન્ને સામે પિસ્તોલ ધરી.

'નકામો પ્રયત્ન છે તમારો. અમારામાંથી એકનો વાળ પણ વાંકો થયો તો બહાર ઊભેલા લોકો તમારા તથા તમારા કુટુંબના ટુકડે ટુકડા કરી નાખશે. નાહક હુજ્જત કરવામાં સાર નથી. સમય વરતી જાવ. અમે આપને સહીસલામત આપના મુલકમાં પ્હોંચાડશું,' રમણે વસ્તુસ્થિતિ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધી.

'જીવતો નર ભદ્રા પામશે,' એ સૂત્ર સમજવા જેટલી સૂબામાં જીજીવિષા હતી.

'તમારે શું કહેવું છે?' સૂબાએ પૂછ્યું.

'ફક્ત એટલું જ કે આપ નીચે આપના કુંટુંબ સહિત મોટરમાં બેસી જાવ. અમારા સ્વયંસેવકો તમને સુરક્ષિત પ્હોંચાડશે.'

'કયાં ?'

'હાલ તુરત તો અમારા ચોકી પહેરા નીચે. અમે બધું વ્યવસ્થિત કરીએ એટલે આપને તેમજ આપના સાથીઓને તમારા દેશ પહોંચાડવાનો પ્રયત્ન થશે.'

મૂંગે મોઢે સૂબો નીચે ઊતર્યો. તેની બે છોકરીઓ, એક છોકરો. પત્ની બધાં મોટરમાં ગોઠવાયા. બે સ્વયંસેવકો સાથે તેને ધર્મશાળામાં લઈ જવામાં આવ્યા.

મહેલ ઉપર પ્રજાતંત્રનો વાવટો ફરકતો થયો. લોકોએ હર્ષનાદ કર્યો. સ્વાતંત્ર્યનું સ્વરાજ્યનું મંડાણ થઈ ચૂકયું.

'ભાઈ તરુણ, તું જોતો ખરો, જ્યોતિ અને મધુરી બન્ને ગયાં છે ત્યાં, લશ્કરનો શું મામલો છે? મને તેની ચિંતા રહે છે.'

'ભલે, થોડા સ્વયંસેવકોનો લઈને હમણાં જાઉં છું. ટેલીફોન ઉપર સમાચાર કહેવરાવું છું.'

'અને સ્વામીજીને અહીં મોકલજે.'

'સારુ.'

* * *

દરવાજા આગળ સ્ત્રીઓની હારની હાર જામી છે. કોઈના હાથમાં વાવટા ફરકે છે. કોઈએ કમરે પટ્ટા પહેર્યા છે. કોઈ કેસરી સાડીમાં સજ્જ થયેલ છે. આખો રસ્તો રોકીને સ્ત્રી સમુદાય બેઠો છે. વચમાં નાની છોકરીઓ અને છોકરાંઓ પણ દેખાય છે.

શહેરમાં દંગલ જામ્યું છે એના ખબર લશ્કરને ધાર્યા કરતાં વહેલા મળેલા. લશ્કરી અમલદાર ટેલીફોન સંદેશાની રાહ જોઈને થાકી ગયો. કોણ હુકમ પ્હોંચડાવે? બધા અમલદારો કેદ પૂરાયેલા. થાકીને તેણે ટુકડીઓને સજ્જ થવાનો હુકમ કર્યો. લશ્કરી અમલદાર ગોર્ડન મિ. નોર્ટનનો સાળો થતો હતો. ટુકડીઓ કૂચ કરતી દરવાજા આગળ આવી. સ્ત્રીઓ બેઠેલી જોઈ એક સૈનિક આગળ આવ્યો.

'જનરલ સાહેબનો હુકમ છે, રસ્તા ખાલી કરો.'

'તારા જનરલને કહે જે કે રસ્તો એમ ખાલી નહિ થાય, તેને જવું હોય તો પાછો જાય. રસ્તો તેનો નથી.'

સૈનિક છોભીલો થઈ પાછો પડયો. ગોર્ડન પાસે સમાચાર પ્હોંચડાવ્યા. ગોર્ડન મૂંઝાયો. સ્ત્રીઓ ઉપર પ્રહાર કરવાનું તેના બહાદૂર સ્વભાવને સૂઝયું જ નહિ. ડરાવવાનો પ્રયત્ન કરી જોયો, પણ વૃથા.

'હં, સામેથી આ કોણ આવે છે?' તરુણ તેના લાઠી ધારી સાથીઓ સાથે આવતો દેખાયો.

પુરુષો અને લાઠીઓ જોતાં, તેનું સૈનિક સહજ ઝનૂન ઉછળ્યું. તરુણ તરફ નિશાની કરી 'ફાયર'નો હુકમ તેણે આપ્યો. સિપાઇઓની બંદૂકો ઊંચી થઈ નહિ. ફક્ત તેની પોતાની બંદૂકમાંથી ગોળી છૂટી. સામે નિર્ભયપણે ચાલ્યા આવતા તરુણની છાતીમાં ગોળી પેસી ગઈ. આંખના પલકારામાં તરુણ નીચે ઢળી પડયો. હાજર રહેલા સ્ત્રી સમાજમાં હાહાકાર થઈ રહ્યો. આગળ કશું થાય તે પહેલાં લછમનસિંહની પિસ્તોલમાંથી ગોળી છૂટી ગોર્ડનસાહેબ જમીન ઉપર પટકાયો. લછમનસિંહ ટુકડીની આગળ આવ્યો. તેની લાલ આંખોમાંથી અંગારા વરસતા હતા.

'બહાદુર ફોજી જુવાનો આપણા દેશભક્ત તરુણભાઈને આ ગોર્ડને અસાવધ અવસ્થામાં હલ્લો કરીને મારી નાખ્યા છે અને પરિણામે તેને પણ મારે કૂતરાને મોતે મારવો પડયો છે. નહિતર વધુ ખૂનરેજી ચાલત, દોસ્તો, હું શીખ છું. દેશ માટે મરી જાણતા આપણ સૌને આવડે છે. આજ સુધી આપણી બંદૂકો આપણા જ ભાઈઓને ડરાવવામાં વપરાતી હવે તેમનું સ્વમાન સાચવવામાં વપરાશે. દેશનું રક્ષણ કરવામાં વપરાશે. આપણે એટલા બધા નીચે નથી ગયા કે આપણા જ શસ્ત્રો આપણા ભાઇઓ સામેજ વાપરીએ. છેલ્લા ગોળીબાર વખતે આપણા નિઃશસ્ત્ર મજૂર ભાઈઓ ઉપર ગોળીબાર કરવાનું હિચકારું કામ કરવું પડયું હતું, તેનો બદલો આપણે આપણા લોહીથી વાળી આપવો જોઈએ. બોલો 'માતૃભૂમિનો જય, પ્રજાતંત્ર અમર રહો.'

જય ઘોષથી વાતાવરણ ગાજી રહ્યું.

'જુઓ, જુઓ, રાજમહેલ ઉપર નવા પ્રજાતંત્રનો ધ્વજ ફરકે છે. એ આપણો ધ્વજ છે. આપણે તેને જ મરતાં સુધી વફાદાર રહેશું. બોલો સૌને કબૂલ છે?'

'કબૂલ છે, કબૂલ છે,' સામેથી સૈનિકોના સામટા અવાજો આવ્યા.

'ઊઠો બહેનો, માતાઓ, તમારે હવે રસ્તો રોકવાની જરુર નથી, તમે જેમ દોરશો તેમ અમે આવશું. નવાતંત્રને સલામી દેવા અમારે આવવું છે.' લછમનસિંહે પોતાનો નિર્ણય જણાવ્યો.

જ્યોતિને અને મધુરીને આખો પ્રસંગ મંગળ ગીતો ગાવા જેવો લાગત, પણ ઉજ્જવળ આકાશમાં તરુણની મૃત્યુની ઘેરી વિષાદ છાયા પથરાઈ હતી. અખંડ ઉત્સાહ અને યૌવનથી ઉછળતો તરુણ પરપોટાની માફક ખલાસ થશે એ તો કલ્પનામાં પણ ન આવે તેવી વાત હતી. સિપાઈઓએ માનપૂર્વક તરૂણના દેહને ઉપાડયો. જ્યોતિની સૂચનાથી ગોર્ડનના શબને પણ સાથે લીધું.

દેવનગરના લોકો વિચારમાં પડી ગયા હતા. સીનેમાના પડદા ઉપર જેટલી ઝડપથી બનાવો બન્યે જતા હતા. સવારનું પ્રચંડ સરઘસ, રાજ્યાધિકારીઓની ધરપકડ, રાજ્ય મહેલનો કબજો, નવા તંત્રની સ્થાપના, તરુણનું મૃત્યુ વગેરે બનાવો એકજ દિવસમાં એટલી ઝડપથી બન્યે જતા હતા કે લોકો આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ગયા હતા. લશ્કરનો કૂલ અધિકાર લછમનસિંહના હાથમાં આપવામાં આવ્યો હતો. સ્થાનિક બંદોબસ્તની જવાબદારી છબીલના જોડીદાર મોહનને સોંપવામાં આવી હતી. નવું તંત્ર શું ફેરફાર કરે છે તેની લોકો આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા.

મોડી રાત્રે રાજ્ય મહેલની પાછલી અગાસીમાં સ્વામીજી અને રમણ ટહેલી રહ્યા હતા.

'સ્વામીજી, આજ તો જુલમ થઈ ગયો, તરુણને આમ ખોવો પડશે એ તો સ્વપ્નામાં યે ન હોતું,' રમણે ગમગીન અવાજે કહ્યું.

'સાચી વાત છે, રમણ, પણ લડતમાં સાથીઓના શબને કચરીને પણ સિપાઈઓએ લડત જારી રાખવી પડે છે. પ્રિયજનને અગ્નિ સંસ્કાર પૂરા ન થયા હોય છતાં આપણે જીવનચર્યા ચાલુ કરી દેવી પડે છે, એ આ સંસારની વિષમ ઘટના છે. પણ એ સિવાય ઉપાય નથી હોતો. બેટા, જીવનવ્હેણ એટલાં વેગથી વહે છે કે એની પાછળ રોવાનો કે હૈયાંનો ભાર ઉતારવાનો વખત પણ નથી હોતો.' સ્વામીજીના હૈયામાં તરુણના મૃત્યુની વેદના ઓછી નહોતી. નિર્લેપ રહેવાનો મિથ્યા પ્રયત્ન કરતાં સ્વામીજીને પણ આ જુવાનો સાથે અંતરનું મમત્વ બંધાયું હતું. પણ રમણ વિષાદને વશ થઈને આ કટોકટીના પ્રસંગે રાજ્ય વ્યવસ્થામાં જરાયે મોકળાશ રાખે તો હાથ આવેલ કોળિયો ચાલ્યો જાય તેમ હતું, એ સ્વામીજી બરાબર જાણતા હતા.

'હવે આ સૂબાનું શું કરશું?'

'બીજું શું? માન સહિત તેમને દેશ વિદાય કરી દ્યો. તેમના કુટુંબ કબીલાને પણ સાથે જરાએ આંચ ન આવે તેમ મોકલજો.'

'આ અધિકારીઓને પાછા નોકરીએ રાખશું?'

'બધાને તો કેમ રાખી શકાય. છતાં તેમના અનુભવનો લાભ આપણને ઉપયોગી થઈ પડશે. માટે પ્રજાતંત્રને વફાદાર રહેવના સોગનલે તેમને લઈ શકાય,' સ્વામીજી બોલ્યા.

'છતાં યે મુખ્ય અધિકારીઓ તો આપણા જ. તેમના મદદનીશ તરીકે તેમને શરુઆતમાં રાખીએ તો મને ઠીક લાગે છે.'

'ભલે, એ તો જેમ તને અનુકૂળ લાગે તેમ. મને લાગે છે કે પ્રમાણમાં આ રાજ્ય પલટો સહેલાઈથી અને શાંતિથી લોહી રેડાયા

વગર થયો, એ એક સારું ચિહ્ન છે. મારો ભય અને શંકા ખોટા ઠર્યા. તરુણ અને છબીલ ક્યારે હિંસામાં પલટી ન જાત તેની મને ખાત્રી ન હોતી. પણ એ બન્ને જુવાનો સામા પક્ષની હિંસાના ભોગ થઈ પડયા.'

'લછમનસિંહે લશ્કર ઉપર કાબૂ જબ્બર મેળવ્યો હતો, એટલે એ બાબતની આપણે ખૂબ નિરાંત થઈ,' રમણે જવાબ આપ્યો.

'બીજી બાજુ કરવેરાના ને બીજા ત્રાસથી લોકો આ રાજ્યતંત્રથી ગળે સુધી આવી ગયા હતા. તેમાં છેલ્લા ગોળીબારે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું. લોકોની મૂંગી સહાનુભૂતિ પણ ખૂબ ઉપયોગી વસ્તુ છે.'

લોકમત એ એક જબ્બર શસ્ત્ર છે. લોકમતના પાયા ઉપર જ કોઈ પણ શાસન લાંબો વખત ટકી શકે. સત્તા હાથમાં આવ્યા પછી ઘણા શાસનો લોકમત પ્રત્યે અવગણના કરતા થઈ જાય છે, પરિણામે પાયા તૂટી ગયેલ મકાનના જેવી સ્થિતિમાં તેમને પણ આવવું પડે છે.

'હં રમણ, કાલે સૂબાને તેને દેશ વિદાય આપતી વખતે તેની સહી સલામતીનો પૂરો બંદોબસ્ત કરજે. છબીલ ને તરુણના મૃત્યુથી લોકો ખૂબ ઉશ્કેરાયા છે, રખેને તેનું વેર વાળે.'

લોકોનાં ઉશ્કેરાયેલાં ટોળાં વિફરે ત્યારે હાથથી જાય છે એ સ્વામીજી જાણતા હતા. એનો દ્વેષ તો ભયાનક છે જ પણ એનો પ્રેમ જીરવવો પણ ભારે થઈ પડે છે. દ્વેષ અને વેરથી જગતમાં અનેક મૃત્યુ થાય છે, પણ આંધળા પ્રેમથી કેટલા મૃત્યુ થાય છે તેની નોંધ જો રાખવામાં આવે તો દ્વેષથી નીપજતાં મૃત્યુ જેટલી જ તેની સંખ્યા થાય. જ્ઞાનની લગામ જેના ઉપર નથી એવા પ્રેમથી કેટલા બાળકોનું

તેમની માતાઓએ સત્યાનાશ કાઢયું છે એ કેળવણીકારોને પૂછો. કેવળ પ્રેમથી કેટલા દર્દીઓ અકાળે સ્વધામ પહોંચી ગયા છે એની માહિતી માટે ડૉક્ટરોને પૂછો.

'હાજી તેમને વહેલી સવારમાં જ વિદાય કરવા પડશે. પણ રાત ઘણી ગઈ છે. આપ પણ આરામ લ્યો.'

પ્રકરણ ઓગણીસમું

વિદાય

દેવનગરથી દસ ગાઉ દૂર આવેલ માણુસા બંદરે આજ સવારથી હલચલ મચી રહી હતી. નવા ધ્વજવાળા સ્વયંસેવકો અહીંથી તહીં ફરી રહ્યા હતા. કોઈની માર્ગ પ્રતીક્ષા કરતા હોય તેમ જણાતું હતું. રસ્તા ઉપર લાંબી નજર દોડાવી, તો દૂરથી મોટરો આવતી જણાઈ. સ્વયંસેવકોના નાયકે તેમને હારબંધ ગોઠવી દીધા. જાણે કોઈને સલામી આપવી હોય તેવી રીતે તેમની લાકીઓ મિલાવી. એક પછી એક દસ મોટરો આવી પહોંચી. રમણ, જ્યોતિ, મધુરી તથા સ્વામીજી એક મોટરમાંથી નીચે ઊતર્યા. બીજી મોટરોમાંથી સૂબો તેનું કુટુંબ અને તેના કેટલાક અમલદારો ઊતર્યા. તેમનું આજે સ્વદેશ પ્રતિ પ્રયાણ થવાનું હતું. કાંઠે જ સ્ટીમર તૈયાર હતી. સૈનિકોએ સૂબાને અને તેના કુટુંબને માનભરી સલામી આપી.

'માફ કરજો સૂબા સાહેબ, વહેલી સવારના તમને ઊઠાડીને મજલ કરાવી છે તે માટે બીજો ઉપાય નહોતો. તરુણના મોત પછી લોકો એટલા બધા ઉશ્કેરાઈ ગયા છે કે દેવનગરમાં આપની તથા આપના કુટુંબની સહીસલામતી નહોતી. આપની જાતિનો જો કોઈ માણસ બજારમાં નીકળે તો આજે બચવો મુશ્કેલ છે. તેથી જ આજે તમને છૂપી વિદાય દેવી પડે છે.' રમણે કહ્યું. 'કંઈ હરકત નહિ, મિ.

રમણુકાંત, તમારો વિજય પૂરેપૂરો થયો છે. હું હવે જતાં જતાં તમને મુબારકબાદી આપું છું'.

કાલે જ રમણ હાથ આવ્યો હત તો સૂબો તેને ગોળીએ દેત. પણ રમત ખલાસ થયા પછી ખેલાડીની માફક હાથ મિલાવવાની ખાનદાની સૂબામાં હતી.

'વિજય મારો નથી થયો. આ સ્વામીજીનો થયો છે. તેમના આદર્શો જ આજે મૂર્તિમંત થયા છે,' રમણે સ્વામીજી તરફ હાથ જોડયા. બ્રાહ્મણો પ્રજાના આદર્શો ઘડે છે, ક્ષત્રિયો તેને વ્યવહારમાં ઉતારવાનો તનતોડ પ્રયત્ન કરે છે. છતાં પોતે જાણે છે કે પોતે તો સંદેશના વાહક માત્ર છે. એટલે જ જગતનો વિજય કર્યા છતાં છેવટે તો પોતાનો અર્ધ્ય ગુરુચરણે ધરવામાં જ તેની કૃતકૃત્યતા સમાઈ જાય છે. શિવાજીની રામદાસ સ્વામી પ્રત્યેની ભક્તિ કે ગેરીબાલ્ડીની મેત્રીની પ્રત્યેની નિષ્ઠાનું આજ રહસ્ય છે. સ્વામીજી માત્ર હસ્યા.

'તમે તમારે દેશ જાવ છો. તમારા દેશ બાંધવોને અહીંની પરિસ્થિતિ સમજાવજો. કહે જો કે દેવનગરને વધુ વખત કોઈ કચડી શકશે નહિ. તેમ જ દેવનગર બીજાને કચડવા માગતું નથી. જગતની પ્રજાઓમાં ભાઈચારો, શાંતિ અને સુલેહ વધે એ રીતે જ અમે જીવવા માગીએ છીએ.' સ્વામીજીએ સંદેશ આપ્યો.

'તમારા આ શાંત અને અહિંસક રાજ્ય પરિવર્તનની મારા ઉપર ઊંડી છાપ પડી છે. હું જાણું છું કે તમે ધાર્યું હોત તો અમને બધાને કબરવાસી કરી શકયા હોત. અલબત્ત તમારા આ પગલાંથી મારા દેશના સ્વાર્થને ઘણું નુકશાન પહોંચ્યું છે. મારા દેશ ઉપર આની શી અસર પડશે તે હું અત્યારથી કહી શકું નહિ, પણ હું પોતે અંગત તમને ખાત્રી આપું છું કે તમારૂં દષ્ટિબિંદુ હું તેમની પાસે બરાબર રજૂ કરીશ.'

'તમારા દેશ ઉપર શું અસર પડે છે, તેની અમને હવે બહુ પડી નથી. અમે માનભેર જીવવા માગીએ છીએ, અને જે કોઈ એની આડે આવશે તેની સામે મરતાં સુધી ઝૂઝશું. જો હવે ફરી ચડાઈ લાવવાની મૂર્ખાઈ તમારા દેશને સૂઝે તો સમજજો કે વિનાશને જાણી જોઈને નોતરશો. દેવનગરમાં એક બાળક કે એક સ્ત્રી હૈયાત હશે ત્યાં સુધી એ વાત બનવી અસંભવિત છે.'

રમણે સરદારની ઢબે કહ્યું.

'તમારા દેશબાંધવોને અમારી ભૂમિનો મોહ હોય તો ખુશીથી આવે. પ્રજાના સેવકો તરીકે તેઓ રહી શકશે. મહેમાનો તરીકે અમે તમને માનભર્યું સ્થાન આપશું. પ્રજા તરીકે તમારી પાસેથી અમારે ઘણું શીખવાનું છે એ હું જાણું છું. એટલા માટે બે પ્રજાનો અરસપરસ ભાઈચારો રહે, સુંદર સહકાર રહે એ માટે હું તલસું છું. પણ એ મિત્રદાવે, સમાનતાને દાવે. માલિકીના હકકથી એક તસુભર જમીન પણ તમારે માટે નથી.'

સ્વામીજીની પ્રૌઢતા સાગર જેવી ગંભીર હતી. સૂબાને શું બોલવું તે સૂઝયું નહિ. સ્ટીમર ઉપર સૂબો અને તેનું કુટુંબ ચડયું. જ્યોતિ અને મધુરી સૂબાની પત્ની તથા પુત્રીઓ સાથે હસી હસીને વાતો કરી રહ્યાં હતાં. સૂબાના બે નાના બાળકોને સ્વામીજીએ તેડયાં હતાં.

'આવજો બહેન. અમારા મહેમાન તરીકે આવતે વર્ષે તમારા આ દીકરી તથા જમાઈને પણ તેડતા આવજો.' મધુરીએ સૂબાની પત્નીને આમંત્રણ આપ્યું.

'એ પહેલાં તો તમારે એકવાર અમારે ત્યાં આવી જવું પડશે. કેમ આવશો ને? તમારા જેવડી છોકરીઓ તો અમારા દેશમાં હજી ભણતી, કુદતી હોય છે.' સૂબાની પત્નીએ સામું આમંત્રણ આપ્યું.

'હા, સ્વામીજી ને રમણભાઈ કેટલાક યુવાનો અને યુવતીઓને પરદેશ ભણવા મોકલવાની વાત તો કરતા હતા. તક મળે તો આવશું અને તમારા જ મહેમાન થશું. બસને !' જ્યોતિના દિલમાં દેશ પરદેશ જોવાની, નવા અનુભવો મેળવવાની કેટલીયે ભૂખ હતી.

'તમારા દેશની સ્ત્રીઓને અમારા પ્રશ્નોમાં રસ લેતી કરજો. આપણે કયાં ઝઘડા કરવા છે ? આપણે તો ઉલટું ઐક્ય અને પ્રેમ-દ્વારા ઝઘડા મિટાવી શાંતિ સ્થાપવી છે.' 'દીનબેરૂ'ના સહતંત્રી તરીકે મધુરીનું મન હવે આંતરરાષ્ટ્રીય ભૂમિકામાં રમતું હતું.

બાળકો અને સ્ત્રીઓ દ્વારા જગતનું ઐક્ય, આંતરરાષ્ટ્રીય બંધુત્વ કેટલી ઝડપથી સ્થપાય તેના વિચારોમાં સ્વામીજીનું મન રમતું હતું.

સ્ટીમરનું ભૂંગળું થયું. હળવે હળવે સ્ટીમર ઉપડી. આવજો, કાગળ લખજો, વગેરે સંદેશા વચ્ચે સ્ટીમર ઉપડી. રૂમાલો અરસપરસ ફરકી રહ્યાં. જાણે સ્વજનોને જ વિદાય અપાતી હોય તેવો દેખાવ હતો. હારેલી રાજ્યસત્તાના પ્રતિનિધિઓને આવી વિદાય ભાગ્યે જ કોઈએ આપી હશે. પણ વિશ્વનાબંધુ એવા સ્વામીજીના પ્રેમમય મનોરાજ્યમાં બધું શકય હતું. વિજય કે પરાજયની કોઈને યાદી નહોતી. ફીલ્સુફને મન કોણ કોનો દુશ્મન !

રમણ, સ્વામીજી, અને સૌ મૂંગે મોઢે પાછા વળ્યા.

રેણુને કાંઠે આખું દેવનગર એકઠું થયું હતું. ગામડાંનાં ખેડૂતો પણ મોટી સંખ્યામાં જણાતા હતા. ઠેર ઠેર શોક સૂચક કાળા વાવટાઓ દેખાતા હતા. દેશભક્ત તરુણના શબની અંતિમક્રિયા વખતે લોકો છેલ્લું માન આપવા આવ્યા હતા. શહેરી જનતાને તરુણનો પરિચય છેલ્લાં થોડા વખત થયાં જ થયો હતો. પણ આજુબાજુના ગામડાઓમાં તો જાણે પોતાનો પ્રિયજન ગયો હોય એવી વેદના ગ્રામ્યવાસીઓ અનુભવતાં હતાં.

સુખડની ચિતા ઉપર તેના શબને ગોઠવ્યું હતું. અને એક પછી એક ગામડાના પ્રતિનિધિઓ તેના શબને ફૂલના હાર પહેરાવીને ચાલી જતા હતા.

જેના મોઢા ઉપર એક જાતની ભવ્ય નિખાલસતા પથરાઈ હતી. એવો તરુણ ત્યાં મહાનિદ્રામાં પડયો હતો. મહાપુરુષાર્થના ઘોડા દોડાવતા તે કોના ઉપર? તેનાં પાયારૂપ શરીર કેટલું તકલાદી! કાચથીએ વધુ ક્ષણભંગૂર એવા આ શરીર ઉપર મહા આદર્શો અને મહત્વાકાંક્ષાની ગગનચુંબી ઇમારત બાંધતાં શરીરને ભાગ્યે જ કોઈ યાદ કરે છે.

તરુણના શબ પાસે જ છબીલની પ્રતિમા રાખી હતી. કારીગર સંઘે પોતાના પુષ્પો બન્ને ઉપર ચડાવ્યા. પછી નારી સંઘવતી સાત બહેન ફૂલહાર, અબીલ ગુલાલ લઈને આવી મોખરે જ્યોતિ અને મધુરી હતાં. બન્નેની આંખમાં આંસુ હતાં. બન્નેએ વીરને ફૂલમાળ પહેરાવી. તેમનું હૈયું હાથ રહ્યું નહિ. જ્યોતિએ ડૂસકાં ભરવા માંડયા. હાજર રહેલી માનવ મેદનીમાં કરુણા ને ગમગીનીનો સાગર ઉછળી રહ્યો.

છેવટે સ્વામીજી ને રમણ આવ્યા.

'સ્વામીજી, મારા અંતરનો પોણો રસ ઓસરી ગયો છે.'

મહાભારતના યુદ્ધ પછી વિજયને અંતે ભાઈઓના થયેલા મહાસંહારને લીધે યુધિષ્ઠિરના અંતરમાં જે વિષાદની છાયા પથરાઈ હતી તેવો વિષાદ આજે રમણના દિલમાં અને મુખમાં દેખાતો હતો.

'ગાંડા, આવા મૃત્યુ તો નિત્યની વસ્તુ છે. તેની વેદના અંતરમાં સમાવીને કર્તવ્ય કર્મ કરવું ઘટે. યુધિષ્ઠિરને યક્ષે પૂછયું કે જગતમાં સૌથી મોટું આશ્ચર્ય કયું? યુધિષ્ઠિરનો જવાબ તને યાદ છે ને?

अहन्यहनि भूतानि गच्छन्ति यममंदिरम् ।
शेषाः स्थिरत्वमिच्छन्ति किमाश्चर्य मतः परम् ॥

રોજે રોજે અનેક પ્રાણીઓ કાળના મુખમાં જતા જાય છે, છતાં બાકીના ઇચ્છે છે કે અમે તો કાયમ રહેશું. એનાથી બીજું મોટું આશ્ચર્ય શું?

તરુણ અને છબીલને ફૂલના હાર ચડાવ્યા. હૈયું રડતું હતું. આંખોમાં આંસુ આવતા મહામુશીબતે રોકયા. લોકો હમણાં સ્વામીજી કે તરુણ કાંઈ બોલશે એમ માની તે તરફ આતુર દ્રષ્ટિએ જોઈ રહ્યા હતા.

'ભાઈઓ,' રમણે બોલવું શરૂ કર્યું.

'વહાલામાં વહાલા સાથીઓને સ્મશાનમાં સૂવારીને પણ રાજ્યકાર્ય તો કર્યા વગર છૂટકો થતો નથી. આ બધા કાર્યનો યશ જેને મળવો ઘટે તે ભાઈઓ તરુણ અને છબીલ તો આપણને છોડીને કયારનાયે તેમનું સ્થાન સ્વર્ગમાં મેળવવા ચાલ્યા ગયા છે. દુનિયામાં એવા મહાનુભાવો પડયા છે કે જેઓ પોતાની બધી મહત્વાકાંક્ષાની રાખ કરી નાખે છે. જેની ભસ્મમાંથી, જેના કબર સ્થાનમાંથી બીજાઓ માટે આશાના પુષ્પો ઉગે છે. પોતે મરીને રાષ્ટ્રને જીવાડે છે. તરુણ અને છબીલ આપણા રાષ્ટ્રીય ઉત્થાનના મહાસ્તંભો તરીકે સદાય જીવશે. તેમનો દેહ તો ગયો છે. તેમની ભાવના અને યાદી જ્યાં સુધી રાષ્ટ્ર જીવશે ત્યાં સુધી જીવતી રહેશે. અહીં એ વિષેના સમાધિમંદિરો ચણાશે કે જેમાંથી ભાવિ પ્રજાને બલિદાન અને સ્વાર્પણની પ્રેરણાઓ મળશે. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપો.'

આખા વાતાવરણમાં તેમ જ જનસમુદાયમાં અજબ શાંતિ પથરાઈ. મહાભય અગર શોક વ્યાપે ત્યારે જ આવી શાંતિ મેદની સાચવી શકે.

અગ્નિ સંસ્કાર કરી લોકો મોડી રાતે વિખેરાયા.

પ્રકરણ વીસમું

પ્રજાતંત્રની ઘોષણા.

દેવનગરના રાજ્યમહેલના વિશાળ ચોકમાં લોકોની મેદની માતી નહોતી. આજે નવા રાજ્યતંત્રની જાહેરાત થવાની હતી. તે સાંભળવાને સારું દેવનગર એકઠું થયું હતું. સ્વયંસેવકોની સુંદર વ્યવસ્થાને લીધે બધા માણસો અને સ્ત્રીઓ શાંતિ અને સગવડથી બેસી શકયા હતા. અને શું જાહેરાત થાય છે તે સાંભળવા એકી ટસે આતુર થઈ રહ્યા હતા.

આગલી સાંજ આખી રાત રમણ અને સ્વામીજીની ભારે ધમાલમાં ગઈ હતી. રાજ્યમહેલ આગળ મોટરો અને ગાડીઓનાં અવર જવરો ઠેઠ મોડી રાત સુધી ચાલુ હતા. દેવનગરનો રાજ્યવહીવટ કઈ પદ્ધતિએ ચલાવવો એ ભારે વિકટ વસ્તુ હતી. શહેરના આગેવાન ખેડૂત પટેલો, મજૂરોના પ્રતિનિધિઓ, સ્ત્રીઓના પ્રતિનિધિઓ સહુને રમણે સલાહ અને નિર્ણય માટે બોલાવ્યા હતા. જમીનદારો અને જાગીરદારોના પ્રતિનિધિઓ પણ આવ્યા હતા. સૌ પોતાના હક્કો બરાબર જળવાય એની તકેદારીમાં હતાં. ચર્ચા સખત ચાલી. એક બીજા વર્ગના હિતનું જ્યાં ઘર્ષણ થતું ત્યાં ચર્ચામાં ઓર ગરમી આવતી.

'ભાઈઓ, આવા વિવાદોમાં આપણી રાતોની રાતો ચાલી જશે. આપણે તો આજે એકમતીનો નિર્ણય કરીને ઊઠવું છે,' આડી અવળી ચાલી જતી ચર્ચાને વાળવાનો રમણે પ્રયત્ન કર્યો.

'અને આપણા આ બેઠા બળવા તરફ જગતની બધી દબાયેલી પ્રજાઓ મીટ માંડીને બેઠી છે, આશા અને અનુકરણ માટે,' મધુરીએ સૂર પૂર્યો.

'એક બીજાના હિત કે સ્વાર્થની દલીલો માટે આ સમય નથી. પહેલાં તો આપણે કાલની જાહેરાતનું નક્કી કરી દઈએ,' વામને કહ્યું.

'મને લાગે છે એ ઘડવાનું કામ આપણે એક વ્યક્તિને એટલે સ્વામીજીને જ સોંપી દઈએ તો? આપણી રકઝકમાં આપણે સવાર પાડશું તો પણ અંત નહિ આવે,' શાણા નગરશેઠે સૂચના મૂકી.

'હા, આપણે કબૂલ છે. એ જ બરાબર છે,' ચારે બાજુથી અવાજો આવ્યા.

સ્વામીજીના નામ આગળ આખા દેવનગરનું માથું નમતું. કોઈ પણ પ્રશ્નથી એ અલગ હતા. તેમનાં અણિશુદ્ધ ચારિત્ર્ય, ઉદાત્ત ભાવના અને વિરલ ત્યાગથી દેવનગરમાં તેમનું સ્થાન અનેરું હતું. પુરુષો સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાંના તે વિશ્વાસુ મિત્ર હતા. યુવાનો તેમને પોતાના માનતા. છતાં ઉમ્મરના ભારને છાજે તેવું ગાંભીર્ય તેમનામાં હતું જ. સૌની સંમતિ અને આગ્રહથી સ્વામીજીએ એ કામ સ્વીકાર્યું. સૌની સાથે વાટાઘાટમાં સમજાવટમાં પ્રભાત વીત્યું ત્યારે એ નવું બંધારણ ઘડી રહ્યા. આજે એની જાહેરાતનો દિવસ હતો.

રાહ જોઈને લોકો કંટાળે તે પહેલાં જ સ્વામીજી, રમણ, વામન, જ્યોતિ અને મધુરીનુ મંડળ આવી પહોંચ્યું. વ્યવસ્થિત ગોઠવાયેલા સ્વયંસેવકોએ લશ્કરી અદાથી તેમને માન આપ્યું. બ્યુગલો ફુંકાયા, ધ્વજો

ફરકયા અને લોકોમાં કોલાહલ અને સળવળાટ થઈ રહ્યો. ઉત્સાહી જુવાનોએ જયઘોષ પોકાર્યો. લોકોને હાથ જોડીને સહુએ પોતપોતાનું સ્થાન લીધું.

'જ્યોતિ, તું જા, અને વાંચી સંભળાવ,' સ્વામીજીએ આજ્ઞા કરી.

જ્યોતિ વચમાં રાખેલ વ્યાસપીઠિકા ઉપર ચડી. તેનાં હાથમાં લાંબો દસ્તાવેજી કાગળ હતો. લોકોમાં ટાંકણી પડે તો સંભળાય એવી શાંતિ વ્યાપી.

'અમે દેવનગરની પ્રજાને નામે જગતની સૌ પ્રજાઓ આગળ અમારા આત્મનિર્ણય અને સ્વાતંત્ર્યનો અધિકાર જાહેર કરીએ છીએ, અને આજથી રાજ્યનો સંપૂર્ણ કારોબાર દેવનગરના પ્રજાતંત્રને નામે અમે હાથમાં લઈએ છીએ. અને એ તંત્રના મૂળ ભૂત સિદ્ધાંતો નીચે મુજબ જાહેર કરીએ છીએ.

(૧) આ પ્રજાતંત્રનો બધો કારભાર પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ મારફત જ થશે.

(૨) રાજ્ય કારોબાર માનવ સમાનતાના ધોરણ ઉપર ચાલશે.

(૩) આ તંત્રમાં કોઈ પણ વ્યક્તિને તેની જાતિ, કોમ, રંગ, ધર્મ કે આર્થિક સ્થિતિના ભેદના કારણે બીજાથી ચડિયાતી કે ઊતરતી ગણવામાં આવશે નહિ.

(૪) દરેક વ્યક્તિને પોતાની ધાર્મિક માન્યતાની સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે.

(૫) કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિઓ ઉપર સામાજિક હિતની વિરુદ્ધ ધાર્મિક, રાજકિય કે આર્થિક કાબૂ ધરાવી શકશે નહિ.

(૬) બધા ઉદ્યોગો, કારખાનાંઓ એ આખા સમાજની મિલકત ગણાશે.

(૭) આ પ્રજાતંત્રની દરેક વ્યક્તિને અન્ન, વસ્ત્ર, મકાન અને કેળવણી અને જીવન વિકાસની પૂરેપૂરી તક મળશે અને દરેક વ્યક્તિનો એટલો હક્ક છે એમ આ પ્રજાતંત્ર સ્વીકારે છે.

(૮) ગરીબવર્ગ, મજૂર અને ખેડૂતોને તેમના દેવામાંથી મૂક્ત થયેલા આજથી જાહેર કરવામાં આવે છે.

(૯) સ્ત્રી પુરુષોને અરસપરસ લગ્નના તેમ જ છૂટા છેડાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે છે.

(૧૦) કેફી પીણાંની સદંતર બંધી કરવામાં આવે છે.

(૧૧) દેહાંત દંડની શિક્ષા રદ કરવામાં આવે છે.

(૧૨) ચોરી, લૂંટ, વ્યભિચાર વગેરે ગુન્હાઓ આર્થિક અસમાનતા અને સામાજીક કુરુઢિઓના પરિણામ માત્ર છે, એટલે તેને હવેથી દંડવા યોગ્ય ગુન્હાઓ નહિ ગણવામાં આવે. વધુમાં વધુ તેને રૂઢ થયેલી ટેવો ગણીને સુધારવાનો પ્રયત્ન કરવામાં આવશે.

(૧૩) મંદિરો, હવેલીઓ અને દહેરાંઓમાં સંચિત થયેલી અઢળક દોલતનો ઉપયોગ સાર્વજનિક હિતાર્થે એટલે નહેરો, કેળવણી વગેરે સાધનોમાં થશે.

(૧૪) ઉપરના હકકોની બજાવણી માટે નવા પ્રજાતંત્ર પ્રત્યે વફાદારી રાખવાની તેમજ પ્રામાણિક પણે તેનો કાર્યક્રમ પાર પાડવાની દરેક શહેરીની ફરજ રહેશે.

રાષ્ટ્રના એકે એક ઘટકનો સંપૂર્ણ વિકાસ થાય એ લક્ષમાં રાખીને જ આ પ્રજાતંત્રની સ્થાપના થઈ છે. અને અમે માનવ બંધુત્વને નામે જગતની પ્રજાઓને આગ્રહ કરીએ છીએ કે તેમના રાજ્યતંત્રમાંથી દલિતો તેમ જ ગરીબો ઉપરનો ભાર ઉઠાવી લઈને જ જગતમાં શાંતિ અને કાયમી ઐકયનાં બીજ રોપાશે.'

જાહેરનામું પૂરું થયું. હર્ષોદ્ગાર અને તાલીઓના ગગડાટથી જબ્બર કોલાહલ થયો. જ્યોતિએ શાંતિ માટે હાથ ઊંચા કર્યા. રાજ્યવ્યવસ્થા માટે પહેલું પ્રધાન મંડળ નીચે પ્રમાણે રહેશે.

કેળવણી ખાતું : મધુરી. ગૃહમંત્રી, ધારાશાસ્ત્રી, વામનરાવ, પ્રમુખ રમણ, લશ્કર, પોલિસ ખાતું : મોહન, મજૂર ને ખેડૂત વિ. ના મંત્રી જ્યોતિર્બલા. સ્વામીજી : સલાહકારક.

'હવે સ્વામીજીને આ પ્રસંગે કંઈક બોલવાનો હું આગ્રહ કરું છું.'

જ્યોતિ વ્યાસપીઠ ઉપરથી નીચે ઊતરી. સ્વામીજીને લોકોએ હર્ષનાદથી વધાવી લીધા, જાણે જગત જીતી નેપોલિયન આવ્યો ન હોય ? સ્વામીજીના મોઢા ઉપર મૃદુ હાસ્ય ફરકતું હતું. કોઈ રાજદ્વારી નેતાની માફક તેમનું મોઢું સખતાઈથી બીડેલ નહોતું. વિજયના ગર્વ કે આનંદની તો છાયાએ શેની હોય ? વિજય અને પરાજયમાં જીવનમુક્ત સ્વામીજી એવા જ નિશ્ચલ સ્વરુપ. માનવી કૃત ભૌગોલિક ભેદ પ્રેમસાગરની છોળોને રોકી શકે ? હૃદયની પ્રેમવૃત્તિ કેવળ દેશ પૂરતી સંકુચિત નહોતી.

લોકો સાગરને અનંત કહે છે. પણ જીવન મૂક્તની પ્રેમભાવના જાણી નથી ત્યાં સુધી જ એનાં મૂલ જગતનાં મહારાજ્યો પણ મૂલવી શકતાં નથી. રાજકિય ધમાલ અને કાર્યમાં ત્યાગની, નિશ્ચલ સાધનાની જરુરતો રહે છે. પણ એટલું જ સાધતાં સ્વામીજીને રત્નની ખાણ લાધી હતી. હૃદયમાં પ્રેમ સિવાય બીજી વૃત્તિ જ ન ઊઠે એથી બીજી વધુ કંઈ પ્રાપ્તિ હોઈ શકે ? મળમાત્રનો ક્ષેપ થઈને હૃદય કેવળ કુંદન થઈ જાય એનાથી વધુ મોટી આકાંક્ષા શી હોઈ શકે ? જીવન, મૃત્યુ, સુખ, દુઃખ એ શબ્દોનો તેને માટે કંઈ અર્થ હોતો નથી.

કાળની ચોટી તેના હાથમાં હોય છે. આર્યાવર્ત્તની સંસ્કૃતિ આવા સન્યાસીઓ દ્વારા જ આજ સુધી જીવતી રહી છે.

'ભાઈઓ અને બહેનો,' સ્વામીજીના શબ્દો વાતાવરણમાં ગુંજવા લાગ્યા.

'આજથી આપણે ત્યાં નવા રાજ્યની, નવા દિનની સ્થાપના થાય છે. દુઃખને દેશવટો આપવા આપણે કમર કસી છે. પ્રસૂતિની વેદનામાંથી પુનર્જન્મના આનંદમાં આપણે પ્રવેશ કરીએ છીએ. આજનાં અંધારાં ઉલેચી આવતી કાલના સૂર્યોદયના દર્શન આપણે કરી રહ્યા છીએ. આખા જગતનું લક્ષ આપણા તરફ મંડાયું છે, માનવી માનવી વચ્ચે નડતાં બધાં અંતરપટોને તોડીને પ્રેમમૂલક રાજ્ય સ્થાપવાનો આપણો ઉદ્દેશ છે. નિશ્ચલ પ્રયત્ન અને સતત્ જાગ્રતિથી એ પાર પડશે. જ્યાં સુધી એક વ્યક્તિ દુઃખી છે ત્યાં સુધી જગત સુખી હોઈ શકે નહિ. બહુ જનતાના સુખ માટે આપણો પ્રયત્ન નથી, પણ સર્વોદય માટે આપણો પ્રયત્ન છે. આપણા આ કાર્યમાંથી વિશ્વબંધુત્વની પ્રેમ સરિતા વહે અને જગતને સુખમાં તરબોળ કરે એટલી જ મારી પ્રાર્થના છે.'

[સંપૂર્ણ]



બાબુલીન

બાળકોને નિરોગી અને
તંદુરસ્ત રાખે છે.

*

બાળકોને સુંદર અને
મજબૂત બનાવે છે.





બાયો કોર્ડીયલ

સ્ત્રીઓનાં ગર્ભાશયનાં તથા
દરેક જાતનાં ભયંકર દર્દો
નાબૂદ કરે છે.

*

સ્ત્રીઓની શક્તિ, સંતતિ
તથા સૌંદર્ય માટે
અનુપમ દવા છે.

બી. એ. એન્ડ બ્રધર્સ.

૭૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, ૨. :૦: ૨-૩, કલાઈવ રોડ, કલકત્તા.

Ye, youngmen, builders of to-morrow, march you ahead; trample us under your feet if we stand in your way; and lead the future generation to peace, liberty and love.

Romain Rolland

આનંદઝરણાં

વાણી અને કલમ બન્ને શકિત છે. સંયમની પાળમાં રોકવાથી એ શકિતનું અમોઘ શસ્ત્ર બનાવી શકાય છે. સ.માન્ય મોટર હાંકનારને પણ લાયસન્સની જરૂર પડે છે. તો પછી ભાષણ કરનાર કે લખનારને નિયમનની જરૂર કેમ ન હોય ?

☆ ☆ ☆

પ્રવૃત્તિનો જન્મ માનસની સાહસ ખેડવાની વૃત્તિમાંથી થાય છે. પુરૂષાર્થના વેગથી પ્રવૃત્તિ પાંગરે છે; પણ એ ફુલેલી પ્રવૃત્તિના ભારથી કે ઉપરના અનુભવથી માણુસ હળવે હળવે સ્થિતિચુસ્ત થતો જાય છે. કંઇક કરતાં કંઇક થઇ જશે, આભના તારા તૂટી પડશે એવા ભયથી નવજુવાનોને રોકતા મીઠા, સ્નેહાળ છતાં સાહસભીરૂ મુરબ્બીઓનો કોને અનુભવ નથી ! એજ મુરબ્બીઓ પોતાની નવજુવાનીને યાદ કરતાં હોય તો ? જેણે નવ-જુવાની માણી નથી એવા મુરબ્બીઓ જુવાનોના ચોકીદાર કે જેલરનું વણનોતર્યું અને અળખામણું પદ ભોગવે છે.

☆ ☆ ☆

પોતાની આજુબાજુ નાતજાત રીતરિવાજ કે દેશના ભેદભર્યા કુંડાળા બાંધી માનવ પોતાની મહત્વાકાંક્ષા પોતેજ ટુંકી કરે છે. વિરાટ માનવસમાજનો પોતે એક ઘટક મટી તાત્કાલિક સ્વાર્થ અને ટુંકી બુદ્ધિને વશ થઇને કોઇ એક પક્ષ કે વ્યકિતનો અનુયાયી બને છે. અને સાર્વભૌમ એકતા ગુમાવે છે.

☆ ☆ ☆

જીવન એ હીરામાણેકથી મઢેલ નાળીએર સમું છે. ઉપરના છીલકાં કવચ ભેદીને અંદરના અમૃતરસનું પાન વીરલ વ્યકિતઓજ કરે છે. સામાન્ય સમાજ તો ઇન્દ્રિય-ભોગ અગર બહુ તો બુધ્ધિ વૈભવનાઃ બાહ્ય કવચમાંજ રોકાઇ રહે છે.

☆ ☆ ☆

લાકડી કરતાં શબ્દમાં વધુ જોર છે, શબ્દ કરતાં આંખોમાં વધુ જોર હોય છે. આંખો કરતાં હૈયામાં વધુ શકિત છે; પણ સમાજને તેની પૂરતી પ્રતિતી નથી થઇ.